# નયા માર્ગ

Rs. 8

વંચીતલક્ષી વીકાસપ્રવૃત્તી, વૈજ્ઞાનીક અભીગમ અને શોષણવીહીન સમાજરચના માટે પ્રતીબદ્ધ પાક્ષીક ● ઉંઝા પરીષદે ઠરાવ્યા મુજબ જોડણી કરી છે.

**તંત્રી :**
**ઈન્દુકુમાર જાની**

વર્ષ : 40 અંક : 7


**અન્ય પૃષ્ઠો પર...**


02 **સાંપ્રત**
ઈન્દુકુમાર જાની

03 **ડૉ. ચીનુ મોદી 'ઈર્શાદ'ને**
મુસાફીર પાલનપુરી

05 **ભારત કોંગ્રેસ-મુક્ત થશે...**
યશવન્ત મહેતા

07 **સરહદોની આરપાર**
ગોપાલકૃષ્ણ ગાંધી
⁕ અનુ : મોહન દાંડીકર

09 **કંઈક વીશેષ**
ડંકેશ ઓઝા

11 **નરેન્દ્ર મોદીનાં લેખાંજોખાં**
પ્રવીણ ગઢવી

14 **કાચાકામના કેદીઓ...**
પ્રો. અશ્વીનકુમાર ન. કારીઆ

15 **14 એપ્રીલ : ડૉ. બાબાસાહેબ**
સુભાષ પાળેકર
/ બી. કેસરશીવમ્

19 **નવું વાચન**

22 **ન્યુક્લીઅર શસ્ત્રો પર...**

24 **ગાંધીવાદ અને મોદીવાદ...**
ફાધર વર્ગીસ પૉલ

25 **પત્ર-સાર**

27 **ભલે નથી સાજી કરોડ...**
ગાર્ગી વૈદ્ય

29 **બધાં ક્ષેત્રોમાં સ્ત્રીનો...**
ઈશ્વર પેટલીકર

32 **કાવ્યોમાં સાંપ્રત**


## મુળભુત રીતે માનસીકતા જ સડેલી છે...

ઉના ખાતે તાજેતરમાં દલીતભાઈઓ પર કહેવાતા ગૌરક્ષકોએ જે અત્યાચાર ગુજાર્યો એને માત્ર વખોડવાથી કંઈ નથી વળવાનું. કારણ કે આવું પહેલાં પણ થયું છે, અત્યારે પણ દેશના કેટલાય ખુણે થઈ રહ્યું છે. એટલે હવે તો આ પાર કે પેલે પાર જેવી જલદ લડત જ આપવી રહી. અત્યાચાર કરનારાઓને ચામડી તતડી જાય એવી કોઈ સજા થાય, એક કાયમી ધાસ્તી પેસે, હાથ કે જીભ ચલાવનારાના મન પર એવી નમુના દાખલ સજા જો નહીં થાય તો આવું ફરી થશે... જ્યાં મુળભુત રીતે માનસીકતા જ સડેલી છે ત્યાં 'ભાઈ-બાપા' કરવાથી કશું વળવાનું નથી. જો દરેક ગામડે કે શહેરોમાં મરેલા પ્રાણીઓ ઉઠાવવાનું આ ભાઈઓ સદંતર બંધ કરી દે તો આ તમામ રક્ષકોને સમજાય કદાચ કે આ ભાઈઓ કરે છે તેનાથી મોટી કોઈ સેવા હોઈ જ ના શકે. મારું તો સમગ્ર બાળપણ આંખ સામે રોજ મરેલાં ઢોર ચીરતા મનુષ્યો સાથે જ વીત્યું છે. સંપુર્ણ શાકાહારી છું છતાંય હું કલાકો એમની આ પ્રક્રીયામાં સાક્ષીભાવે ઉભી રહી છું. ચર્મકુંડની વાસ વેઠવી, ગામ - શહેરને દુર્ગંધરહીત રાખવા, મરેલ ઢોર ખેંચી જતી વખતે પણ ગાળો ખાવી... આ બધું કેટલાં વર્ષ જોયા કરેલું. મનમાં અરેરાટી ઉઠતી... આમના કારણે ગામ તાજી હવા શ્વાસમાં લે ને તે છતાં એમનો મંદીર પ્રવેશ નો'તો... એમનો કુવો નોખો જ હતો. ને આજે એ વાતને 30 વર્ષ થઈ ગયા પણ કશોય ફેરફાર થયો છે આપણી માનસીકતામાં ? મને ઘણીવાર થાય કે ક્યાં જન્મ લેવો એ આપણા હાથની વાત નથી છતાં દલીતોને ભાગે 'આઘો ખસ', 'અડતો નહીં' કેમ ? મુસ્લીમને કોઈ બાજુમાં ઘર કેમ ના આપે ? માત્ર માંસાહાર કારણ છે ? તો ના... દક્ષીણ ગુજરાતમાં રહેતી થઈ પછી ખબર પડી કે અહીં હીંદુઓમાં 60 ટકાથી વધારે લોકો માંસાહારી છે. એટલે પ્રશ્ન માંસાહાર તો નથી જ નથી... ક્યાંક 'અમે ઉંચા', સવર્ણ એ માનસીકતામાંથી જ આ નફરત જન્મતી હશે ને ? ગૌશાળામાં વ્યવસ્થાના અભાવે હજારો ગાયો મરી જાય તો આ ગૌરક્ષકોનું રુંવાડુંયે નથી ફરકતું... એમનું બધું જોર માત્ર દલીત અને મુસ્લીમ પર જ નીકળે છે... મનુષ્ય એમના માટે ગાયથી ઉતરતો છે એવું જ માનવાનું ને ?

**– શરીફા વીજળીવાળા**

[ઉનાકાંડ : સંપાદન - નીલેશ કાથડ, પુસ્તકની વીગત માટે જુઓ 'નવું વાચન.']

❑

## સાંપ્રત

■ ઈન્દુકુમાર જાની

### ઉત્તર પ્રદેશમાં 'યોગહઠ' અને 'રાજહઠ'નું મીશ્રણ...

માનવીની સંગત કેવાં લોકોની છે તેના આધારે તે ઓળખાય છે, એવી એક અંગ્રેજી કહેવત છે. વડાપ્રધાને શરુઆતમાં માનવ સંસાધન મંત્રી તરીકે સ્મૃતી ઈરાનીને પદભાર સોંપેલો, પછી સદ્‌બુદ્ધી આવી હશે એટલે તે ખાતું અન્ય મંત્રીને સોંપ્યું. ભાજપામાં આજે નરેન્દ્ર મોદી સર્વેસર્વા છે. અરુણ શૌરી જેવા અપવાદને બાદ કરીએ તો એમની સામે કોઈ અવાજ ઉઠાવી શકે એમ નથી. યોગી આદીત્યનાથની વરણી ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી તરીકે થઈ તેની સામે ફલી નરીમાનથી લઈને વીદેશી પ્રતીષ્ઠીત અખબારોએ ટીકા કરી છે. હવે યોગીમાં તેમનાં ભક્તજનો ભાવી વડાપ્રધાન નીહાળી રહ્યા છે. પુર્વ ઉત્તર પ્રદેશમાં તેમનાં વર્ચસ્વને કારણે 5 વખતથી સાંસદ તરીકે સતત ચુંટાતા રહે છે. કટ્ટર હીન્દુવાદી, લવજેહાદ શરુ કરનાર તેમજ, ખુનનો પ્રયાસ સહીત ક્રીમીનલ કેસો તેમની સામે છે. 2010માં ભાજપાનો 'વ્હીપ' હોવા છતાં મહીલાઓ માટે 33 ટકા આરક્ષણનો સંસદમાં વીરોધ કરેલો તેમ છતાં પક્ષે તેમની સામે પગલાં ભરવાની હીંમત નહોતી દાખવી. યોગીનું પ્રામાણીકપણે એવું માનવું છે કે સ્ત્રીનું પ્રાથમીક કર્તવ્ય પત્ની અને માતા તરીકેનું છે અને સ્ત્રીની ઉર્જાશક્તીને કાબુમાં ન રાખો તો વીસ્ફોટ સર્જી શકે ! હવે તેઓ ભારતના સૌથી મોટા રાજ્યના મુખ્યમંત્રી થયા છે; 'યોગહઠ' અને 'રાજહઠ'નું મીશ્રણ થયું છે એટલે એનું શું પરીણામ આવશે તે કહી શકાય નહીં.

આજકાલ વડાપ્રધાન ખુદ ગાંધીજીને યાદ કરતા થયા છે એટલે આપણે પર યાદ કરી લઈએ. દેશ આઝાદ થયો ત્યારે એક એકથી ચઢીયાતાં મહાનુભાવો ગાંધીજીનો પડ્યો બોલ ઝીલવા આતુર હતા. તેમણે અન્ય કોઈને પસંદ ન કર્યા પરંતુ જવાહરલાલ નેહરુને રાજકીય વારસ તરીકે અને ડૉ. બાબાસાહેબ આંબેડકરને બંધારણ ઘડવાની ડ્રાફ્ટીંગ કમીટીના અધ્યક્ષ તરીકે પસંદ કર્યા. ગાંધીજી ખુદને હીન્દુ તરીકે ઓળખાવતાં હતા તેમ છતાં તેમણે સમાજવાદી નેહરુ પર પસંદગીનો કળશ ઢોળ્યો એ વીગત નોંધપાત્ર છે.

### સાથે તર્યા નહીં... તે સાથે જ ડુબ્યાં !

ભાજપાનો વીસ્તાર થઈ રહ્યો છે તેનાથી આપોઆપ 'ન્યુ ઈન્ડીયા'નું સર્જન થઈ જતું નથી. જે રીતે સંસદમાં માત્ર 31 ટકા મતો મળ્યા છતાં ભાજપાને સ્ટીમ રોલર બહુમતી સાથે સત્તા મળી તેમ ઉત્તર પ્રદેશમાં ભાજપાને માત્ર 39.7 ટકા મત મળ્યા છે પરંતુ ભાજપા-વીરોધી મતો વહેંચાઈ જતાં 403માંથી 312 બેઠકો મળી શકી. અહીં ચુંટણી જાહેર થઈ ત્યારે જ લખેલું કે વીરોધ પક્ષોનું મહાજોડાણ થશે તો બીહાર જેવું પરીણામ આવી શકશે. બહુજન સમાજ પક્ષને 22.2 ટકા, સમાજવાદી પક્ષને 21.8 ટકા અને બાપડી કોંગ્રેસને 6.2 ટકા (100 ઉપરાંત સીટ પર લડવાનો કોંગ્રેસે શા આધારે આગ્રહ રાખ્યો હશે ?) મત મળ્યા. જોકે 'ફર્સ્ટ પાસ્ટ ધ પોલ'ને કારણે વર્ષો સુધી 50 ટકા કરતાં ઓછાં મત મળવા છતાં કોંગ્રેસે સત્તા ભોગવી, ચુંટણીસુધારા કરવાનો સમય પાકી ગયો છે. 2014માં જ્યારે ઉત્તર પ્રદેશની 80માંથી 71 સીટ પર ભાજપે જીત મેળવી ત્યારે પણ 41 બેઠકો એવી હતી કે બાકીના ત્રણ પક્ષોને મળેલાં મતો ભાજપા કરતાં વધુ હતા. ત્યારે જ મહાજોડાણની અનીવાર્યતા સીદ્ધ થઈ ગયેલી. ત્રણેય પક્ષો સાથે તરી શકત તેને સ્થાને સાથે ડુબ્યાં ! છેલ્લાં અંક વખતે વીગતે પરીણામો મળ્યાં નહોતાં તેથી આ અંકમાં આટલું... આ પરીણામો અંગે યશવન્ત મહેતાની નુક્તેચીની છે કે ભારત તો કોંગ્રેસમુક્ત થતાં થશે; આજે તો ભાજપ કોંગ્રેસયુક્ત થઈ રહેલ છે. ઉત્તરાખંડમાં તો નવમાંથી પાંચ બળવાખોર (ખરેખર તો સત્તાલાલચુ) ધારાસભ્યોને પ્રધાનપદું મળ્યું ! મણીપુરમાં મુળ કોંગ્રેસીને મુખ્યમંત્રી બનાવવા પડ્યાં છે અને અન્ય જગ્યાઓએ પણ કોંગ્રેસી પક્ષપલટુઓને કારણે ભાજપને સત્તા પ્રાપ્ત થઈ છે.

### તપાસ પંચોનાં રીપોર્ટ જાહેર કેમ થતાં નથી ?

ગુજરાતમાં જુદા જુદા કૌભાંડો કે ઉગ્ર સમસ્યાઓ અંગે ઉહાપોહ થાય એટલે ન્યાયીક તપાસ પંચ નીમવાની જાહેરાત કરીને મામલો ઠંડો પાડી દેવાય છે. તેમાં છેલ્લું ઉદાહરણ નલીયા સેક્સ કાંડનું છે ! ભાજપાના 22 વર્ષના શાસનમાં પાંચ તપાસપંચના રીપોર્ટ છાજલી પર ચડાવી દેવાયાં છે : (1) સુજલામ્-સુફલામ્ યોજનાના ભ્રષ્ટાચાર અંગે ગઢવી કમીટીનો રીપોર્ટ. (2) લોકાયુક્તની નીમણુક અગાઉ ગુજરાતમાં થયેલા કૌભાંડો મુદ્દે જસ્ટીસ શાહ કમીશન. (3) થાનગઢમાં દલીતો પર પોલીસ ફાયરીંગમાં અગ્રસચીવ પ્રસાદનો રીપોર્ટ. (4) પાટણની પીટીસી

કોલેજમાં દલીતબાળા પર થયેલો સામુહીક બળાત્કાર. (5) લઘુમતીઓને લીધે ધ્રુવીકરણ, સ્થળાંતરનો જસ્ટીસ શેઠનાનો રીપોર્ટ... આ ઉપરાંત આસારામ આશ્રમમાં બે બાળકોના અપમૃત્યુ અંગે જસ્ટીસ દીપક ત્રીવેદીનો રીપોર્ટ અને નાણાવટી કમીશનને તો કેમ ભુલાય ? આ રીપોર્ટોની જાહેરાત કરાતી નથી, ધારાસભામાં ચર્ચા થતી નથી અને એકાદ મંત્રી ઢોલ પીટવા લાગે છે કે 'અમને ક્લીન ચીટ' મળી ગઈ છે ! જો ખરેખર એવું હોય અને દાવો પણ કરાતો હોય કે, 'હું ખાતો નથી અને ખાવા દેતો નથી' તો પછી આ બધું સંતાડવામાં કેમ આવે છે ?

**અયોધ્યાવીવાદ : અદાલત બહાર ઉકેલાશે ?**

રામમંદીર બાંધવાનો મુદ્દો ધાર્મીક કરતાં રાજકીય સ્વરુપનો વધારે બની ગયો છે. હવે સુપ્રીમ કોર્ટે આ મુદ્દો સંવેદનશીલ હોવાથી આપસી સમાધાનથી ઉકેલ લાવવા જણાવ્યું છે. 2010માં અલ્હાબાદ હાઈકોર્ટની લખનૌ બેન્ચે જણાવ્યું હતું કે, આ વીવાદીત સ્થળે રામ જન્મભુમી છે. આ કેસ 65 વર્ષથી એક યા બીજી કોર્ટમાં પેન્ડીંગ રહ્યો છે. હવે ચીફ જસ્ટીસ જે. એસ. ખેહરે આ મુદ્દે પોતાની મધ્યસ્થીની ઓફર પણ કરી છે. લખનૌ બેન્ચે તો અયોધ્યાની વાદગ્રસ્ત 2.77 એકર જમીનના ત્રણ ટુકડા કરવાનો ચુકાદો આપ્યો હતો. હવે યોગીએ મંદીર બાંધવા વધુ જમીન ફાળવી છે. મામલો પેચીદો બનતો જાય છે. ચીફ જસ્ટીસની મધ્યસ્થી સ્વીકારીને તમામ પક્ષકારોએ આ પ્રશ્નનો નીવેડો લાવવો જોઈએ, જેથી નીર્દોષોનું લોહી રેડાતું અટકે.

**ગર્વીલા ગઝલકાર અને પીઢ સાહીત્યકાર**

## ડૉ. ચીનુ મોદી 'ઈર્શાદ'ને



**મોત સાથે રમાતું હશે ? મારા વ્હાલા;**
**આમ પાગલ થવાતું હશે ? મારા વ્હાલા !**

**હરપળે દર્દનો ફાલ ઉતર્યા કરે;**
**બીજ એવું વવાતું હશે ? મારા વ્હાલા ?**

**સૌની આંખેથી ઝરતું નથી કંઈ અમી;**
**સૌની આંખે વસાતું હશે ? મારા વ્હાલા !**

**છેવટે તો ગ્રહણ લાગવાનું હતું;**
**સુર્ય સમ ઝળહળાતું હશે ? મારા વ્હાલા !**

**ખુદ તબીબોને લાચાર થાવું પડે;**
**દર્દ એવું પળાતું હશે ? મારા વ્હાલા !**

**સુની સુની થઈ સાવ શંકરગલી;***
**આમ તે કંઈ જવાતું હશે ? મારા વ્હાલા !**

**શીશ પટકે સ્વયં શબ્દની સાહ્યબી;**
**મૌન એવું ભરાતું હશે ? મારા વ્હાલા !**

**એ ગયા ! સત્ય છે ! એ ખરેખર ગયા !**
**પણ 'નથી' એ લખાતું હશે ? મારા વ્હાલા !**

**સૌનાં આંસુ 'મુસાફીર' એ લુછી ગયા;**
**એની પાછળ રડાતું હશે ? મારા વ્હાલા !**

**– મુસાફીર પાલનપુરી**

[21/22, માર્ચ ઘરમાં : *શંકર ગલી, પાલડી, અમદાવાદમાં આવેલ કવીનું નીવાસસ્થાન.]

**ભારતમાં પછાત ગણાવાની હરીફાઈ !!**

ભારતના બંધારણમાં અનુસુચીત જાતી અને જનજાતી ઉપરાંત સામાજીક - શૈક્ષણીક પછાત વર્ગો માટે શીક્ષણ અને નોકરીમાં અનામત વ્યવસ્થાની જોગવાઈ કરવામાં આવી છે. આ વર્ગો માટે, જેને ઓબીસી કહેવાય છે તેમને માટે, પંચોની રાજ્યવાર જોગવાઈ થઈ છે. જાટ, ગુર્જર, મરાઠા કે પાટીદારો સહીત જુદા જુદા સમુદાયોને અનામતનાં લાભો મેળવવા છે. હવે મોદી સરકારે ઓબીસી પંચ રદ કર્યું છે અને એસસી-એસટી કમીશનની જેમ 'રાષ્ટ્રીય સામાજીક શૈક્ષણીક પછાત કમીશન' (NSEBC) રચાશે એવી જાહેરાત કરવામાં આવી છે. આ પંચને બંધારણીય દરજ્જો અપાશે. મુશ્કેલી એવી છે કે તમામ જાતીઓમાં પછાત ગણાવાની હોડ ચાલી છે. બળુકા લોકો રેલ્વે રોકે છે, રસ્તા રોકે છે અને આંદોલન હીંસક બની જાય છે. આ મુદ્દામાં આર્થીક પછાતપણું બંધારણની દૃષ્ટીએ અપ્રસ્તુત હોવા છતાં તે માપદંડ પણ અપનાવવાની માગણી થાય છે. રામ મંદીરની જેમ આ પણ પેચીદો પ્રશ્ન છે. એમાંથી જાતીવાદ વકરતો જાય છે. નવા પંચને બંધારણીય દરજ્જો અપાય તેની સાથોસાથ તમામ સમુદાયો માટે અનામત અને રોસ્ટર એક્ટ પણ અમલમાં આવવો જોઈએ... એક બાજુ શીક્ષણનું ખાનગીકરણ જ નહીં વેપારીકરણ થવાથી તે મોંઘું થતું જાય છે. બીજી બાજુ કહેવાતો વીકાસ 'જોબલેસ ગ્રોથ' જ છે. સહુને સરકારી નોકરી જોઈએ છે જે શક્ય નથી. તેમાં પણ ભ્રષ્ટાચાર અને જાતીવાદી

લાગવગો ઘુસી ગયા છે. આ ઉપરાંત યાંત્રીકરણને કારણ સરકારી નોકરી મેળવવી એ સ્વપ્નવત્ છે. માત્ર ગુજરાતની જ વાત કરીએ તો પાંચ વર્ષમાં 21.56 લાખ બેરોજગારો પૈકી 2031ને જ સરકારી નોકરી મળી શકી છે. ગીર સોમનાથ, બોટાદ, દ્વારકા, મહીસાગર, દાહોદ, પંચમહાલ, નવસારી અને છોટાઉદેપુર -આઠ જીલ્લામાં એકપણ વ્યક્તીને સરકારી નોકરી મળી શકી નથી. [વીધાનસભામાં ચર્ચા : ગુજરાત સમાચાર : 25-3-2017] આ લખાય છે ત્યારે પંચની રચના અંગે સંસદમાં હોબાળો મચ્યો છે.

### મનરેગા – અન્નસુરક્ષા મામલે પણ ઉદાસીનતા

અસંગઠીત વર્ગોની હાલત તો વધારે વીષમ થતી જાય છે. ગ્રામીણ સ્તરે રોજગારી માટે મનરેગાએ યુપીએ શાસન વખતે સારું કામ કરી બતાવ્યું હતું. વર્ષ 2012-13માં યુપીએ સરકારે ગુજરાતમાં 52,316 કુટુંબોને રોજી પુરી પાડી હતી. પરંતુ મનરેગા હેઠળ ચાલુ વર્ષમાં માત્ર 7730 કુટુંબોને જ 100 દીવસની રોજગારી મળી ! આમ ગુજરાતમાં મનરેગા હેઠળ રોજી ઘટવાથી દલીત અને આદીવાસી કુટુંબોને અન્યાય થવા પામ્યો છે. છેલ્લા ત્રણ વર્ષમાં ભાજપ સરકારે 15,637 ગામોમાં નરેગા પાછળ કાણી પાઈ ખર્ચી નથી... છેલ્લાં પાંચ વર્ષમાં મનરેગા હેઠળ 100 દીવસની રોજગારી મેળવવામાં 45 હજાર કુટુંબોની બાદબાકી થઈ ગઈ ! [ગુજરાત સમાચાર : 20-3-2017] બીજી બાજુ ગુજરાત સહીત નવ રાજ્યો ખાદ્ય સુરક્ષાનો અમલ કરવામાં નીષ્ફળ નીવડ્યાં છે. સુપ્રીમ કોર્ટે આ અતી ચીંતાજનક બાબત હોવાનું જણાવી બંધારણના આર્ટીકલ 21 અનુસાર લોકોના જીવનનું રક્ષણ કરવું એ રાજ્યની ફરજ હોવાનું પણ જણાવ્યું છે. [ગુજરાત સમાચાર : 23-3-2017] આ ઉપરાંત જાણીતા એક્ટીવીસ્ટ ભરતસીંહ ઝાલાએ ખેડુતોના પ્રશ્ને સુપ્રીમ કોર્ટમાં રીટ કરી છે. તે મુદ્દે પણ સુપ્રીમ કોર્ટે ખેડુતોને આપઘાત કરવો ન પડે તે દૃષ્ટીએ કૃષીનીતી ઘડવાનો આદેશ કર્યો છે. શું દરેક મામલે સુપ્રીમ કોર્ટે જ દરમ્યાનગીરી કરવી ? કેન્દ્ર અને રાજ્ય સરકારોની કોઈ ફરજ નથી ?

### અખબારી આયનામાં ગુજરાતની ભાજપા સરકાર

• ભાસ્કર વીશેષ : રાજ્ય સરકારના શાળા આરોગ્ય ચકાસણી કાર્યક્રમમાંથી મળેલી માહીતી : ગત વર્ષ કરતાં બાળકો ઘટ્યાં પણ બીમારીનું પ્રમાણ વધ્યું. શહેરમાં દર હજારે 72 બાળકને હૃદય, 30ને કીડનીનો રોગ; 8ને કેન્સર. (દીવ્ય ભાસ્કર : 16-2-2017)

• રાંતેજમાં દલીતોનો બહીષ્કાર નથી તે દર્શાવવા સંઘ-ભાજપનું દબાણ : પીડીતો/ ગામમાં દલીતોને કોઈ કરીયાણું નથી આપતું, વાળંદ વાળ નથી કાપતા : અમરત રાઠોડ/મુખ્યમંત્રી દલીતો સાથે ભોજન કરે તો સામાજીક સમરસતાનો સંદેશ જશે : મેવાણી. (દીવ્ય ભાસ્કર : 23-2-2017)

• ભાજપે સોગઠાં રમીને કે. જી. બેસીનની ચર્ચા થવા ન દીધી. પ્રશ્નોત્તરીકાળમાં બેસીનનો 11 નંબરનો પ્રશ્ન ન આવે તે માટે જવાબ લાંબા ચલાવ્યા. (દીવ્ય ભાસ્કર : 23-2-2017)

• માનવાધીકાર પંચનો અહેવાલ ગૃહમાં વહેલો રજુ થવાની બીકે સરકાર ફફડી. સરકારે તમામ અધીકારીઓને તાબડતોબ દોડાવ્યા. ઉના દલીતકાંડનો અહેવાલમાં સમાવેશ. અહેવાલ મોડો મુકવાનું લેખીતમાં ન અપાય. (દીવ્ય ભાસ્કર : 23-2-2017)

• માનવ કલ્યાણ યોજનામાં વ્યાવસાયીક સાધનોના વીતરણમાં મોટા ગોટાળાઓ. કરોડોનું આંધણ કર્યા પછીય ગરીબો સ્વરોજગારીનાં સાધનોથી વંચીત લાભાર્થીઓના નામ જાહેર કરવામાં જીલ્લા ઉદ્યોગ કેન્દ્રના ગલ્લાતલ્લા; લાભાર્થીઓ સુધી સાધનો પહોંચતા નથી. (ગુજરાત સમાચાર : 23-2-2017)

• મેગાસીટી કે સ્લમસીટી : અમદાવાદના પુર્વના પટ્ટામાં 75 ઝુંપટપટ્ટીઓહજુ અસ્તીત્વમાં છે. 16,623 કુટુંબો હજુ પણ ઝુંપડાઓમાં રહે છે. ઓઢવ વોર્ડમાં સૌથી વધુ 3,866 ઝુંપડા ! (ગુજરાત સમાચાર : 26-2-2017)

• અબજો રુપીયાની ઉઘરાણી થતી જ નથી : ગુજરાત સરકારના રૂ. 26 હજાર કરોડનાં કરવેરાની વસુલાત બાકી. 5 વર્ષ કરતાં વધુ સમયથી બીનવીવાદીત રૂ. 4,300 કરોડની વસુલાત અટવાઈ છે. રૂ. 10 હજાર કરોડના વેરાની વસુલાત આડે તો કોઈ અંતરાય નથી છતાં ઉઘરાણીમાં ધાંધીયા. (સંદેશ : 27-2-2017)

• ઉત્સવો પાછળ ભાજપ સરકારે રૂ. 43 કરોડનો ધુમાડો કર્યો : માત્ર 245 વીદેશીઓ જ ઉત્સવોમાં આવ્યાં. (ગુજરાત સમાચાર) રણોત્સવ - પતંગોત્સવ - નવરાત્રી જેવા ઉત્સવમાં 2016 દરમ્યાન રૂ. 119 કરોડનું આંધણ, વીકાસ કાર્યોમાં પાછીપાની પણ પબ્લીસીટી-મેળા પાછળ બેફામ ખર્ચા. (સંદેશ) 245 વીદેશી મહેમાનો પાછળ રૂ. 43 કરોડનો ખર્ચ. (દીવ્ય ભાસ્કર : 28-2-2017)

• પ્રવાસન વીભાગની તાલીમ પાછળ સરકારનો રૂ. 13.89 કરોડનો ધુમાડો (દીવ્ય ભાસ્કર) મળતીયાઓની સંસ્થાઓને કરોડોની લહાણી કરાઈ. સ્કીલ ડેવલપમેન્ટના બહાને ભ્રષ્ટાચાર આચરવા ગોઠવણ કરાઈ. ગુજરાત ટુરીઝમે તાલીમ પાછળ રૂ. 2352 લાખ વાપર્યા, નોકરી એકનેય મળી નહીં. (ગુજરાત સમાચાર : 28-2-2017)

• ગુજરાતમાં તાજું જન્મેલું બાળક રૂ. 33,000નું દેવાદાર. (નવગુજરાત સમય : 1-3- 2017)

• રાજ્યની 45 ટકા મહીલાઓ અને 55 ટકા બાળકો કુપોષીત. 'સેપ્ટ' દ્વારા આભડછેટ અંગેનો હેવાલ એપ્રીલ-2013માં સુપરત કરાયો છે, જો કે એની ભલામણો અંગે વીચારણા ચાલી રહી છે. (નવગુજરાત સમય : 1-3-2017)

❑

# ભારત કોંગ્રેસ-મુક્ત થશે પણ ભાજપા ?

**યશવન્ત મહેતા**

2013ના ઉત્તરાર્ધથી 2014ના એપ્રીલ-મેમાં યોજાનારી લોકસભા માટેની ચુંટણીઓની તૈયારીઓ શરુ થઈ ત્યારથી ભારતીય જનતા પાર્ટી (ભાજપા)એ અને ખાસ કરીને એના વડાપ્રધાનના પદના ઉમેદવારે 'કોંગ્રેસ-મુક્ત ભારત'નું સુત્ર આપ્યું હતું. કોંગ્રેસ નામની અતી ભ્રષ્ટ અને ખખડેલ-સડેલ રાજકીય હસ્તીથી મુક્ત ભારતનું એ સુત્ર હતું. આઝાદી આવી ત્યારથી દેશને પ્રગતીવંચીત રાખનાર, વીકાસવંચીત રાખનાર, શીક્ષણવંચીત રાખનાર, ધનવંચીત રાખનાર, પ્રામાણીકતાવંચીત રાખનાર પાર્ટીથી દેશ આઝાદ થાય અને સાર્વત્રીક સમૃદ્ધીને પંથે દોડે એવો એ સુત્રનો અર્થ હતો. અરે, એ કોંગ્રેસે પોતાનાં અને મળતીયાઓનાં એટલાં બધાં નાણાં વીદેશોમાં જમા કરાવ્યાં છે કે એ અમે પાછાં લાવીશું અને દરેક ભારતીયના બેન્ક ખાતામાં, એટલે કુલ 130 કરોડનાં બેન્ક ખાતાંમાં, દરેકમાં પંદર લાખ રુપીયા જમા કરીશું ! બસ, કોંગ્રેસને કાઢો અને અમને ચુંટો !!

આ પછી આ સજ્જનોએ 'કોંગ્રેસ-મુક્ત' ભારત બનાવવા માટે જાતજાતની વ્યુહરચનાઓ અપનાવી, જેમાં એક અને કદાચ પ્રમુખ યોજના એવી હતી કે કોંગ્રેસીઓને ભાજપામાં લાવો ! ખુબ ખુબ કોંગ્રેસીઓ કોંગ્રેસને છોડી દે એથી દેશમાં નહીંવત્ કોંગ્રેસીઓ રહેશે અને એ રીતે કોંગ્રેસ મુક્ત ભારત બની જશે !!

ના, કોંગ્રેસી-મુક્ત ભારત તો નહીં બને. એ કોંગ્રેસીઓ કાંઈ પાકીસ્તાન કે બાંગ્લાદેશ કે અમેરીકા તો જવાના નથી. એ તો ભારતમાં જ રહેશે. ભારત એમનાથી મુક્ત તો નહીં થાય. ભારત કોંગ્રેસી-મુક્ત તો નહીં થાય.

તો થશે શું ?

વાસ્તવમાં થશે એ કે ભાજપા કોંગ્રેસ-યુક્ત એટલે કે કોંગ્રેસી સહીત કે કોંગ્રેસમય બની જશે !! શાણા માણસોની આવી આગાહી હતી અને એ ફટાફટ સાચી પડવા લાગી. કોંગ્રેસીઓનો ભાજપા પ્રતી ધસમસતો પ્રવાહ વહેવા લાગ્યો. ભાજપાનો સીતારો તેજ હતો. એના પ્રધાન પ્રચારકનો પ્રભાવ પ્રચંડ હતો. ભાજપા એક પછી એક રાજ્યને સર કરતી હતી અને લોકસભામાં પણ જીતી જશે, એવું સૌ હોશીયારોને હૈયે વસી ગયું. હવે ભાજપામાં ભળવાથી ચુંટણીમાં જીતી શકાશે. એ પછી સત્તાસ્થાન મળી પણ જાય. અને ધારો કે સત્તાસ્થાન ન મળ્યું હોય વીધાનસભા કે સંસદના સભ્ય બનવામાત્રથી જે સમૃદ્ધી સાંપડે તે કોંગ્રેસમાં રહેવાથી હવે નહીં મળે. અરે, ક્યાંય ચુંટાઈએ નહીં તોય સત્તાધારી પાર્ટીમાં કાર્યકર હોવાના કેટલા લાભ છે તે ઈન્કમટેક્ષ ખાતું જાણે છે. (એ જાહેર નહીં કરે !)

એટલે ભાજપા ભણી કોંગ્રેસીઓનો ધસમસતો પ્રવાહ શરુ થયો. આઝાદી આંદોલનની પહેલી નેતૃત્વ-પેઢીની પહેલી હરોળના મૌલાના અબ્દુલકલામ આઝાદનાં વંશજ નજમા હેપતુલ્લા, એક સમયે ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી સુધ્ધાં બનેલાં. જગદંબીકાપ્રસાદ પાલ, જાટોના અગ્રણી નેતા રાવ બીરેન્દ્રસીંગ... કાંઈ કેટલાય કોંગ્રેસીઓ ભાજપામાં ભળ્યાં. એ પ્રવાહ સતત ચાલુ છે. એક સમયે જે સજ્જનનું નામ કોંગ્રેસી વડાપ્રધાન તરીકેના ઉમેદવારોમાં આગળ હતું એવા એન.ડી. (નારાયણદત્ત) તીવારી 90+ ઉંમરે ભાજપામાં ભળ્યા એમાં કોને યશ અને કોને નાલેશી, એ સમજુ નાગરીકોએ વીચારવાનો સવાલ છે. જેમ એક સમયે વડા પ્રધાનપદ માટે એન.ડી.તીવારીનું નામ હતું તેમ હેમવતીનંદન બહુગુણાનું પણ હતું. પ્રખર નહેરુવાદી અને સમાજવાદી તરીકેની છાપ ધરાવતા હેમવતીનંદન તો અવસાન પામ્યા છે. પરંતુ એમનાં બે સંતાનોએ જે ભાજપા-ભક્તી કરવા માંડી છે એ તો ઐતીહાસીક છે. એમના પુત્ર વીજય બહુગુણાને ઉત્તરાખંડમાં મુખ્યમંત્રી બનવાનો મોહ જાગ્યો અને પંદરેક અન્ય કોંગ્રેસી વીધાનસભ્યો સાથે ભાજપામાં ભળ્યા અને 2016ને પ્રારંભે જે બંધારણીય અને કાનુની નાટક ભજવાયાં તે પણ ઐતીહાસીક છે. પણ ટુંકમાં વાત એટલી છે કે ત્યાં કોંગ્રેસીઓની પોતાના પક્ષપ્રત્યેની બીનવફાદારીની ગાથા રચાઈ હતી.

2016માં જ આસામમાં લગભગ ત્રણ સત્રથી, પંદરેક વર્ષથી કોંગ્રેસ પક્ષનું શાસન હતું, તે ઉખડી ગયું અને ભાજપાનો ડંકો વાગ્યો. પરંતુ એ ડંકો વગાડનાર હેમવત બીસ્વાલ શર્મા વગેરે કોંગ્રેસીઓ છે !

સાવ તાજેતરની, 2016ના ફેબ્રુઆરીની ભાજપાની વીજય-ઘટના મહારાષ્ટ્રની સ્થાનીક સ્વરાજની સંસ્થાઓની ચુંટણીઓની છે. અહીં મુંબઈ (વાર્ષીક મ્યુનીસીપલ બજેટ રુ. 40,000 કરોડ !) સહીત દસ મ્યુનીસીપલ કોર્પોરેશનોમાંથી આઠમાં (મુંબઈ સહીત) ભાજપાઈ સભ્યો સૌથી વીશેષ

સંખ્યામાં ચુંટાયા ! કોંગ્રેસ સાવ ધોવાઈ ગઈ. એની ક્લોન સીસ્ટર નેશનલીસ્ટ કોંગ્રેસ પણ ધોવાઈ ગઈ. અરે, હમણાં સુધી સ્થાનીક પ્રભાવ ધરાવતી શીવસેના પણ એક ઠાણે (થાણા) સીવાય ક્યાંય નંબર વન ન બની શકી. ભાજપાનો જ બધે જયજયકાર થયો. ભાજપાઈઓને આથી એટલી મોજ આવી કે એમણે મહારાષ્ટ્ર નીમીત્તે દેશ આખામાં વીજય- ઉત્સવ ઉજવ્યો !

પરંતુ આ ચુંટણીઓ પછીનાં વીશ્લેષણ જણાવે છે કે ભાજપાના આ વીજય પાછળ એની આયાત-ક્ષમતા કામ કરે છે ! એટલે કે એણે પેલી બન્ને કોંગ્રેસમાંથી 'જીતી શકે એવા' લોકોની આયાત કરીને આ સીદ્ધી મેળવી છે ! એક વીશ્લેષકે લખ્યું છે : મહારાષ્ટ્રમાં ભાજપાની બેધારી નીતી હતી - જ્યાં પોતાની પાર્ટીનો ઉમેદવાર જીતી શકે એમ હોય ત્યાં એને ઉભો કરવો અને જ્યાં એવી શક્યતા ન હોય ત્યાં ઉમેદવાર આયાત કરવો ! દાખલા તરીકે પુણેમાં ભાજપાના જે ઉમેદવારો ચુંટાયા એમાં અર્ધા ઉપરાંત નેશનલીસ્ટ કોંગ્રેસ, કોંગ્રેસ અને શીવસેનામાંથી આયાત કરાયેલા છે ! આવી જ કથા પીંપરી ચીંચવડ, નાશીક, ઉલ્હાસનગર વગેરેની પણ છે. અકોલા, અમરાવતીની કથા પણ એ જ છે.

આગળ આપણે હેમવતીનંદન બહુગુણાના દીકરા વીજયનો ઉલ્લેખ કર્યો. દીકરી રીટા બહુગુણા-જોશીની તો વાત ઔર વીચીત્ર છે. આ બહેન દેશના સૌથી મોટા રાજ્ય ઉત્તર પ્રદેશમાં એકાદ દાયકાથી રાજ્ય કોંગ્રેસનાં અધ્યક્ષ હતાં. પરંતુ ઉત્તર પ્રદેશ વીધાનસભા માટેની ચુંટણીઓ જાહેર થતાં જ ગુલાંટ મારીને ભાજપામાં ભળ્યાં ! આ ઉત્તર પ્રદેશની વીધાનસભા ચુંટણીઓમાંય ભાજપાએ કોંગ્રેસ, સમાજવાદી પાર્ટી અને બહુજન સમાજ પાર્ટીમાંથી કોડીબંધ મુરતીયા આયાત કર્યા છે. અહીં કોંગ્રેસમાંથી આવનાર ઓછા છે કારણ કે મુળે અહીં ત્રણેક દાયકાથી કોંગ્રેસ ઘસાતી રહી છે. અહીં ગત વીધાનસભામાં 403માં કોંગ્રેસના માત્ર 27 ધારાસભ્યો હતા.

જેમ દેશભરમાં તેમ ગુજરાતમાં પણ એક સમયની કોંગ્રેસી સરકારના નાયબ મુખ્યમંત્રી રહેલા નરહરી અમીન અને ત્રણેકવાર લોકસભામાં ચુંટાયેલા વીઠ્ઠલ રાદડીયા સહીત અનેકોને ભાજપાએ કોંગ્રેસમાંથી આયાત કર્યા છે. કાર્યકરકક્ષાએ તો સત્તાનો લાભ લેવા કેટલા બધા કાર્યકરો ભાજપામાં જોડાયા હશે, એનો હીસાબ જ માંડી શકાય એમ નથી.

જે રીતે અને જે ઝડપે ભાજપાની સત્તા વીસ્તરવા માંડી છે એ જોતાં લાગે છે કે હજુ પણ અનેક કોંગ્રેસીઓ ભાજપામાં ભળી જશે. પણ... પણ ભાજપા માટે એ જ એક મોટી સમસ્યા બની રહે એમ બને. અને એ સમસ્યા એકાંગી નહીં હોય. એનું એક પાસું એ હશે કે મુળ કેડરમાંથી ઘડાઈને આવેલા કાર્યકરો જેટલું આ લોકોનું બૌદ્ધીક ઘડતર ભાજપાઈ ઘાટે થયેલું નહીં હોય. એટલે એ ભાજપાઈ નીતીઓના પોપટ-પાઠ તો કરશે, પરંતુ એમાં શ્રદ્ધા (કન્વીક્શન) નહીં હોય. એ જ રીતે, એમની વફાદારી પણ વીશ્વસનીય નહીં હોય. આજે એકને છોડે તે કાલે બીજાને પણ છોડી શકે ! ત્રીજું, આ લોકોને સાચવવા જતાં પોતાની જુની કેડરને નારાજ કરવાનું જોખમ ઉભું થાય. ઉત્તર પ્રદેશમાં આવી નારાજગી વ્યક્ત પણ થઈ છે. અલબત્ત, ભાજપાની જુની કેડર આર.એસ.એસ.ની શીસ્તમાં કેળવાઈ છે. એટલે આગેવાનો ફરમાવે તે માની લેવાનું વલણ વધારે છે. પરંતુ વર્ષોથી અને દાયકાઓથી અમુક વીચારસરણીને વળગી રહીને કામ કરતા રહ્યા હોય એમને સત્તા-પ્રતીષ્ઠા-સંપત્તી પ્રાપ્ત કરવાને મોકે ઉવેખવામાં આવે એનાંય જોખમો હોઈ શકે. જ્યાં સુધી સતત સફળતા મળતી રહેતી હોય ત્યાં સુધી અસંતોષો દબાયેલા રહે છે; પરંતુ એ અંદર ને અંદર ધુંધવાતા રહે છે. પછી જરાક મોકો મળતાં એમાંથી વીદ્રોહનો ભડકો પણ થાય છે. ભાજપાને એની આજની ચડતી કળામાં આવો ખ્યાલ પણ નહીં આવે. પરંતુ વીશ્વઈતીહાસના પાઠ કશુંક જુદું જ કહે છે.

અને કોંગ્રેસનું શું ?

આજે કોંગ્રેસનું ધોવાણ થઈ રહ્યું છે, એ શું અટકશે ખરું ? અને એ ધોવાણનું કારણ શું છે ?

જો ઈતીહાસને દાખલારુપ ગણીએ તો, વંશવાદ ચાર-છ પેઢીઓથી વધારે ચાલતો નથી. મૌર્યોમાં ચન્દ્રગુપ્ત, અશોક વગેરે પછી પડતી થઈ છે. ગુપ્તોમાં ચન્દ્રગુપ્ત, સમુદ્રગુપ્ત વગેરે પછી સ્કંદગુપ્ત

*ભાજપાને એની આજની ચડતી કળામાં આવો ખ્યાલ પણ નહીં આવે. પરંતુ વીશ્વઈતીહાસના પાઠ કશુંક જુદું જ કહે છે.*

સુધીમાં વંશ ખતમ થઈ ગયો છે. મુઘલાઈ બાબરથી શરુ થઈ. પછી અકબર, જહાંગીર, શાહજહાં, ઔરંગઝેબ અને પડતી. 1857 સુધીમાં મુઘલ શહેનશાહની હકુમત દીલ્હીથી આગળ રહી નહોતી. એ જ રીતે, હીન્દુપત પાદશાહીના ધ્વજધારક મરાઠા પેશ્વાઓ 1857 સુધીમાં પુનાથી આગળ સત્તા ધરાવતા નહોતા. નહેરુવંશ પણ ક્યાં સુધી પ્રતાપ દાખવે ? મોતીલાલ, જવાહરલાલ, ઈન્દીરાજી અને રાજીવ. પછી ? પછી એમની પાર્ટી કોંગ્રેસનાં જ વરીષ્ઠ આગેવાન શીલા દીક્ષીત કોંગ્રેસના વર્તમાન સર્વોચ્ચ આગેવાનને 'અપરીપક્વ'નું પ્રમાણપત્ર આપીને કોંગ્રેસના પગ પર કુહાડો મારે છે. એવા સંજોગોમાં, નહેરુના સમયથી કોંગ્રેસની નીતીઓને વરેલા અને ભાજપા જેમને ધોળે ધરમેય ન સ્વીકારે એવા કોંગ્રેસીઓ સીવાય સૌ ભાજપામાં ભળે એમાં નવાઈ નહીં.

અને ખુદ કોંગ્રેસી નેતાગીરી (જે કાંઈ બચી છે તે) સીદ્ધાન્તો, નીતીઓ, ગાંધી, સમાજવાદ, નહેરુવાદ, એ બધુંય ભુલીને માત્ર તકવાદ તાકે પછી એને માટે રડનાર પણ કોણ હોય ? કેટલા હોય ? આજકાલ સમાચારોમાં મુંબઈ મહાનગરની પાલીકાની ચુંટણીના સમાચાર ચમકે છે. 227 બેઠકોની પાલીકાસભામાં ભાજપાના 84, શીવસેનાના 82, કોંગ્રેસના 31, અન્ય પાંચ-સાત પાંચ-સાત ચુંટાયા છે. હવે સ્વયં કોંગ્રેસના એક અંશમાં ચણભણ ચાલે છે કે શીવસેનાને ટેકો આપવો, જેથી બહુમતી સીદ્ધ થાય. બદલામાં મુંબઈના ઉપ-નગરપતીનું પદ માગવું ! અન્ય પણ કેટલાંક પદ માગી શકાય. (એટલે કે સત્તા મળે અને એની સાથે સંકળાયેલા લાભ મળે.) કોંગ્રેસની મુળ વીચારસરણી અને શીવસેનાની વીચારસરણી તથા કાર્યપદ્ધતીના સંદર્ભમાં આ જોડાણ, આ યુતી કેટલી સાર્થક ગણાય એ કદાચ આ સત્તાઘેલા થોડાક કોંગ્રેસીઓ સીવાય સૌ સમજે છે.

જો કોંગ્રેસ આમ જ વર્તવાની હોય તો એને માટે આંસુ પણ કોણ સારે ?

અને વીચારવાનું તો ભાજપાએ છે. આ પ્રકારના કોંગ્રેસીઓને પોતાની અંદર ભેળવીને પોતાનું કોંગ્રેસીકરણ અટકાવી શકશે ! કોંગ્રેસ-મુક્ત ભારત તો થશે પરંતુ કોંગ્રેસ-યુક્ત ભાજપા બનશે, એનું શું ?

yeshwant.mehta.1938@gmail.com

❑

# સરહદોની આરપાર

**ગોપાલકૃષ્ણ ગાંધી • અનુ : મોહન દાંડીકર**

ભારતથી પાકીસ્તાન જવા માટે અને પાકીસ્તાનથી ભારત આવવા માટે વચ્ચે કોઈ ચીજ રોકે છે તો તે થોડીક ક્ષણો માટે જ. જે ચીજ એવું કરવામાં નથી રોકતી તે નથી જ રોકતી. આ યાત્રા ક્યારેય અટકશે નહીં. સરહદો પેલી પાર જવા માટે જ હોય છે. સરહદો પાર કરીને યાત્રા કરી શકાય છે. સરહદો સહીયારી હોય છે. એનો અનુભવ પણ સહીયારો હોય છે. એની પ્રકૃતી જ કંઈક એવી હોય છે કે યાત્રા ચાલુ રહે છે. હીલચાલ કાયમ રહે છે. એને કોઈ રોકી શકે તેમ નથી. ન તો અહીંનો કોઈ આદેશ-નીર્દેશ કે ન તો ત્યાંનો કોઈ ફતવો.

ઉરીમાં આપણને જે આઘાત લાગ્યો તે પછી એવી આશા રાખવી કે બન્ને દેશો વચ્ચે સંબંધોની નદી ખળખળ વહેતી રહેશે, બાલીશતા જ ગણાશે. બાલીશતા જ નહીં, પણ એ અટપટી વાત હોત. આઘાત તો આઘાત જ હોય છે. તમે કોઈ બહાના નહીં કાઢી શકો, ના ભાઈ ના, અમારે કોઈ ફરક નથી પડતો, નહીં કહી શકો, તમે એવું નાટક પણ નહીં કરી શકો કે વળતો પ્રહાર કરવાનું તમારું મન નથી. તે પણ કાયદેસર, જમાવટ કરીને, જે રીતે કોઈ જખમ થતાં જ જખમ રુઝાવાની પ્રક્રીયા આપોઆપ કુદરતી રીતે જ શરુ થઈ જાય છે, તે જ સ્થીતી બન્ને દેશોની છાતી પર નાચી રહેલ હીંસાની છે. ખાસ કરીને એવા બે પાડોશીઓની જેઓ ગઈકાલ સુધી એક હતા. એટલા માટે જખમોને રુઝાવાથી રોકવાનો કોઈ પ્રયાસ પણ બાલીશતા જ ગણાશે.

સીંધુ જળ સંધીને રોકવાની વાત કર્યા પછી પણ ભારતે એવું કર્યું નથી. એટલા માટે નહીં કે એ સંધી પર ભારત, પાકીસ્તાન અને વીશ્વબેંકના હસ્તાક્ષરો છે. એ એક આંતરરાષ્ટ્રીય કરાર છે. એટલા માટે પણ નહીં કે દુનીયા શું કહેશે ? બલકે એટલા માટે પણ કે આપણા વડાપ્રધાન આ વાત બરાબર સમજે છે કે આ બાબતમાં ભારત જો નદીના ઉગમસ્થાને ઉભું છે તો કોઈ બીજી સંધીમાં એ નદીના નીચલા પ્રવાહનો ભાગીદાર પણ છે. અને જેને પણ નદીના

*આમ, તેઓ પહેલાં પણ કયાં હસતા હતા ? આ બધાંથી પણ ઉપર એક બીજી વસ્તુ છે. જેની વચ્ચે કોઈ દીવાલ ચણી શકાતી નથી. તે છે માનવીય જુસ્સો, માનવીય ઉત્સાહ !*

નીચલા પ્રવાહનો ઉપયોગ કરવાવાળાઓના અધીકારોને બચાવવાની જરુર છે તેઓ પોતાની છત પર ઉભા રહીને નળ બંધ નહીં કરી શકે. તેઓ જાણે છે કે નદીઓ તો મહાદ્વીપોને જોડનારી શાખાઓ છે. મહોલ્લાનું કોઈ ગરનાળું નથી.

પાણી, બરફ, હવા અને પશુપંખી વગેરે પોતાની જગ્યાએ; પણ કેટલીક બીજી વસ્તુઓ છે જે રોકાઈ નથી શકતી. જેમકે ઉરી હુમલા પછી એલઓસીની આરપાર વ્યાપાર રોકી દેવામાં આવ્યો હતો. પણ એ ફરી પાછો ચાલુ થઈ ગયો છે. તે એટલા માટે નહીં કે આપણે પાકીસ્તાનને સર્વાધીક પસંદગીવાળા મુલ્ક (એમએફએન)નો દરજ્જો આપીને જી-20માં કોઈ પ્રતીષ્ઠા આપી છે. અથવા તો આપણી ઉપર વીશ્વવ્યાપાર સંગઠન કે ગેટનું કોઈ દબાણ છે. એવું એટલા માટે છે કારણ કે ક્યારેક એક હતા એવા બન્ને દેશો વચ્ચેની જે પરસ્પરતા છે તેને તમે રોકી નહીં શકો. આપણે ત્યાંથી જરીનાં ભરતકામનાં કપડાં ત્યાં જાય છે તેમ ત્યાંથી મેવા આપણે ત્યાં આવે છે. આ બધું સેનાની નજર સામે જ ચાલી રહ્યું હોય છે. જમીન, પાણી અને હવામાં વ્યાપાર હવે ફરી પાછો ચાલુ થઈ ગયો છે.

એ જ સ્થીતી પ્રવાસ-પર્યટનની છે. શું ભારત અને પાકીસ્તાનના લોકોએ સામે પાર જવાનું માંડી વાળ્યું છે ? બીલકુલ નહીં ! તેઓ એવું કરશે પણ નહીં. એક કુટુંબ જેટલું વધુ વીભાજીત હોય છે, એટલી જ વંડીની બીજી બાજુ ઠેકી પડવાની ઈચ્છા વધુ પ્રબળ હોય છે. સીક્કા મારવાવાળો અધીકારી ભલે ગમે તેટલાં ગુસ્સે થાય, પણ વીઝા અપાયા જ કરશે. આમ, તેઓ પહેલાં પણ કયાં હસતા હતા ? આ બધાંથી પણ ઉપર એક બીજી વસ્તુ છે. જેની વચ્ચે કોઈ દીવાલ ચણી શકાતી નથી. તે છે માનવીય જુસ્સો, માનવીય ઉત્સાહ !

લતા મંગેશકરને પોતાનો અવાજ સંભળાવવા માટે ન તો પાકીસ્તાન જવાની જરુર છે કે ન તો નય્યરા નુરને ભારત આવવાની જરુર છે. જન્નતની ઉંચાઈ પર બેઠેલા ગુલામઅલી ખાન પાકીસ્તાનીઓના દીલને ડોલાવી રહ્યા છે, તો નુસરત ભારતીયોનાં દીલો પર રાજ કરી રહ્યાં છે. જેઓ જીવે છે જેમકે શાહરુખખાન, આમીરખાન, સલમાનખાન, ઈરફાનખાન તેઓ પાકીસ્તાનીઓના દીલોમાં એવી જ વીજળી પેદા કરી શકે છે જેવી આપણે ત્યાં કરે છે. કરણ જોહરવાળું પ્રકરણ ભુલી જઈએ તો ઈતર ફવાદખાને ભારતના લોકોનાં દીલો જે રીતે જીતી લીધાં છે તે સામુહીક બાયપાસ સર્જરીથી જરાયે કમ નથી. આતંકવાદ એમને અલગ કરવાનો ગમે તેટલો પ્રયત્ન કરે તો પણ સીનેમાના ખાનોએ ભારત અને પાકીસ્તાનના લોકો પર જે ભુરકી નાખી છે તે એવી અભુતપુર્વ છે કે હવે પછી કોઈ ભાગ્યે જ એવું કરી શકશે. કોપીરાઈટ સામે ચાંચીયાગીરી મામુલી અપરાધ છે. પણ સાંસ્કૃતીક ક્ષેત્રે એણે રોબીન હુડ જેવી ભુમીકા ભજવી છે.

આબીદા પરવીનના અવાજ પર ભારતમાં અંકુશો નહીં મુકી શકાય. એવી જ રીતે પાકીસ્તાનમાં ગુલઝાર કે જાવેદ અખ્તર પર અંકુશો નહીં મુકી શકાય. સચીન તેંડુલકરને જોઈને પાકીસ્તાન નીસાસા નાખતું હતું. જેમ આપણે ક્યારેક જાવેદ મીયાંદાદને જોઈને નાખતા હતા. અંકુશો મુકવાવાળા ભલે અંકુશો મુક્યા કરે. તે પછી પણ ફૈજ અહમદ ફૈજ ભારતમાં અને ખુશવંતસીંહ પાકીસ્તાનમાં વંચાવાના જ, આભાર માનવો જોઈએ સરમદ ખુસટ અને નંદીતા દાસનો. જેમણે સઆદત હસન મન્ટો પર પોતપોતાને ત્યાં ફીલ્મો બનાવી કે બનાવવાની તૈયારીમાં છે. એક એવા માણસ પર જે બન્ને દેશોના આદર્શોનો તો હીસ્સો હતો પણ બન્નેની મુર્ખતાઓ સાથે એને કોઈ નીસબત નહોતી. બન્ને દેશો મન્ટોના જીવનનો ઉત્સવ મનાવે છે. શેતાની દીમાગ દરેક સમાજ અને દેશોમાં જોવા મળશે. હમેશાં જોવા મળ્યાં છે. જો કે એમનાં મગજ સંગીત, કળા, સાહીત્ય, રમત વગેરેને પસંદ કરનારાઓની બાબતમાં અસરકારક નથી હોતાં. આતંકવાદ સામે બેશક લડીએ, પણ સંસ્કૃતીને બાકાત રાખીએ.

સાંસ્કૃતીક આયોજનો અને રમતોના બહીષ્કારના આહ્‌વાનોને સ્વાભાવીક માનવું પડશે. અપરીહાર્ય માનવું પડશે. પ્રશ્ન પોતપોતાનાં રસરુચી સાથે જોડાયેલો છે. આપણે આ વસ્તુઓ પર પોતાનો હરખ પ્રગટ કરવા માટે ફૈઝની સશક્ત શાયરીઓને પસંદ કરીએ છીએ, ખુશવંતના મજાકીયા ટુચકા પસંદ કરીએ છીએ કે મન્ટોની હૃદયવેધી પંક્તીઓ...

❑

## કંઈક વીશેષ

### ડંકેશ ઓઝા

### સાથે જીવીએ અન્યથા સાથે મરીશું !

માનવ સમાજને શાંતી, એખલાસ અને ભાઈચારાથી જીવતાં આવડતું નથી. તેમાંથી બહુ મોટા પ્રશ્નો ઉભા થાય છે. હીન્દુ અને મુસલમાન સાથે રહી શકતા નથી. સવર્ણો અને દલીતોનો પ્રશ્ન એકવીસમી સદીમાં પણ અદૃશ્ય થતો નથી. ભાષાવાદ, પ્રાંતવાદ, કોમવાદને લગતા પ્રશ્નો આખા સમાજની શાંતી અને સલામતીને હણી લે છે. આમેય લોકોને આર્થીક અને સામાજીક કેટલાય પ્રશ્નો કનડતા હોય છે. તેમાં આવા બધા નવા પ્રશ્નો ઉમેરાય છે. પછી જીવન જીવવા જેવું લાગતું નથી. ડાહ્યા અને સંવેદનશીલ લોકો કોચલામાં પુરાઈ જાય છે. તો બીજા કેટલાક અનુકુળ લાગતા દેશોમાં જઈને સ્થાયી થઈ જાય છે !

ભારતીય સંસ્કૃતી અને તેનો સનાતન ધર્મ સર્વસમાવેશક હતા પણ કાળક્રમે આખી પરંપરા અને વારસો લુપ્ત થઈ રહ્યા છે. ઈરાનથી ભાગી આવેલા પારસીઓ ગુજરાતના સંજાણ બંદરે ઉતર્યા અને દુધમાં સાકર ભળે તેમ ભળી ગયા. એ વાત આપણે બધા ભણ્યા છીએ પણ હવે તેને ભુલવામાં ગૌરવ સમજતા થઈ ગયા છીએ. એક કોમ બીજી કોમનો વાંક કાઢે તે તો સમજાય તેવું છે, પરંતુ અમે જન્મજાત દેશભક્ત, રાષ્ટ્રવાદી અને તમારે તો દેશભક્તી પુરવાર કરવાની એવી માનસીકતા વ્યાપક થતી જાય તો તેનો કોઈ અંત ન આવે એ સમજાવું સ્વાભાવીક છે.

કીશોરલાલ મશરુવાળાએ લખ્યું છે :

*“શું આપણે ખાતરીપુર્વક કહી શકીશું કે હીન્દુઓ મુસલમાનો કરતાં અચુકપણે વધારે ઈમાનદાર, ન્યાયી અને ઉદાર હૃદયના છે ? ઉલટાનું મને તો એમ લાગે છે કે જુદા જુદા ધર્મના ગમે તે હીન્દુઓ અને મુસલમાનોને એકસરખી સંખ્યામાં ચુંટવામાં આવે તો દયાળુ ઉદાર અને વીશ્વાસપાત્ર મુસલમાનોની સંખ્યા હીન્દુઓ કરતાં ઓછી ન નીકળે. આ વાત સમજવામાં અને નીખાલસપણે સ્વીકારવામાં આપણું કલ્યાણ છે. જે પળે આપણે મુસલમાનો પ્રત્યેનું આપણું વલણ બદલીશું અને જેમ તેમના દોષો જોઈએ છીએ તેમ ગુણો પણ જોવા માંડીશું તે પળે આપણને માલુમ પડશે કે સદ્‌વર્તનનો એક હીન્દુ જેટલો ઉદાર જવાબ વાળી શકશે, તેના કરતાં વધારે ઉદાર જવાબ મુસલમાન વાળી શકશે.”*

ક્યારેક એવું લાગે છે કે આ સવાલને આપણે કોમી એકતાના પ્રશ્ન તરીકે જોઈએ છીએ પરંતુ ખરેખર પ્રશ્ન માણસાઈનો અને માનવતાનો વધુ છે. આપણે માણસને માણસ તરીકે જોવાને બદલે એને હીન્દુ, મુસલમાન, દલીત, સવર્ણ વગેરે રીતે જોવા માંડીએ છીએ ત્યારે આપણી માણસાઈને નેવે મુકતા હોઈએ છીએ.

નારાયણ દેસાઈએ જતાં જતાં જે છેલ્લું પુસ્તક લખ્યું તે આ વીષયને લગતું જ હતું. જેનું નામ તેમણે આપ્યું : ‘હૃદયના ચીરા.’ દેશના વીભાજનથી આ ચીરાની શરુઆત થઈ. કાળક્રમે એ ખાઈ બનીને વીસ્તરતી જાય છે. કોંગ્રેસનો સમય પુરો થયો અને ભાજપનો શરુ થયો છે. ત્યારથી આ સ્થીતી વધુ ઘેરી બનતી જાય છે. આપણે રાજકારણના અભ્યાસી ન હોઈએ પણ થોડા તટસ્થ હોઈએ તો આવું દેખાય છે અને સમજાય છે. છેલ્લા બે વર્ષમાં કેવી ક્ષુલ્લક ઘટનાઓને કેટલી વ્યાપક રીતે ઉછાળવામાં આવી છે તે તરફ નજર કરીએ તો તેના પુરાવા મળી આવે છે. કોઈના વીચારો ન ગમે એટલે તેને દેશ બહાર જતા રહેવાની સલાહ આપવી એવું આપણા બંધારણે કદી કહ્યું નથી, લોકશાહી સમાજ કદી એવું કહે નહીં. અમેરીકાના પ્રમુખ પણ આવું કંઈક કહેવા જતા હોય તો એટલી લોકશાહી નીચી ઉતરી એમ કહેવાય.

હમણાં જે ગુજરાતી સાહીત્યકારને સાહીત્યનું સર્વોચ્ચ એવું જ્ઞાનપીઠ સન્માન પ્રાપ્ત થયું તે રઘુવીર ચૌધરી એક વાર જાહેરમંચ પરથી એમ કહેતા હતા કે જ્ઞાનપીઠ મહત્ત્વની નથી ‘સ્નેહપીઠ’ મહત્ત્વની છે. ક્યાંક આપણો સ્નેહ ઓછો પડે છે. રણજીતરામ સુવર્ણચંદ્રક દાયકાઓ પુર્વે સ્વીકારતી વખતે તેમણે એમ પણ કહેલું કે આ દુનીયા આપણને જો વન જેવી લાગતી હોય તો આપણું કામ તેમાં ‘ઉપવન’ પેદા કરવાનું છે. કોઈને આ વાત બહુ અઘરી લાગતી હોય તો એ ખોટું છે. આપણે જ્યાં જીવીએ છીએ ત્યાંની આસપાસમાં આવું પ્રેમભર્યું વાતાવરણ ઉભું ન કરી શકતા હોઈએ તો એમાં કોઈની સલામતી નથી. એ તો નક્કી છે કે શાંતી અને સલામતી વીનાની સમૃદ્ધીનો કોઈ અર્થ નથી. તમે જે અંકે કર્યું છે તેનો ઉપભોગ ન કરી શકતા હો તો તેવી સમૃદ્ધીનો કોઈ અર્થ રહેતો નથી.

માનવ સમાજ સદીઓથી અસ્તીત્વમાં છે. ભારતની આઝાદીને સાત દાયકા થવા આવ્યા છે. હજુ આપણે આવી

લઘુતમ વાતને સમજી ન શકીએ તો આઝાદીના સુફળ ભોગવવાને લાયક ન બની શકીએ. આ જો પ્રશ્ન હોય તો કારણ આપણે ખુદ છીએ. કોઈ તત્ત્વચીંતકે યોગ્ય જ કહ્યું છે કે જો માણસજાત સાથે રહેવાનું નહીં શીખી શકે તો એવી પ્રજાનો સામુહીક વીનાશ નીશ્ચીત છે !

## વાત બે છાપે ચઢેલા ચહેરાની

આ બે ચહેરા 2002ના ગુજરાતના કોમી તોફાનોના સમયના છે :- અશોક પરમાર ઉર્ફે અશોક મોચી જેનો ફોટો દર્શાવે છે કે તે કોમી ઉન્માદમાં મત્ત છે, માથે કેસરીયો પટકો છે અને હાથમાં તલવાર છે. હાથ ઉંચા કરીને એ કેસરીયાં કરવાનો કોઈક સુત્રોચ્ચાર કરી રહ્યો હોય એમ લાગે છે. બીજો ફોટો કુતુબુદ્દીન અન્સારીનો છે. જે બે હાથ જોડીને પોતાની દશા આંસુ છલકતી આંખે દર્શાવી રહ્યો છે. તેની આંખોમાં મૃત્યુનો ભય વરતાઈ રહ્યો છે. મજાની વાત એ છે કે આ બન્ને ચહેરા આખા દેશના ચીત્ત પર આ રીતે જડાઈ ગયા હોવા છતાં કંઈક અગમ્ય કારણસર વાસ્તવમાં તેઓ કોમી તોફાન સાથે જોડાયેલા નથી. સરકારી દફ્તરે પરમાર હીંસાનો આરોપી નથી કે અન્સારી તોફાનોનો ભોગ બનેલ નથી !

પહેલીવાર પરમાર કેમેરામાં કેદ થયો ત્યારે ગોધરા પછીના કોમી તોફાનો એની પરાકાષ્ઠાએ હતાં; એ શાહપુરમાં હતો. તેના ફોટા રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સમુહમાધ્યમોમાં ઝળક્યાં, અને તે ગુજરાતમાં મુસ્લીમકોમ વીરુદ્ધના ધીક્કારનો પ્રતીક બની ગયો. આ તોફાનો ગોધરા ખાતે સાબરમતી એક્સપ્રેસના ડબ્બામાં ઓગણસાઈઠ મુસાફરોને જીવતા જલાવી દેવાયા, જેમાં અયોધ્યાથી પાછા ફરી રહેલા કારસેવકો હતા, તે પછી ફાટી નીકળેલાં.

બેંતાલીસની ઉંમરના પરમાર મોચી છે. શાહપુરમાં ફુટપાથ પર કામ કરે છે. આ વીસ્તાર હીન્દુ-મુસ્લીમ બન્ને લોકોની મીશ્ર વસતીનો છે. પરમાર કહે છે : ‘મેં ખોટી વેળાએ ખોટી અભીવ્યક્તી કરેલી. મને કહેવાયેલું કે તારે આવું કરવું. ખરેખર જે હીંસા ત્યારે ફેલાઈ તેની સાથે મારી કાંઈ લેવાદેવા નથી.’ અને વાત સાચી છે કે મોચી તોફાનના કોઈ કેસમાં આરોપી નથી. છતાં તે હીંસા અને જુલમનો પ્રતીક બની રહ્યો છે !

બીજી તરફ, અન્સારી ગુજરાતના જે મુસ્લીમો આ તોફાનોના ભોગ બન્યા તેનું પ્રતીક બની ગયો છે. રેપીડ એક્શન ફોર્સના દળો રખીયાલમાં જ્યારે તેના કુટુંબને ઉગારવા મથી રહ્યાં હતાં ત્યારે સૈનીકોને આજીજી કરતા અન્સારીનો ચહેરો કચકડામાં કેદ થયેલો. એના કુટુંબને તો બચાવી લેવાયું. પરંતુ કોમી તોફાનોના ભોગ બનેલાઓનું તે એવું પ્રતીક બની ગયો કે તે સમયની પશ્ચીમ બંગાળની સરકારે તેને કોલકાતામાં વસાવવાની ઓફર કરેલી. વ્યવસાયે દરજી, ઓગણપચાસ વર્ષના અન્સારી, સમય જતાં 2005ના વર્ષમાં અમદાવાદ પાછા ફર્યા. તેને ત્રણ બાળકો છે અને રખીયાલમાં નાનકડી દરજીની દુકાન છે.

ગુજરાત પાછા ફરીને અન્સારીએ તોફાનો દરમ્યાન પોતે ગુમાવેલા સરસામાન બાબતે જીલ્લાની કલેક્ટર કચેરીને ઘણીવાર રજુઆતો કરેલી. જો કે તે ભાડાના ઘરમાં રહેતા હોવાથી અન્સારીને થયેલા નુકસાનની કોઈ વીગતો સરકારી ચોપડે ન હતી. આગ અને તોફાનમાં રુપીયા સાઈઠ હજારનો સરસામાન ગુમાવવા છતાં અન્સારીને વળતરની કાણીપાઈ પણ નસીબ ન થઈ. હકીકતમાં તો અસરગ્રસ્ત તરીકે તેનું નામ જ ચોપડે નહીં ચઢેલું.

અમદાવાદમાં 2008ના વર્ષમાં આતંકવાદી સંગઠન ઈન્ડીયન મુજાહીદ્દીને જે સંખ્યાબંધ ધડાકા કર્યા તેણે અન્સારીના ફોટાનો દુરુપયોગ કરેલો. તેના ફોટાને વયોવૃદ્ધ હીન્દુ સાથે મુકવામાં આવેલો જે બન્ને સમાન દુ:ખના ભાગીદાર હતા. અન્સારીએ આ બાબતે વાંધો પણ લીધેલો. તેણે પોલીસ કમીશનરને અરજી કરેલી કે બોલીવુડની ‘રાજધાની એક્સપ્રેસ’ ફીલ્મમાં તેના ફોટાનો દુરુપયોગ કરાયો છે.

બાર વર્ષ પછી માર્ચ-2014માં આ બન્ને જણે સમાજને ચોંકાવી દીધો. હીન્દુ-મુસ્લીમ એકતાને ઉત્તેજન આપવા તેઓ એક મંચ પર દેખાયા અને તેઓ એવું કહેવા માંગતા હતા કે બાર વર્ષમાં સાબરમતીમાં ઘણાં પાણી વહી ગયાં છે. આ ઘટના બની વળી કેરળમાં. જ્યાં એક સ્વૈચ્છીક સંસ્થાએ કાર્યક્રમ ગોઠવેલો. જેમાં પરમારના હાથે અન્સારીના જીવનચરીત્રના પુસ્તકનું વીમોચન કરાયું. આનું નીમીત્ત બનેલા કલીમ સીદ્દીકી, જેઓ કહે છે : ‘મેં તો કેરળની આ ઘટના પછી અમદાવાદમાં પણ આ બન્નેને એક મંચ પર રજુ કરવાનો પ્રયાસ કરેલો. પણ સ્થાનીક રાજકારણે તે થવા ન દીધું.’

[ટાઈમ્સ ઓફ ઈન્ડીયા, અ’વાદના તા. 28-2-2017ને મંગળવારના અંકમાં પહેલા પાને છપાયેલો સઈદખાનનો અહેવાલ. અનુવાદ - **ડંકેશ ઓઝા**]

❑

# નરેન્દ્ર મોદીનાં લેખાંજોખાં

**પ્રવીણ ગઢવી**

અમેરીકાના નવનીયુક્ત વીવાદાસ્પદ રાષ્ટ્રપતી ટ્રમ્પ જેમની સાથે ફોનથી સીધી વાત કરે છે, એવા આંતરરાષ્ટ્રીય નેતા બની ગયેલા આપણા વડાપ્રધાન અને ગુજરાતના પુર્વ મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી જેવી વીરાટ પ્રતીભાનાં લેખાંજોખાં લેવાનું આપણું ગજું ન ગણાય. એમનાં લેખાંજોખાં તો હવે ભવીષ્યકાળ - ઈતીહાસ જ કરી શકશે.

પરંતુ નરેન્દ્ર મોદી ગુજરાતમાં મુખ્યમંત્રી હતા, ત્યારે એમના ગુણદોષ અંગે વાત કરવાનું મન થયું.

શ્રી નરેન્દ્ર મોદી કેશુભાઈને ખસેડીને દીલ્હીથી સીધા અડવાણીજી દ્વારા નીયુક્ત મુખ્યમંત્રીપદે આરુઢ થયા તેવો જ વહીવટી તંત્રમાં સોપો પડી ગયેલો. શ્રી નરેન્દ્ર મોદી ખુબ કડક છે અને ભ્રષ્ટાચાર જરાય સાંખી લે તેવા નથી એવી એમની છાપ હતી. તેથી થોડો સમય તો ભ્રષ્ટાચારની પુણ્યસલીલા અટકી ગઈ હોવાનો ભાસ થયો. સચીવો શ્રી નરેન્દ્ર મોદીથી થરથર કાંપતા હતા. કોઈપણ નવો સત્તાધીકારી મામલતદાર, કલેક્ટર, સચીવ, પ્રધાન કે મુખ્ય પ્રધાન સીંહાસન પર બીરાજે ત્યારે નીચેનો વહીવટી સ્ટાફ ઝીણી નજરે તેમની હીલચાલનું નીરીક્ષણ કરે છે. એના સ્વભાવ, રસરુચી ગમા, અણગમાનો અભ્યાસ શરુ કરી દે છે પછી સાહેબને ગમે તેવો રંગ કાચીંડા જેવું વહીવટી તંત્ર ધારણ કરે છે.

શ્રી નરેન્દ્ર મોદીએ ખુરશી પર બેસતાં જ કહ્યું કે, 'મેં તો સરપંચ તરીકે પણ કામ કર્યુ નથી. મને વહીવટનો 'વ' (કે 'ક') આવડતો નથી.' તેથી સચીવો ખુશ થયા. તાજા વછેરાને પલોટવામાં મજા આવે છે એટલે એમને થયું શ્રી નરેન્દ્ર મોદીને આપણે ઘાટ આપીશું તેવા ઘડાશે.

પરંતુ તે તેમની અણસમજ હતી. શ્રી નરેન્દ્ર મોદીને ત્રીસ વર્ષથી આર.એસ.એસ. અને ભા.જ.પ.ને ચલાવવાનો અનુભવ હતો. પક્ષ પર તેમની વચ્ચે આવેલા અંતરાયો (ગુર્જર દેશવટો) બાદ કરતાં ખુબ પકડ હતી. ચુંટણીમાં ધારાસભાના ઉમેદવારો નક્કી કરવાની એકહથ્થુ સત્તા ભોગવી હતી. એટલે એમને રાજકીય વહીવટનો અનુભવતો હતો જ. કેશુભાઈ વખતે એન્ટી-ચેમ્બરમાં એ જ નીર્ણયો કરતા એવું કહેવાતું.

સચીવો મળવા જાય તો વીવેકાનંદની જેમ બે હાથ બાંધી ખુરશીમાં ઢળતા બેસી ફક્ત સાંભળ્યા કરે, કશું બોલે નહીં. વખોડે પણ નહીં. વખાણે પણ નહીં. ફક્ત હાં હું કર્યા કરે. છેલ્લે નાસીકા ધ્વનીથી કહે, 'ઠીક છે, જુઓ, કંઈક નવું વીચારો, હજી વધુ સારું.' એમને કદી સંતોષ થાય નહીં. સચીવો થાકી ગયેલા.

મહારાષ્ટ્ર મોડલ, કર્ણાટક મોડલ, તામીલનાડુ મોડલ એવા પ્રોજેક્ટ સાંભળે તો ટોકે, ભાઈઓ, ગુજરાત મોડલ કેમ નહીં ?'

ગુજરાતનું ગૌરવ, ગુજરાતની અસ્મીતા, 'આપણું ગુજરાત, આગવું ગુજરાત' એવાં સુત્રો આપી ગુજરાત મહાન છે, મહાન બનાવો એવો રાગ આલાપવાનું શરુ કર્યું. 'દીલ્હી સલ્તનત'ને પડકારતા અને 'જય ગુજરાત' બોલી પ્રદેશવાદનો રંગ આપતા.

એમને જુની પદ્ધતીની ઓરલ મીટીંગો ન ગમતી. દરેક બાબતમાં પ્રેઝન્ટેશનની એમણે શરુઆત કરી. એના કારણે સચીવો, નીયામકોનો પરીશ્રમ ખુબ વધી ગયો. પ્રેઝન્ટેશનો એ ફક્ત જોયા કરે અને છેલ્લે હાથ ઉંચા કરી ઉભા થઈ જાય. 'ઠીક છે. જુઓ, કંઈક નવું વીચારો.' એમને ઈનોવેશન ખુબ ગમતું. ચીલાચાલુ નહીં પણ કંઈક નવું - એવું વીચારવાની સચીવોને ટેવ જ નહોતી !

જાહેરમાં હસવું નહીં, બાજુમાં બેઠેલા કોઈ મંત્રી સાથે પણ વાત ન કરવી, કોઈથી નજર મીલાવવી નહીં, ઓછું બોલવું, કડક મુખમુદ્રા ધરી રાખવી. કોઈની સાથે આત્મીયતા ન દેખાડવી એવી બધી એમની લાક્ષણીકતાઓ મેક્યાવેલી - ચાણક્યે પ્રબોધેલી હતી : 'રાજાનો કોઈ મીત્ર નહીં, સગુ-સંબંધી નહીં.' નરેન્દ્ર મોદી અંગત પરીવાર વગરના હોવાથી તેમને આ અનુકુળ સંજોગો હતા.

મંત્રીઓ પણ તેમનાથી ગભરાતા - એક અંતર રાખતા. મંત્રીઓ કલેક્ટરોને બદલી કે કોઈ કામ અંગે ભલામણ કરતા બંધ થઈ ગયા. ધીરે ધીરે બધી સત્તાઓ સી.એમ.ઓ.માં કેન્દ્રીત થઈ. અંગત સચીવોની એક નાનકડી ટુકડી-પોલીટબ્યુરો એમણે બનાવ્યું. તે જ બધા નીર્ણય લે. નરેન્દ્ર મોદી કેવળ મત્તું જ મારે. ભાગ્યે જ નોંધમાં કંઈ લખે.

કેશુભાઈના વખતે ધારાસભ્યોને કોઈ કલેક્ટર કે અધીકારી સાથે જરાક વાંકું પડે તો સાંજે તેમની બદલી થઈ જતી. નરેન્દ્ર મોદીએ એમની આવી બાબતો સાંભળવાનું બંધ કર્યું. વહીવટી તંત્રને સ્વતંત્ર અને નીષ્પક્ષ પ્રમાણે કામ કરવા દેવાની એમણે શરુઆત કરી. ઓછામાં ઓછી દખલ

કરવાની નીતી એમણે શરુ કરી. છતાં અધીકારીઓ એમના કડપના ભયમાં રહેતા અને જો ભ્રષ્ટાચાર કરતાં પકડાઈ જઈશું, તો ખેર નથી, એવા ભયથી કાંપતા રહ્યા. જો કે તળીયાના વહીવટીતંત્રમાં ઝાઝો ફેર ન પડ્યો. તલાટી, કોન્સ્ટેબલ, નીરીક્ષક, ક્લાર્ક વગેરે કક્ષાએ રાબેતા મુજબ ભ્રષ્ટાચાર નીર્ભયતાથી ચાલુ જ રહ્યો.

નરેન્દ્ર મોદીએ બહુ ઓછા અધીકારીઓ સામે પગલાં લીધાં, તેમ છતાં એમનો ભય સતત રહ્યા જ કર્યો. એવી એમની ધાક હતી. મંત્રીશ્રીઓ અને એમના અંગત સચીવોની ગરબડ પણ અટકી ગઈ. મંત્રીની પોતાના અંગત સચીવ જ્ઞાતી, વતન અનુસાર પસંદ કરવાની મુનસફી પર નરેન્દ્ર મોદીએ રોક લગાવી અને એમના વીશ્વાસુ કાર્યકરોને મંત્રાલયમાં મુકવા માંડ્યાં.

બદલીઓમાં જ્ઞાતીવાદ પણ બંધ થયો. જો કે આરએસએસ કનેક્શન ચાલુ રહ્યું. કેટલાક અધીકારીઓએ પોતાના બાળપણના - યુવાનીના ચડ્ડીવાળા ફોટા શોધી કાઢ્યા. કેટલાકે ચોટલી વધારી, કેટલાક જનોઈ ફરી પહેરતા થયા ! ઘરે નવચંડી યજ્ઞો કરતા થયા !

પ્રભારીમંત્રીઓ, સચીવો પ્રભાહીન થયા. કલેક્ટરોને સંપુર્ણ સ્વતંત્રતા નરેન્દ્ર મોદીના રાજમાં મળી પરંતુ કામનો બોજો અને દોડાદોડ વધી ગઈ. પહેલાં કલેક્ટરો ફક્ત મહેસુલી કામોમાં જ રસ લેતા. વીકાસકામો જીલ્લા વીકાસ અધીકારી અને કાયદો વ્યવસ્થા પોલીસ અધીકારી કરતા. બીજાં રાજ્યો કરતાં ગુજરાતમાં ત્રીસ્તરીય પંચાયત પદ્ધતી વધુ વીકસીત છે અને મોટાભાગનાં વીકાસકામો જીલ્લા પંચાયત મારફત જ થાય. ઈંદીરાએ એમાં ફાચર મારવા જીલ્લા ગ્રામ વીકાસ એજન્સીઓ શરુ કરેલી. સરકારના બીજા વીભાગો તેમના જીલ્લા અધીકારીઓ અને નીયામકો મારફત તેમની યોજનાઓનો સ્વતંત્રપણે અમલ કરતા. કલેક્ટરોનો એમાં રોલ નહીંવત્ હતો. નરેન્દ્ર મોદી હીમાચલ જઈ આવેલા. બીજા રાજ્યોનો ખાસ કરીને યુ.પી.નો અનુભવ હશે. એટલે એમણે કલેક્ટરોને જીલ્લાના સર્વોપરી મુખ્ય અધીકારી બનાવવાની શરુઆત કરી. બીજા રાજ્યોમાં કલેક્ટર નીચે બધા અધીકારીઓ કામ કરે છે. નરેન્દ્ર મોદીએ અહીં કલેક્ટરને પીવોટલ અધીકારી બનાવવાની જ શરુઆત કરી. જો કે ખાસ સત્તાઓ તો ન આપી પરંતુ દરેક બાબતે કલેક્ટરને જવાબદાર ઠેરવવાની શરુઆત કરી. એટલે કલેક્ટરો વીકાસ કામોમાં રસ લેવા લાગ્યા. જો કે એ ડીડીઓને ગમ્યું નહીં !

કન્યા કેળવણી, ગુણોત્સવ, શાળા પ્રવેશ, કૃષીરથ, વાંચે ગુજરાત - રમે ગુજરાત, પતંગ મહોત્સવ, રણ મહોત્સવ વગેરેમાં કલેક્ટરોને એમણે જોડ્યા. પરીણામે કલેક્ટરોની મહેસુલી તંત્ર પર પકડ ઓછી થઈ તેથી મહેસુલનો સ્ટાફ વધુ રીઢો થયો અને મનફાવે તેમનાં તેટલાં જ કામ કરતો થયો કેમ કે કલેક્ટરો પાસે મોનીટરીંગનો સમય જ નહોતો રહેતો.

અગાઉ પણ દર વર્ષે કલેક્ટર કોન્ફરન્સો થતી પરંતુ તેમાં મહેસુલી કામોનો રુટીન રીવ્યુ જ થતો. એ કોન્ફરન્સ નહીં, પણ ફક્ત મીટીંગ હતી. નરેન્દ્ર મોદીએ કેવડીયાથી તેનું આખું સ્વરુપ બદલી નાંખ્યું અને તેમાં રાજ્યના પ્રાણપ્રશ્નો અને તેના ઉકેલોની વીચારણા શરુ કરાવી. જો કે નઘરોળ વહીવટી તંત્રે સુચનોનો અમલ અજગરગતીએ અધુરો અધુરો જ કર્યો. ખાલી ચર્ચાઓ થઈ, પરીણામ શુન્ય જેવું જ રહ્યું. કલેક્ટર કોન્ફરન્સમાં એમણે 'યોગ' ઉમેર્યો.

નરેન્દ્ર મોદીએ કલેક્ટરોને 'સ્વાન્તઃ સુખાય'નો વીચાર આપ્યો. સરકારી નાણાં સીવાય પોતાને ગમતી કોઈ લોકોપયોગી યોજના કરવા તેમણે સુચવ્યું એટલે કલેક્ટરો, ડીડીઓએ ઘણા પ્રોજેક્ટ બનાવ્યા. મેં અમરેલી કલેક્ટર તરીકે 'કલાપી-તીર્થ'ની રચના લોક સહયોગથી શરુ કરી. નરેન્દ્ર મોદીએ દાન લેવાની પણ છુટ આપી. એટલે પોલીસે બુટલેગરોના ફાળાથી પોલીસ સ્ટેશન બનાવ્યાં !

નરેન્દ્ર મોદી ભલે કટ્ટર હીન્દુત્વવાદી મનાય છે, પરંતુ વહીવટી અધીકારીઓ સમક્ષ પ્રવચન આપતી વખતે કદી રાજકીય વાત કરતા નહીં. પરંતુ વ્યક્તીત્વ વીકાસ, હકારાત્મક અભીગમ, વહીવટી કાર્યકુશળતા, કર્મચારીને મોટીવેશન વગેરે અંગે જ સરસ, સુંદર રજુઆત કરતા. નરેન્દ્ર મોદીની ભાષણકળા તો બેનમુન છે. વહીવટમાં નરેન્દ્ર મોદીએ નાતજાત ધર્મના ભેદભાવ મોટેભાગે રાખ્યા નથી. હા, આર.એસ.એસ. કનેક્શન તો ખરું જ ખરું.

નરેન્દ્ર મોદીમાં ગાંધીજી, ઈંદીરા અને ગોબેલ્સનું અજીબો ગરીબ મીશ્રણ જોવા મળે છે. હીટલરના અંશાવતાર તો ખરા જ. એમની કટ્ટર હીન્દુવાદી રાજકીય વીચારસરણીને ઘડીભર ભુલી જઈએ તો તેઓને એક કાબેલ વહીવટકર્તા અવશ્ય કહેવાય એમ છે.

ગાંધીજી જેમ માસ મુવમેન્ટ કરતા તેમ નરેન્દ્ર મોદીએ સરકારમાં માસ મુવમેન્ટ શરુ કરાવી. કન્યા કેળવણી, કૃષી રથ, વાંચે ગુજરાત, રમે ગુજરાત, કન્યા ભ્રુણહત્યા નીષેધ વગેરે ઝુંબેશો એમણે મોટપાયે ચલાવી. અરે, ચેસ જેવી રમતમાં પણ એમને વર્લ્ડ 'રેકોર્ડ' કરવાનો શોખ !

નરેન્દ્ર મોદીને મોટીસભાઓ સંબોધવાનો શોખ. કલાપી-તીર્થ લોકાર્પણમાં પણ મને દસ હજારની મેદની એકઠી

કરવા કહેવામાં આવેલું. કલાપીના એટલા ચાહક ક્યાંથી મળે ! આખરે મામલતદારોએ ઘેટાંનાં ટોળાં ભેગાં કર્યા !

*ગોબેલ્સ પણ પાણી ભરે તેવી પ્રચાર ઝુંબેશ ચલાવવામાં નરેન્દ્ર મોદી માહેર છે. 'ગુજરાત મોડલ'નો પોલા ઢોલ જેવો પ્રચાર એમણે આખા વીશ્વમાં કર્યો.*

નરેન્દ્ર મોદીએ અનેક સુત્રો અને ઝુંબેશો આપ્યાં. શરુઆત મોટા પાયે ઢોલ નગારાથી થાય પરંતુ અવસર વીત્યે મોદી અને વહીવટીતંત્ર બધું ભુલી જાય. દરેક ઝુંબેશનો ઈલેક્ટ્રોનીક ડેટા ભેગો કરવાનો નરેન્દ્ર મોદીને ખુબ શોખ. કોઈપણ ઝુંબેશ હોય, ઓન લાઈન પત્રકો, તરત આવી જાય, રોજરોજ હીસાબ રાખવો પડે. કન્યા કેળવણીમાં દરેક શાળાએ વહીવટી, પોલીસ અને વન વીભાગના અધીકારીઓને મોકલવાથી ટી.એ.ડી.એ. વાહનોના ફક્ત ખર્ચા વધ્યા ! કન્યાઓ તો શીક્ષકો જ લાવે છે. પદરના પગારમાંથી ફાળો કરી કન્યા કેળવણી નીધીમાં પૈસા આપે છે, શીક્ષીકાઓ રાંધીને અધીકારીઓને જમાડે છે !

નરેન્દ્ર મોદી ઝુંબેશ શરુ કરે. જોરશોરથી પરંતુ તરત ભુલી પણ જાય. વળી તેઓ ફક્ત વહીવટી તંત્રનો જ ઉપયોગ કરે. પોતાના પક્ષના કાર્યકરોને સામેલ કરતા નથી. પરીણામે અધીકારીઓએ સ્ટેજ અને ઓડીયન્સ બન્ને કૃત્રીમ રીતે કરવાં પડે. પક્ષ તરફથી કોઈ સહકાર કે રસ જોવા ન મળે. બંગાળમાં માર્ક્સવાદીઓ સરકારી યોજનાઓના પ્રચાર-પ્રસારમાં પક્ષની કેડરને જોડતા.

નરેન્દ્ર મોદી યોજનાઓ બનાવે, પણ નાણાકીય જોગવાઈ નહીંવત્ કરે. દરેક વસ્તુ લોકભાગીદારીથી. લોકો ક્યાંથી પૈસો આપે ? આખરે અધીકારીઓએ બધું 'મેનેજ' કરવું પડે. 'વાંચે ગુજરાત'માં ગામડાના પુસ્તકાલયોને જીવતાં કરી શક્યા હોત પણ કશું થયું નહીં. લોકો પુસ્તકો ખરીદે તેવા પ્રયાસો કરવાને બદલે એક પુસ્તક દશ જણ વાંચે એવા - 'તરતા પુસ્તકની' વાત કરી. ગુજરાતીઓ પુસ્તક ખરીદી માટે એક પૈસો ખર્ચતા નથી. અરે પીક્ચર- નાસ્તામાં - જમવામાં અઢળક પૈસો ખર્ચે છે ! એમને તો ભાવતું'તું ને વૈદે કીધું !

કૃષી રથ કાઢવાના પણ ખેડુતોના વીજળી જોડાણ, ભુંડ-રોઝના ત્રાસ અંગેના પ્રશ્ન ઉકેલવાના નહીં. શાળા પ્રવેશમાં શીક્ષકોની ઘટ પુરવી નહીં. શહેરી વીકાસ વર્ષમાં તમામ શહેરોને ગટર યોજના આપવી નહીં. પ્રવાસ વર્ષમાં પ્રવાસન નીગમનો કોઈ વીકાસ કરવો નહીં. રમે ગુજરાતમાં શાળામાં મેદાનો નહીં, વ્યાયામ શીક્ષક નહીં !

નરેન્દ્ર મોદીની યોજનાઓમાં યોજનાકીય ખર્ચ કરતાં પ્રચારનો ખર્ચ વધુ થાય છે, એમ મનાય છે. વડાપ્રધાન થયા પછી સફાઈઝુંબેશ કરી તો પ્રચાર પાછળ કરોડો ખર્ચ્યા અને પ્રજાના માથે 'સફાઈ કર' ઝીંક્યો ! ગંદકી તો યથાવત્ જ રહી. ગ્રામ પંચાયતને સ્વચ્છતા માટે ફંડ આપવામાં ન આવે તો તે ક્યાંથી કરે ?

નરેન્દ્ર મોદીએ સ્વાગત ઓન લાઈનનો કાર્યક્રમ શરુ કરી લોકોના પ્રશ્નોનો નીકાલ કરવાની ખુબ સારી શરુઆત કરી હતી. પહેલાં જીલ્લા કક્ષાએ હતો, તે કાર્યક્રમ હવે તાલુકા કક્ષાએ પણ થાય છે. ઈન્ફોર્મેશન ટેક્નોલોજી અને સોશ્યલ મીડીયાનો ઉપયોગ નરેન્દ્ર મોદી જેવો કોઈ કરી શક્યા નથી. કોમ્પ્યુટરોથી ક્લાર્કના ટેબલ છલકાવી દીધાં. ગામડે ગામડે કોમ્પ્યુટરો પહોંચી ગયાં.

નરેન્દ્ર મોદી ભલે જુદી રાજકીય વીચારધારા ધરાવે છે. પરંતુ એમનામાં ઈંદીરાના કડપના અંશો રહેલા છે.

ગોબેલ્સ પણ પાણી ભરે તેવી પ્રચાર ઝુંબેશ ચલાવવામાં નરેન્દ્ર મોદી માહેર છે. 'ગુજરાત મોડલ'નો પોલા ઢોલ જેવો પ્રચાર એમણે આખા વીશ્વમાં કર્યો. જાણે એમના પછી જ ગુજરાતનો વીકાસ શરુ થયો હોય એવો દેખાવ કર્યો અને રોડ, રસ્તા, ઓવરબ્રીજથી લોકોને આંજી દીધા. 'ગુજરાત' માસીક તો જાણે એમનું ફોટો-મેગેઝીન બની ગયું. ચોરે ચૌટે એમની તસ્વીરો મુકાઈ. દક્ષીણ ભારતમાંથી કટ આઉટની ફેશન લઈ આવ્યા.

યોજનાઓના પોલા ઢોલ વગાડવા મોટા મોટા બોગસ આંકડા રજુ કરવા. એમની પ્રશંસા કરતા, મહાન બતાવતાં પુસ્તકો તૈયાર કરાવી બહાર પાડવાં. 'વાઈબ્રન્ટ ગુજરાત'ના મેળાવડા નીમીત્તે 'ગુજરાત મોડલ'નો પ્રચાર કરવો. ઔદ્યોગીક વીકાસના મોટા આંકડા આપવા, આ બધા એમના દેખાઈ આવે તેવા દોષો છે.

નરેન્દ્ર મોદી વીષે લખીએ તેટલું ઓછું પડે. ભા.જ.પ. આર.એસ.એસ. ખરેખર નસીબદાર છે કે એને આવો ખમતીધર પ્રચાર પુરુષ મળી આવ્યો છે. મોદી તેમની ભાષણકળા અને પ્રચાર ઝુંબેશની આવડતથી પોતાના નામનો ચોતરફ જય જયકાર કરાવી શક્યા છે. ટીળકે ભલે કહેલું કે 'મારે શું પાર્લામેન્ટમાં તંબોળી, તેલી મોકલવા ?' મોદી અને ટીળકની વીચારસરણી સમાન હોવા છતાં ટીળકને ખોટા પાડ્યા છે, તેની ના નહીં !

[આસવલોક, 466/2, સેક્ટર-1, ગાયત્રી મંદીર પાછળ, ગાંધીનગર]

❑

# કાચાકામના કેદીઓ, સરકાર અને ન્યાયતંત્ર

પ્રો. અશ્વીનકુમાર ન. કારીઆ

કેન્દ્ર સરકાર અને ન્યાયતંત્ર વચ્ચે વધતી જતી કેસોની પડતર સંખ્યા અને ન્યાયાધીશોની નીમણુંક સંબંધી વીવાદ છેલ્લા કેટલાક વખતથી ચાલ્યા કરે છે. ન્યાયતંત્રનો આરોપ છે કે તેના તંત્રમાં 50,000 ઉપરાંત ન્યાયાધીશોની ખાલી જગ્યાઓ પુરવા માટે સરકાર સહકાર આપતી નથી અને પરીણામે સર્વોચ્ચ અદાલત, વડી અદાલતો સહીત, તમામ અદાલતોમાં કેસોનો ભરાવો વધી ગયો છે.

વીવાદના દોષારોપણમાં આપણે પડવું નથી. પરંતુ 3 કરોડ જેટલા પડતર કેસોની સંખ્યાનું સીધું પરીણામ એ આવ્યું છે કે આરોપ મુકાયેલા (અને સંભવતઃ નીર્દોષ) લાખો કાચા કામના કેદીઓ, તેઓ દોષીત ઠરાવાય, તો તેમને વધુમાં વધુ થઈ શકે તે સજાના સમયથી પણ વધારે સમયથી જેલોમાં સબડી રહ્યા છે. આ માહોલ વચ્ચે કેન્દ્રીય કાયદા મંત્રી રવીશંકર પ્રસાદે એક સારું કદમ ઉઠાવ્યું છે. તેમણે તમામ વડી અદાલતોના મુખ્ય ન્યાયમુર્તીઓને પોતાની મેળે (suo moto) આવા લાંબા સમયથી જેલમાં રહેલ કાચા કામના કેદીઓની સમીક્ષા હાથ ધરી, નીર્દોષ વ્યક્તીઓને, શક્ય તેટલી જલ્દીથી મુક્ત કરવા અપીલ પાઠવેલ છે. નેશનલ ક્રાઈમ બ્યુરો રેકર્ડના આંકડા પ્રમાણે ભારતની તમામ જેલોમાં 2015નાં વર્ષમાં કુલ 2.82 લાખ કેદીઓ હતા અને તેમાં 67 ટકા કેદીઓ કાચા કામના કેદીઓ હતા. આવા કેદીઓએ, જામીન પર મુક્ત થતા અગાઉ, ત્રણ માસથી 5 વર્ષ સુધીનો સમય જેલમાં ગાળ્યો છે. કેન્દ્રીય કાયદા પ્રધાને ન્યાયતંત્રને પાઠવેલ આ અપીલના પ્રતીભાવની આપણે રાહ જોઈએ.

લાંબા સમયથી જેલમાં રહેલ કાચા કામના કેદીઓને જેલમાંથી મુક્ત કરવાની સુધારણાની પહેલ આ પ્રથમ વખત થઈ નથી. ન્યાયાધીશોની નીમણુંક કોલેજીયમે કરવાની સત્તાના વીવાદ વખતે પણ આ પ્રશ્ન ગત વર્ષે ચમક્યો હતો. સર્વોચ્ચ અદાલતના ખ્યાતનામ અને માનવવાદી જસ્ટીસ કૃષ્ણઐયરે આરોપીઓ માટે સુત્ર આપ્યું હતું. 'Bail, and not jail.' આવા કેદીઓ પર જેલોમાં અત્યાચાર ગુજારાય છે અને ક્યાંક કેદીઓના મોત પણ થાય છે. જસ્ટીસ ભગવતીએ જેલમાં હીંસાથી કેદીઓનાં થતા મૃત્યુનાં બનાવોને 'લોકશાહી માટે કાળા ધબ્બા' સમાન ગણાવેલ છે.

એ સત્યનો સ્વીકાર થવો જોઈએ કે ન્યાયતંત્ર પર કામનું ભારણ ખુબ વધારે છે અને તેથી કેસોનો ભરાવો વધતો રહ્યો છે. પરંતુ તે સાથે અન્ય ખામીઓ તરફ દુર્લક્ષ ન સેવાય, તેની કાળજી લેવાવી જોઈએ. પોલીસ અને જેલ સત્તાવાળાઓ પોતાની ભુમીકા સક્ષમ રીતે નીભાવવામાં નીષ્ફળ ગયેલ હોવાથી પણ અદાલતી કામકાજમાં વીલંબ થાય છે. મોટાભાગના કાચા કામના કેદીઓ બીનવીશેષાધીકૃત સામાજીક વર્ગોમાંથી આવે છે. આ સંબંધમાં થયેલ કેટલાક સર્વે એવું સુચવે છે કે 50થી 55 ટકા આવા કેદીઓ લઘુમતી અને દલીત કોમના હોય છે. નેશનલ ક્રાઈમ રેકર્ડ બ્યુરોની માહીતી પ્રમાણે તેમાંના 70 ટકા અભણ હોય છે. સંસાધનોના અભાવે, તેઓ વકીલનો સંપર્ક કરી શકતા નથી કે સરકારની મફત કાનુની સહાયનો લાભ પણ મેળવી શકતા નથી.

ફોજદારી કાર્યવાહી સંહીતા, 1973 - ક. 167 પ્રમાણે અદાલત એકી સમયે 15 દીવસ કરતાં વધારે સમય માટે કસ્ટડી સોંપી શકે નહીં. એવા અનેક કીસ્સાઓ છે કે જેમાં આરોપીને જેલમાં એક વખત મુક્યા પછી વર્ષો સુધી કે મહીનાઓ સુધી તેને અદાલતમાં એકેય વખત રજુ કરાયેલ ન હોય કે તેની સામે કોઈ તહોમત દાખલ કરાયેલ ન હોય. આપણી સર્વોચ્ચ અદાલતે છેક 1980માં ઝડપી ન્યાયને બંધારણનાં અનુ. 21 હેઠળ ગૌરવપુર્વક જીવન જીવવાના અધીકાર તરીકે મુળભુત અધીકાર તરીકે માન્ય કરેલ છે. કાચા કામના (કે નીર્દોષ) કેદીઓની મુક્તી અને ન્યાયમાં વીલંબ સંકુલ સમસ્યા છે. ન્યાયતંત્ર, સરકાર, જેલ અને પોલીસ સત્તાવાળાઓ, બાર કાઉન્સીલ અને સરકારી વકીલોના સુમેળભર્યા પ્રયાસોથી આ સમસ્યાનો ત્વરીત નીકાલ થયો ઘટે. આમ ન થવાથી, આવા કેદીઓના માનવ અધીકારોનો ભંગ થતો રહે છે અને બીજી તરફ, સરકારની નીઃશુલ્ક કાનુની સહાય યોજના નીષ્ક્રીય બની રહે છે.

[સંપર્ક (મો) 93740 18111]

❑

# ડૉ. બાબાસાહેબ આંબેડકરનું પત્રકારત્વ

**સુભાષ પાળેકર**

ડૉ. બાબાસાહેબ આંબેડકરની (જન્મ 14 એપ્રીલ 1891થી પરીનીર્વાણ 6 ડીસેમ્બર 1956) સામાજીક અને રાજકીય કાર્યની શરુઆત 1919થી થઈ. તેમની વર્તમાનપત્રની કામગીરી 1920માં શરુ થઈ. પહેલું વર્તમાનપત્ર 'મુકનાયક.' મુકનાયક 31 જાન્યુઆરી 1920માં પખવાડીક તરીકે શરુ થયું. મુકનાયકના પ્રકાશન માટે કોલ્હાપુરના શાહુ મહારાજે રુપીયા પચીસસોની આર્થીક મદદ કરી હતી.

મુકનાયક શરુ થયું ત્યારે લોકમાન્ય બાળગંગાધર ટીળક જીવીત હતા. તેમણે મુકનાયકની પોતાના 'કેસરી' વર્તમાનપત્રમાં કોઈપણ નોંધ ના લીધી અને પૈસા આપવા છતાંય 'કેસરી'માં જાહેરાત છાપવાની ના પાડી. કોલ્હાપુરના શાહુ મહારાજે કરેલી મદદ તેમના માટે સો ગણી હતી. 'દલીતોનો સગો' તરીકે તેમનો વીશેષ ઉલ્લેખ કર્યો છે. (બહીષ્કૃત ભારત - તા. 4 નવેમ્બર-1927). માણગાંવ ખાતેની દલીત પરીષદમાં ડૉ. બાબાસાહેબ આંબેડકર વીશે બોલતા શાહુ મહારાજે કહ્યું હતું કે, 'તમારો સાચો નેતા ડૉ. આંબેડકર છે.' શાહુ મહારાજે કરેલી આગાહી ખરી ઠરી. ડૉ. આંબેડકરના પહેલા સમાજ સુધારણા આંદોલનમાં શાહુ મહારાજનો ખુબ મોટો ફાળો રહ્યો છે. દલીતોને તેઓ પોતીકા ગણતા હતા.



'મુકનાયક'ના સ્થાપક ખરા અર્થે ડૉ. આંબેડકર હતા છતાંય તંત્રીપદની જવાબદારી વીદર્ભી નેતા પાંડુરંગ નંદરામ ભટકર સંભાળતા હતા. તે વખતે ડૉ. આંબેડકર સીડમહામની સરકારી કોલેજમાં પ્રાધ્યાપક હતા. તેથી તેઓએ 'મુકનાયક'ના તંત્રીપદની જવાબદારી સ્વીકારી નહીં. પરંતુ 'મુકનાયક'ના કેટલાક લેખોનો ઉલ્લેખ પણ પછી કેટલાક વર્તમાનપત્રોના લેખોમાં કર્યો છે. અધુરો અભ્યાસ પુરો કરવા માટે તેઓ વીદેશ ગયા પછી આર્થીક રીતે મુકનાયકના હીસાબ-કીતાબમાં ગોટાળા અને વીખવાદ થયો તેથી આંબેડકરને ખુબ સંતાપ થયો.

ડૉ. આંબેડકરનું વર્તમાનપત્રના ક્ષેત્રમાં બીજું પગથીયું 'બહીષ્કૃત ભારત' પખવાડીક. મહાડના ચવદાર તળાવ સત્યાગ્રહ પર આધારીત 'બહીષ્કૃત ભારત' શરુ થયું. બહીષ્કૃત હીતકારીણી સભા એ ડૉ. બાબાસાહેબ આંબેડકરનું પહેલું સામાજીક સંગઠન. તેની સ્થાપના પછી ત્રણ વરસે 'બહીષ્કૃત ભારત' શરુ કર્યું. (તા. 3 એપ્રીલ, 1927) બહીષ્કૃત ભારતનું વીશેષ મહત્ત્વ એ હતું કે ડૉ. આંબેડકર પોતે તેના તંત્રી હતા. ખરી રીતે તેઓ ફક્ત 'બહીષ્કૃત ભારત'ના જ તંત્રી હતા, પછીના સમયમાં સમતા, જનતા, પ્રબુદ્ધ ભારત વગેરે વર્તમાનપત્રો તેમની દોરવણી હેઠળ અને તેમની ઈચ્છાનુસાર શરુ થયા, પરંતુ તંત્રી ન હતા.

આ પત્રો અંદાજે બે વર્ષ (22 મહીના) સુધી પ્રસીદ્ધ થયા. પ્રથમ વર્ષ (તા. 3 એપ્રીલ, 1927થી 1928), બીજું વર્ષ (તા. 16 નવેમ્બર-1928થી 15 નવેમ્બર 1929) તેમજ 3 ફેબ્રુઆરી 1928થી 16 નવેમ્બર 1928 સુધી બંધ રહ્યું. ઘણી વખત તેમાં વીક્ષેપ પડ્યો. વર્તમાનપત્રની આર્થીક પરીસ્થીતી ડામાડોળ હતી. કટોકટીની પરીસ્થીતીમાં ખેંચતાણમાં વર્તમાનપત્ર ચાલુ રાખ્યું. 'બહીષ્કૃત ભારત'માં તેઓ પાનાં ભરીભરીને લખતાં હતા, કોઈની પણ મદદ લીધા વીના. તેનો ઉલ્લેખ પણ તેમણે કર્યો છે. (બહીષ્કૃત ભારત - 3 ફેબ્રુઆરી 1928)

'બહીષ્કૃત ભારત' વર્તમાનપત્ર બીજા વર્ષે પોતાના પ્રેસમાં (તા. 16 નવેમ્બર 1928થી) છાપવાની શરુઆત કરી. (ભારત ભુષણ પ્રીન્ટીંગ પ્રેસ) 'બહીષ્કૃત ભારત'માં મહાડના ચવદાર તળાવના ધર્મસંગર આંદોલન વીશે તેમણે પુષ્કળ લખાણ કર્યુ. મહાડનો ધર્મસંગર અને વરીષ્ઠ હીંદુઓની જવાબદારી, મહાડનો ધર્મસંગર અને અંગ્રેજ સરકારની જવાબદારી - એ બધા તંત્રી લેખો ખુબ મહત્ત્વના છે. મહાડના ચવદાર તળાવ આંદોલન અને સત્યાગ્રહના સંદર્ભ વીશે ખાસ વધારાનો અંક પણ પ્રસીદ્ધ થયો હતો અને સનાતની હીંદુઓ સામે બાથ ભીડી હતી. ચવદાર તળાવના સત્યાગ્રહની ભુમીકા વીશે વીગતવાર છાપામાં લેખો લખ્યા

અને સાથે સાથે વીરોધીઓને પણ સાણસામાં લીધા. મહાડ આંદોલનની સાથે ઉમરાવતીના અંબાદેવી મંદીર પ્રવેશ, પુણેના પાર્વતી મંદીરનો પ્રવેશ વગેરેનો ઉલ્લેખ પણ 'બહીષ્કૃત ભારત'માં કરેલ છે.

ભારતમાં રાજકીય ક્ષેત્રે ડૉ. આંબેડકર નામનું વ્યક્તીત્વ ઉભરી આવવાનો આ યુગ શરુ થયો હતો. મહાડના સત્યાગ્રહથી તેમનું નામ બધાના હોઠે ચઢ્યું. આ સમયમાં તા. 4 સપ્ટેમ્બર 1927માં સમાજ સમતા સંઘની સ્થાપના થઈ. આ સંગઠન ઉજળીયાતોએ શરુ કર્યું હતું. ભા. વી. પ્રધાન, દે. વી. નાઈક, રા. દ. કવળી વગેરે સવર્ણોનો તેમાં સહયોગ હતો. સમાજ સમતા સંઘના લોકોએ ડૉ. આંબેડકરને, પ્રમુખપદ સ્વીકારવા માટે આગ્રહ કર્યો. ડૉ. આંબેડકરે એમની લાગણી ઓળખીને સમાજ સમતા સંઘના પ્રમુખપદનો સ્વીકાર કર્યો. સમાજ સમતા સંઘના આ લોકો ડૉ. આંબેડકરની કસોટીમાં પાસ થયા. કેટલાક લોકો છેક સુધી ડૉ. આંબેડકર સાથે રહ્યા. ઘણી મહેનત, ઘણું બધું દુઃખ વેઠીને પણ તેઓ સમાજ સમતા સંઘના ધ્યેયને આગળ લઈ જવા માટે મક્કમ રહ્યા.

ડૉ. બાબાસાહેબ આંબેડકરના આંદોલનમાં શરુઆતથી જ ઉજળીયાત લોકો મોટા પ્રમાણમાં જોવા મળતા હતા. ગ. ની. સહસ્રબુદ્ધે તો મહાડના મનુસ્મૃતી દહન કાર્યક્રમની આગેવાની લીધી હતી. કમલાકાંત ચીત્રે, અનંતરાવ ચીત્રે, ભા. ર. કદ્રેકર વગેરે છેક સુધી ડૉ. આંબેડકરની સાથે રહ્યા. શૈક્ષણીક કાર્યમાં પણ તેઓ સહભાગી હતા. દે. વી. નાઈક, ગોવર્ધન બ્રાહ્મણ હતા અને 'બ્રાહ્મણ-બ્રાહ્મણેતર' નામનું છાપું ચલાવતા હતા. સમાજ સમતા સંઘ શરુ થયા પછી 'સમતા' નામનું વર્તમાનપત્ર શરુ કરવામાં તેમનો મોટો ફાળો હતો. ત્યારબાદ 'જનતા' પત્ર શરુ કરવામાં દે. વી. નાઈક અને કદ્રેકરનો ખુબ મોટો સહયોગ હતો.

'બહીષ્કૃત ભારત' ચાલુ હતું ત્યારે 'સમતા' વર્તમાનપત્ર શરુ કરવા માટે ડૉ. આંબેડકરે તેમને પ્રોત્સાહીત કર્યા અને આ બંને વર્તમાનપત્રોના વીચારો એકસરખા હોવાથી બધાએ આ વર્તમાનપત્ર વાંચવામાં એવી અપેક્ષા સાથે પોતે લખેલું નીવેદન 'બહીષ્કૃત ભારત'માં પ્રસીદ્ધ કર્યું. (બહીષ્કૃત ભારત-7 ડીસેમ્બર-1928) 'સમતા' શરુ કરવા માટે 'બહીષ્કૃત ભારત'ની પ્રસીદ્ધીની તારીખમાં એક અઠવાડીયાનો ફેરફાર કર્યો. 'સમતા' વર્તમાનપત્ર માટે ડૉ. આંબેડકરે પોતે કશું લખાણ લખ્યું નથી.

'સમતા' દર શુક્રવારે પ્રસીદ્ધ થતું. લોકમાન્ય ટીળકના સુપુત્ર શ્રીધર બળવંત ટીળકની આત્મહત્યાનો દીવસ પણ શુક્રવાર હતો. શ્રીધર બળવંત ટીળક સુધારાવાદી હતા, સામાજીક સમતાના આગ્રહી હતા અને લોકમાન્ય ટીળકના વીચારોથી પર હતા, કારણ, સમાજસુધારક આગરકરના વીચારોની છાયા તેમનામાં હતી. 'અમને તમારા જેવું લોકમાન્ય થવું નથી' એવું તેઓ લોકમાન્ય ટીળક સામે બોલ્યા હતા. આવું બોલવામાં કટાક્ષ પણ હતો કારણ શ્રીધર બળવંતના વીચારો અત્યંત પ્રગતીશીલ હતા.

ટીળકનું નીવાસસ્થાન એવા પુણેના ગાયકવાડના વાડામાં ડૉ. આંબેડકર પ્રમુખ હતા એ 'સમાજ સમતા સંઘ'ની શાખા 8 એપ્રીલ 1928માં ડૉ. આંબેડકરની હાજરીમાં શરુ થઈ. 'કેસરી' વર્તમાનપત્રના પદાધીકારીઓના છળકપટ અને ત્રાસથી શ્રીધર બળવંત ટીળકને આત્મહત્યા કરવા માટે મજબુર થવું પડ્યું. આત્મહત્યા પહેલા તેમણે ડૉ. આંબેડકરને છેલ્લો પત્ર લખ્યો. તેમાં આભડછેટ અને અસ્પૃશ્યતા વીશે ચીંતા વ્યક્ત કરી હતી.

શ્રીધર બળવંતે પોતે લખેલા પત્રમાં કહે છે, 'મારા બહીષ્કૃત ભાઈઓની ફરીયાદ પ્રત્યક્ષ ભગવાન શ્રીકૃષ્ણના ચરણોમાં સાદર કરવા હું જઈ રહ્યો છું.' શ્રીધરની વેદના અને ડૉ. આંબેડકર પ્રત્યેની નીષ્ઠા અને પ્રેમ આ પત્રમાં વ્યક્ત થાય છે. શ્રીધરની આત્મહત્યા પછી ડૉ. આંબેડકરે દુનીયા વર્તમાનપત્રમાં મૃત્યુ નોંધ લખીને પોતાનો શોક વ્યક્ત કર્યો.

'સમતા' પત્રના તા. 29 જુન 1928ના પહેલા અંકમાં શ્રીધરે લખેલો પત્ર અને તેમનો ફોટો જેમનો તેમ પ્રસીદ્ધ કર્યો અને તેમની યાદગીરી રુપે દર શુક્રવારે 'સમતા' પ્રસીદ્ધ કરવાની શરુઆત કરી.

સમાજ સમતા સંઘના ડૉ. આંબેડકરના સાથીદારોની સમતાવાદી પ્રગતીશીલ વીચારધારા હતી. આ લોકોની સાથે સમાજ સમતા સંઘનું કામ કરતી વખતે ડૉ. આંબેડકરની વીચારધારા હીંદુ સુધારક હતી. મંદીર પ્રવેશ, અસ્પૃશ્યતાના વેદોક્ત વીવાદ, ગણેશ ઉત્સવમાં મુર્તીપુજાનો અધીકાર, સમુહભોજન વગેરે પ્રશ્નોની ચર્ચા તેઓ શરુઆતથી કરતા હતા. તેના પડઘા 'બહીષ્કૃત

*આત્મહત્યા પહેલા તેમણે ડૉ. આંબેડકરને છેલ્લો પત્ર લખ્યો. તેમાં આભડછેટ અને અસ્પૃશ્યતા વીશે ચીંતા વ્યક્ત કરી હતી.*

ભારત'માં દેખાય છે. મહાડ સત્યાગ્રહના કેસમાં 'ગીતા ધર્મગ્રંથને હું પવીત્ર માનું છું' એવું કોર્ટમાં બોલ્યા છે. પછીના સમયમાં તેમણે ગીતા એ 'ચાતુર્વર્ણનું સંયુક્ત જાહેરનામું છે' એવું પણ કહ્યું છે.

સત્યાગ્રહ વીશેની છણાવટ કરતી વખતે 'હીંદુઓનું ધર્મશાસ્ત્ર, તેમનું ક્ષેત્ર અને તેમના અધીકારો' બહીષ્કૃત ભારત (21 ડીસેમ્બર 1928)માં એ વીશે તેઓ પોતાના વીચારો રજુ કરે છે. 'મહાર અને તેમનું વતન', સાયમન કમીશન, નેહરુ કમીટીની યોજના, સામ્યવાદ અને સામ્યવાદી, મુંબઈ મ્યુનીસીપાલીટીના લોક પ્રતીનીધી, મીલમાલીક અને કામદારો, મુંબઈ ઈલાકાનું શીક્ષણ ક્ષેત્ર, શાહુકારોએ કરેલી ખેડુતોની અવદશા વગેરે પ્રશ્નોની પણ છણાવટ તેઓ બહીષ્કૃત ભારતમાં કરે છે.

ડૉ. બાબાસાહેબ આંબેડકરનું કાર્યક્ષેત્ર સામાજીક ધાર્મીક સુધારણા સુધી મર્યાદીત ન હતું. પરંતુ હવે રાજકીય ક્ષીતીજે હતું. એ જ વીચારધારા પર 24 નવેમ્બર 1930ના રોજ 'જનતા' પખવાડીક વર્તમાનપત્રની શરુઆત થઈ. બહીષ્કૃત ભારત તા. 15-11-1929ના રોજ બંધ થયું અને એક વરસ પછી 'જનતા' વર્તમાનપત્ર શરુ થયું.

મહાડ આંદોલન પછી 1930માં નાસીક કાળારામ મંદીર સત્યાગ્રહ જન આંદોલન તરીકે ઉપાડ્યું. આ સત્યાગ્રહ પાંચ વર્ષ સુધી ચાલ્યો. બ્રીટીશ સરકારે ડૉ. આંબેડકરની આગેવાનીને માન્યતા આપીને પહેલી ગોળમેજી પરીષદ માટે અસ્પૃશ્યોના પ્રતીનીધી તરીકે તેમને અને રા. બ. શ્રીનીવાસનને આમંત્રીત કર્યા. આ નીમંત્રણનો સ્વીકાર કરીને આંબેડકર ઈંગ્લેન્ડ ગયા, જતાં પહેલાં ગાંધીજી સાથે મુલાકાત કરી. ઈંગ્લેંડ જતી વખતે જહાજ પરથી જે પત્ર મોકલ્યો તેમાં તેમણે લખ્યું છે કે, 'મારું જીવન એક મહાકાવ્ય બનતું જાય છે. મારા મીત્રો અને મારા સાથીદારોને પણ એવું લાગે છે કે મારો સ્વભાવ અને ટેવ કાવ્યમય નથી તો પણ મારો રોજીંદો ક્રમ, મારું આયુષ્ય એક અપુર્વ અને પ્રચંડ એવું કાવ્ય જ તો બનતું નથી ને ?' હીંદુસ્તાનનો એક અસ્પૃશ્ય - મહારનો છોકરો આગળ જતાં રાઉન્ડ ટેબલ પરીષદમાં જશે અને રાષ્ટ્રનું ભવીષ્ય નીર્માણ કરવાની ઘટના સમીતીમાં બેસશે... આ શું તમને શક્ય લાગે છે ? આ બધી વાતો કાવ્યમય અને ચમત્કારીક નથી લાગતી ? આ કલ્પનાના તરંગો તો નથી ને ? ('જનતા', તારીખ : 14 સપ્ટેમ્બર, 1931)

આવા વાતાવરણમાં 'જનતા' પત્ર શરુ થયું. 'બહીષ્કૃત ભારત' વર્તમાનપત્ર અસ્પૃશ્યો સીવાય બીજા કોઈ લોકો વાંચતા નથી એટલે છાપાનું નામ બદલીને 'જનતા' કર્યું. આ પત્રની જવાબદારી દે. વી. નાઈક અને ભા. ર. કદ્રેકરે ઉપાડી. ડૉ. આંબેડકરે તેમને પત્ર લખીને જણાવ્યું છે, 'તમે અસ્પૃશ્યો નથી છતાંય એકચીત્તે આ આંદોલન સાથે એક રુપ થયા છો અને આપણી વચ્ચે કોઈ ફરક રહ્યો નથી.'

દે. વી. નાઈક પત્રના તંત્રી હતા અને પ્રકાશક - વ્યવસ્થાપક ભાસ્કરરાવ રઘુનાથ કદ્રેકર હતા. 'જનતા'પત્રનાં વાચકો માટે ડૉ. આંબેડકરે પરદેશ જતી વખતે અને ત્યાં ગયા પછી સવીસ્તારપણે પત્રો મોકલ્યા છે. પ્રવાસનું વર્ણનની સાથે ગોળમેજી પરીષદની મહત્ત્વની વીગતો સાથેનું લખાણ આ પત્રમાં જોવા મળે છે. આંબેડકર-ગાંધી સંઘર્ષનું રુપ 'જનતા'પત્રમાં જોવા મળે છે. આ બધા પત્રો અંગ્રેજીમાં છે અને તેનું ભાષાંતર 'જનતા' પત્રમાં છપાતું હતું.

ડૉ. આંબેડકરના સમાજ સમતા સંઘના સાથીદારો દે. વી. નાઈક અને બીજા લોકોએ આંદોલન વીશેનું મુખપત્ર શરુ કરવાની વીનંતી કરી પરંતુ બાબાસાહેબ તેમની માંગણીને માન આપવાની તરફેણમાં ન હતા. કારણ બહીષ્કૃત ભારત શરુ કરતી વખતે તેમણે જાતે જ લખવું પડતું હતું. લવાજમ પણ ઓછું, પુરતા વાચકો મળે નહીં, મદદમાં કોઈ નહીં. આવી પરીસ્થીતીમાં તેમણે બે વર્ષ સુધી ત્રાસ વેઠીને 'બહીષ્કૃત ભારત' ચલાવ્યું.

કર્મવીર દાદાસાહેબ ગાયકવાડને મોકલેલા પત્રમાં ડૉ. આંબેડકર લખે છે, 'જનતા'પત્ર માટે લખાણ લખવામાં મેં મારી તાકાત લગાવી છે. દરેક ઘટનાઓની હું નોંધ લેવા માગું છું અને 'જનતા'પત્રના પ્રચાર માટે મદદ કરવા તેમજ વધુમાં વધુ ભંડોળ ભેગું થાય તે માટે પ્રયત્નો થવા જોઈએ. 'જનતા' પત્ર માટે હીંતચીંતક આશ્રયદાતા ઉભા કરો અને હું પરદેશથી પરત આવીશ પછી બધું કામ સમટેવું જોઈએ. દેવરાવ નાઈકે 5 હજાર ગ્રાહકોની નોંધણીની જવાબદારી ઉપાડી છે, તે પુરી થવી જોઈએ. અસ્પૃશ્ય સમાજ ગરીબ છે પરંતુ 'જનતા' પત્ર માટે દર અઠવાડીયે એક આનો ખર્ચી ના શકે એટલો ગરીબ નથી.

*આવા વાતાવરણમાં 'જનતા' પત્ર શરુ થયું. 'બહીષ્કૃત ભારત' વર્તમાનપત્ર અસ્પૃશ્યો સીવાય બીજા કોઈ લોકો વાંચતા નથી એટલે છાપાનું નામ બદલીને 'જનતા' કર્યું.*

અત્યંત કટોકટીની વેળામાં 'જનતા'પત્ર ડૉ. બાબાસાહેબ આંબેડકરે સંભાળી રાખ્યું. 1934- 35ના

અરસામાં તે બંધ પડ્યું. ફરી ઉભું થયું. 'જનતા'પત્રના સંપાદકીય મંડળમાં દે. વી. નાઈક, ભા. ર. કદ્રેકર, ગ. ની. સહસ્રબુદ્ધે, રા. ઘો. ભંડારે, બા. ય. કાંબળે, યશવંતરાય આંબેડકર વગેરે લોકોનો સમાવેશ થતો હતો. 1933માં પ્રસીદ્ધ થયેલા 'જનતા'ના ખાસ અંકમાં જનતા પત્રનાં બોર્ડ (સમીતી)ની રચના થઈ. આ સમીતીના અધ્યક્ષ કમલાકાંત વાસુદેવ ચીત્રે હતા, ભાસ્કર રઘુનાથ કદ્રેકર સેક્રેટરી તરીકે જવાબદારી સંભાળતા હતા. સભાસદોમાં સીતારામ નામદેવ શીતવરકર, દીવાકર પગારે, રેવજી, સાવીત્રીબાઈ બોરાડે, શ્રીમતી અંબુતાઈ બોરાડેનો સમાવેશ હતો. ડૉ. આંબેડકરનું પત્રકારત્વ એટલે શોષીતોનો બુલંદ અવાજ.

[ખાસ નોંધ : પ્રોફેસર અરુણ કાંબળેએ 'જનતા' પત્રના લેખોનું સંપાદન કર્યું, જે 2003માં પ્રસીદ્ધ થયું છે. આ પુસ્તક જ્યારે છપાયું હતું ત્યારે તેમના મુંબઈ વીદ્યાપીઠના નીવાસસ્થાને આ પુસ્તકની પ્રસ્તાવના મને વાંચવા આપી હતી. તે વેળા ડૉ. બાબાસાહેબ આંબેડકરના પત્રકારત્વ વીશે ઘણી જાણકારી પ્રાપ્ત થઈ.]

*

## મહાડમાં મનુસ્મૃતી દહન

**બી. કેસરશીવમ્**

તા. 25-2-1927ના રોજ મહાડમાં મનુસ્મૃતી દહનનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. મનુસ્મૃતીના પેલા અમાનવીય, પાશવી શ્લોકોને ફાડીને બાળવામાં આવ્યા હતા. તેને 90 વર્ષનાં વહાણાં વાઈ ગયાં. અનેક સંસ્થાઓ દલીત અને સ્ત્રીઓની જાગૃતી, વીકાસનાં કામો કરે છે છતાં પેલી મનુસ્મૃતીનાં પાનાં આજે પણ ફરફરી રહ્યાં છે. તા. 24-12-16ના રોજ પુનામાં એસ.એમ.જોષી ફાઉન્ડેશનના સભાગૃહમાં મારી આત્મકથા 'પુર્ણસત્ય'ના મરાઠી ભાષાંતરના વીમોચનનો કાર્યક્રમ સાંજે 6-00 વાગે રાખવામાં આવ્યો હતો. તે પહેલાં મારે મહાડ પહોંચવું હતું. તા. 21-12-16ના રોજ સવારે ગાંધીનગરથી નીકળી એ જ દીવસે રાત્રે દોઢ વાગે વડઘર, તા. માણગાંવ, જી. રાયગઢમાં આવેલા સાને ગુરુજી રાષ્ટ્રીય સ્મારક સ્થળે સહકુટુંબ પહોંચ્યો ને ત્યાં રાત્રી મુકામ કર્યો હતો. બીજે દીવસે સવારે સાને ગુરુજી સ્મારકનું મ્યુઝીયમ, ત્યાંનું અનુવાદ કેન્દ્ર વગેરે શ્રી સતીશભાઈ શીરકેએ બતાવ્યું હતું. શ્રી સતીશભાઈ પનવેલથી અમારી સાથે રહ્યા હતા. સાને ગુરુજીએ પંઢરપુરના વીઠ્ઠલ મંદીર પ્રવેશ માટે દસ દીવસના ઉપવાસ કર્યા હતા. તે સમયે ગાંધીજી, વીનોબા, જયપ્રકાશ નારાયણ અને કોંગ્રેસ કાર્યકર્તાઓની ના હોવા છતાં એમણે આમરણાંત ઉપવાસ કર્યા હતા, જે દસ દીવસ સુધી ચાલ્યા હતા. તા. 10-5-47ના રોજ એમણે પારણાં કર્યાં હતાં. ગુજરાતમાં સને 1948માં સ્વ. મુળદાસ વૈશ્યે અમદાવાદમાં મંદીર પ્રવેશનો કાર્યક્રમ કરતાં છેક સુપ્રીમ કોર્ટ સુધી જવું પડ્યું હતું ને અઢાર વર્ષે છેક 1966માં દલીતોની તરફેણમાં ચુકાદો આવ્યો હતો.

સાને ગુરુજીના રાષ્ટ્રીય સ્મારકથી હું સીધો મહાડ ગયો હતો, જ્યાં મનુસ્મૃતીનું દહન કરવામાં આવ્યું હતું. ચવદાર તળાવના પાણીના સત્યાગ્રહ પહેલાં જ્યાં સભા મળી હતી તે સ્થળે આજે ક્રાન્તી સ્તંભ બનાવવામાં આવ્યો છે. માનવવાદ અને માનવતાની વાતો ઘણી થાય છે, તેના પર પુસ્તકો લખાય છે ને સંસ્થાઓ બની જાય છે પણ પ્રત્યક્ષ આંદોલન, સત્યાગ્રહ કે લડાઈ થતી નથી. ચવદાર તળાવમાં પાણી પીધા પછી દલીતો પોતપોતાના ગામે પાછા ફરવાના હતા ત્યાં એવી અફવા ફેલાવવામાં આવી કે હવે દલીતો ત્યાંના બીનદલીતોના વીરેશ્વર મંદીરમાં પ્રવેશ કરવાના છે. આ રીતે ગામ લોકોને ઉશ્કેરવામાં આવ્યા. તેમણે દલીતો પર બેફામ લાઠીઓ ઝીંકવા માંડી. નાનાં બાળકો અને સ્ત્રીઓને પણ છોડવામાં ના આવ્યાં. એમણે બનાવેલી રસોઈ ઢોળી દેવામાં આવી. ડૉ. આંબેડકર પર હુમલો થતાં એક સ્વયંસેવકે તેમને બચાવી લીધા. આ સત્યાગ્રહમાં ભાગ લેનારા દલીતો જ્યારે પોતપોતાના ગામે પાછા ફર્યા ત્યારે તેમને મારવામાં આવ્યા, કેટલાકને મારી નાખવામાં આવ્યા ! તેમનો સામાજીક બહીષ્કાર કરવામાં આવ્યો ! તેમને અનાજ આપવાનો ઈન્કાર કરવામાં આવ્યો. એમને અનેક રીતે પ્રતાડીત કરવામાં આવ્યા. ગાંધીજીને પરદેશમાં ટ્રેઈનમાંથી ઉતારી મુકવામાં આવ્યા હતા. આફ્રીકા અને ઈંગ્લેંડમાં કોઈ ભારતીય પર હુમલો થાય તો તેનો વીરોધ કરવામાં આવે છે. ભારતમાં દલીતો પર અત્યાચાર થાય એ કોઈને દેખાતા નથી ! એ હજુ ચાલુ છે.

ઉનાના મોટા સમઢીયાળા ગામે દલીતોને ગાડી સાથે બાંધી, અર્ધનગ્ન કરી, દંડાથી મારતા બતાવવામાં આવ્યા હતા. દેશ અને દુનીયાએ એ જોયું. આટલાં વર્ષો પછી હજુ આંતરીક આતંકવાદ પોષાઈ રહ્યો છે ! જાણે કાયદો-કાનુન કે લોકશાહી ન હોય ! ગુનેગાર પોતાનો ગુનો ઢાંકવા પ્રયત્ન કરે, અહીં તો જાણે શાબાશી મળવાની હોય એમ ખુલંખુલ્લા જગજાહેર લોકોને બતાવવા વીડીયો ઉતારવામાં આવ્યો ને લોકોને બતાવવામાં આવ્યો, જાણે એમનો વાળ પણ વાંકો

થવાનો ના હોય !

તા. 24-7-16ના રોજ હું તેમના ગામ આ દલીતોની સભા વચ્ચે હતો. તા. 22-12- 16ના રોજ હું ચવદાર તળાવના કીનારે હતો. તળાવ કીનારે જ્યાંથી ડૉ. આંબેડકર અને દલીતોએ પાણીનું આચમન કર્યું તે સ્થળે ઉભો રહી ડૉ. આંબેડકરને લાખ વાર નમન કરતો રહ્યો. ત્યાં ડૉ. આંબેડકર સાથે ઉભેલા દલીતોનું સ્મારક છે. તળાવમાં ડૉ. આંબેડકરની મોટી પ્રતીમા મુકવામાં આવી છે. તેમને નમન કરવા એ દીવસે કોઈ શાળાના વીદ્યાર્થીઓ આવ્યા હતા. પગમાંથી પોતાનાં જુતાં કાઢી, કોઈ દેવ કે ભગવાનને નમન કરે એમ સૌ બે હાથ જોડી પોતાનું મસ્તક નમાવી રહ્યા હતા. કેટલાક મોબાઈલથી ફોટા પાડી રહ્યા હતા. મારા દીકરા ભાર્ગવ અને દીકરી ડૉ. ધરીત્રીએ પણ ઘણા ફોટા લીધા. આજની પેઢીને જુના અત્યાચારોની ખબર ન હતી. જુની પેઢી બધું ભુલવા માગતી હતી ત્યાં જ ઉનાના અત્યાચારે પેલા રુઝાવા આવતા ઘાને ફરી તાજો કરી દીધો છે.

તા. 24-12-16ના રોજ પુનામાં આત્મકથા 'પુર્ણસત્ય'ના વીમોચન ટાણે મેં મારા વક્તવ્યની શરુઆતમાં જ કહ્યું હતું : 'જ્યાં ડૉ. આંબેડકર, જ્યોતીબા ફુલે, સાવીત્રીબાઈ અને છત્રપતી શાહુ મહારાજ જેવાં માનવરત્નો પાક્યાં એ મહારાષ્ટ્રની ધરતીને હું નમન કરું છું. આજે આપની સામે હું સુટમાં ઉભો છું તે ડૉ. આંબેડકરને આભારી છે.'

'શુળ', પ્લોટ નં. 138/2, સેક્ટર 1બી, ગાંધીનગર-382007 (મો) 9898029217

❑

# નવું વાચન




***ઉજળીયાત*** *(વંચીતોની તદ્દન વીસરાયેલી વાર્તાઓ) શંકર પેન્ટર (પ્રતીબદ્ધ લોકદુલારે) : પ્રકાશક - જાસુદ પ્રકાશન, 110, શ્યામ બંગલોઝ વીભાગ-1, આઈઓસી રોડ, ચાંદખેડા, અમદાવાદ-382424, મુલ્ય : 200.*

સાથી શંકર પેન્ટર જાણીતા દલીત કવી છે. એમને રુબરુ સાંભળવા એ એક યાદગાર બીના બની રહે એવું કૌવત તેઓ ધરાવે છે. અહીંની 13 વીસરાયેલી વાર્તાઓમાં પ્રતીરોધ, વેરશમન, શૌર્ય, હીજરત, પરીવર્તન, વૃત્તાંત એમ જુદા જુદા વીષયો કેન્દ્રસ્થાને છે. 'લોકદુલારે' તારસ્વરે કહે છે :

"ઓ દલીત સાહીત્ય કલમવીરો, આપણું દલીત લોકસાહીત્ય કાગડોળે ક્યારનુંયે આપની રાહ જુએ છે ! આપણે કોઈ અફીણ કહુંબાઓ ગળચવા નથી. આપણે કોઈની જુઠી પ્રશંસાઓ કે ભારેખમ ભુંડી ભાટાઈઓ પણ આચરવી જ નથી ! આપણે કોઈને પણ મુરખ બનાવી ગામ-ગરાસો, કોઈના દુઘાળા ઢોરઢાંખરો કે ખળાનો મોલ પડાવવો નથી ! આપણને આપણા ભાગ્યવીધાતા મહામાનવ બોધીસત્વ, વીશ્વરત્ન ડૉ. બાબાસાહેબ આંબેડકરે ચીંધેલી 'દશા અને દીશા' પ્રમાણે આ દેશના સાચા મુળમાલીકો એવા નાગવંશી સમતામુલક માનવતાવાદી સમાજના કલમપ્રહરીઓ છીએ... આપણે સદીઓથી વર્ણવાદ દ્વારા ધર્મ-સત્તાના શોષણખોરોએ આચરેલા દમનો, ત્રાસ અને જુલ્મી યાતનાઓ જ્યાં પણ ધરબાયેલી પડી છે એ વલવલતી વીપતકથાઓનું યોગ્ય ઉત્ખનન કરવાનું છે..."

જાણીતા લેખક - વીવેચક ડૉ. ભરત મહેતાએ 'શંકર પેન્ટરનો ગદ્યલેખનનો મહાવરો એમની કવીતાની જેમ જ કલા અને સામાજીક નીસબતને ભેગાં રાખવાં મથે છે' એમ જણાવીને નોંધ્યું છે :

"દલીત સંગ્રહનું નામ 'ઉજળીયાત' છે એ વીરોધ પણ મહત્ત્વનો છે. ઉજળીયાતો દલીતોની પીડાથી માહીતગાર નથી. આંબેડકર, જ્યોતીબા ફુલેના લખાણો આજે પણ કહેવાતો બૌદ્ધીક વાંચતો નથી ! એવાં સૈદ્ધાંતીક લખાણોના પરીચયમાં ન મુકાતા માણસો આવી વાર્તાઓ દ્વારા દલીત સમસ્યાઓથી વાકેફ થશે. હવે જાગૃતી આવી હોવાથી થયેલ પ્રતીરોધ પણ અહીં નોંધાયો છે. દલીતોની રીબામણી, રોતલવેડામાંથી ગુજરાતી દલીતવાર્તા પ્રતીરોધનો સ્વર પ્રગટાવતી થઈ છે એની પ્રતીતી આવી વાર્તાઓ આપે છે."

શંકરભાઈએ આ સંગ્રહ દ્વારા દલીત સાહીત્યને એક કદમ આગળ લઈ જવાનું કાર્ય કર્યું છે...

***ઉનાકાંડ :*** *સંપાદન : નીલેશ કાથડ, મુદ્રક : બુકપબ, હીંગળાજ માતાનું કંપાઉન્ડ, મનમોહન કોમ્પ્લેક્સની પાછળ, નવરંગપુરા પોલીસ સ્ટેશનની ગલીમાં, અમદાવાદ-380009. મુલ્ય : રુ. 50.*




આ દસ્તાવેજી ગ્રંથના પાને-પાને 'ઉનાકાંડ' શીર્ષક છે; મુખપૃષ્ઠ પર 'ઉનાના ઉના ઉના ની:સાસા' લખાયું છે. ઉના નજીક મોટા-સમઢીયાળા ગામે, પોતાની રોજગારીના ભાગ રુપે, દલીતો મૃત ગાયનું ચામડું ઉતારતાં હતા ત્યારે કહેવાતા ગૌરક્ષકોના નીર્દય અત્યાચારનો ભોગ બન્યા તેની દર્દનાક તપસીલ અહીં સંપાદક અને દલીતકવી નીલેશ કાથડે રજુ કરી છે. કેન્દ્ર તથા ગુજરાતના અનેક અગ્રણીઓએ

ઘટના સ્થળની મુલાકાત લીધી, પરીણામે આ કલંકકથા સ્થાનીક ન બની રહેતાં તેણે રાષ્ટ્રીય મહત્ત્વ ધારણ કરેલું... સંપાદકે પાણખાણ અત્યાચારની વીગત એમના નીવેદનમાં ટાંકી છે; જે દુ:ખદ હકીકત છે અને મન્ટોની 'ખોલ દો !' વાર્તા યાદ કરાવી જાય છે.

ગ્રંથમાં 24 લેખો અને 14 કવીતાઓ છપાયાં છે. આ બનાવ પછી તત્કાલીન સામાજીક ન્યાય અને અધીકારીતા વીભાગના મંત્રી તેમજ ગુજરાતના પ્રથમ મહીલા મુખ્યમંત્રીને હોદ્દા પરથી ફારેગ થવું પડ્યું. આ અગાઉ ગોલાણા હત્યાકાંડ અને સાંબરડાની હીજરતનું વીગતે દસ્તાવેજીકરણ થયું છે. ત્રણ-ત્રણ યુવાદલીતોએ પોલીસના ગોળીબારમાં જાન ગુમાવ્યા, તેનો રીપોર્ટ જાહેર થતો નથી. એક તબક્કે તો ભીનું સંકેલવાની કોશીશ પણ થઈ ! નાની નાની વાતે 'મન કી બાત' કહેતા અને ટ્વીટર કરતા વડાપ્રધાન અંગે ગ્રંથના અંતે વાજબી ટીકા થઈ છે :

**'ને અંતે પણ ખુબ મોડે મોડે** માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીસાહેબ છેક તેલંગણા રાજ્યમાં બોલ્યા. 'દલીતોને નહીં મને ગોળી મારો' આપણે એટલું જ કહેવું છે કે દલીતોને ગોળી મારનારને પકડો અને કાયદાકીય કાર્યવાહી કરો. કારણ કે થાનગઢમાં ત્રણ દલીત યુવાનોને આપની સરકારના સમયે ગોળી મારવામાં આવી હતી. જેનો આરોપી આજેય ફરાર છે. લોહી નીકળતી હાલતમાં ત્રણ દલીતો તરફડતા હતાં ત્યારે આપ થાનગઢથી માત્ર 24 કીલોમીટર દુર સ્વામી વીવેકાનંદની યાત્રા લઈને નીકળ્યા હતાં. આજ સુધી આ હત્યા અંગે આપ એક શબ્દ બોલ્યા નથી. છેક ત્યારે આપે ધારણ કરેલું મૌન આજે ઉનાકાંડ સુધી અકબંધ છે. દલીતો પર થતા અત્યાચાર ટાણે કંઈ પણ ના બોલવાનો આપે લીધેલો ઉપવાસ ક્યારે તોડશો સાહેબ ? અત્યાચારના ઘેરા પ્રત્યાઘાત અને ઉંડી અસર તળે સમય ચુપ રહેવાનો નથી એ આપ પણ જાણો છો.'

હવે તો રુઢીચુસ્ત અને મનુવાદી તત્ત્વો વધુ ને વધુ શક્તીશાળી થતાં જાય છે ત્યારે એનો અંજામ કેવો હશે તેની તો કલ્પના જ કરવી રહી !

**ક્ષણનો ઉત્સવ :** *કુમારપાળ દેસાઈ, ગુર્જર, રતનપોળનાકા સામે, ગાંધીમાર્ગ, અમદાવાદ-380001, મુલ્ય : રૂ. 150.*




માત્ર એક જ પાનાનું ચીંતન નવી કેડીએ લઈ જવાનું કામ કરે છે. સર્જનાત્મકતા પ્રેરે છે, જીંદગીને યાત્રા બનાવે છે, ઘરને ઘર બનાવે છે અને શ્રદ્ધા સાથે સાવચેતી રાખવાની અલબેલ પોકારે છે... ક્ષણને ખરેખર ઉત્સવમાં તબદીલ કરે છે.

***માટીએ ઘડ્યાં માનવી :*** *કુમારપાળ દેસાઈ, પ્રકાશક : ગુર્જર (સરનામું ઉપર મુજબ), મુલ્ય : રૂ. 150.*




અહીં 18 સત્ય-કથાઓનું સુંદર આલેખન થયું છે. દુન્યવી દૃષ્ટીએ સામાન્ય ગણાતાં માનવીઓએ મુશ્કેલીઓમાંથી મક્કમપણે માર્ગ કાઢીને માનવજીવનને સાર્થક કર્યું હોય એમની કથની અહીં ગ્રંથસ્થ થઈ છે. લેખકે આરંભે નોંધ્યું છે :

*"ધ્યેયસીદ્ધી માટે જીવન જીવનારા એવા માનવીઓની અહીં સત્ય-કથા છે કે જેમણે જગતની વર્તમાન પરીસ્થીતીને જુદી દૃષ્ટીએ જોઈ છે અને એના ઉકેલ માટે પોતાનો આગવો માર્ગ અપનાવ્યો છે. આવા માટીએ ઘડ્યાં માણસો આ જગતની ધુળમાં રત્નોની માફક વેરાયેલા છે. એવાં માનવરત્નોની આ કથા છે, જેમણે પોતાના અંતરના અવાજ - Inner Voice - ને અનુસરીને પોતાના હેતુની સીદ્ધી માટે આકરી તપશ્ચર્યા કરીને અંતે સફળતા મેળવી હોય."*

• તમીલનાડુના નારાયણન્ ક્રીશનન્ ગરીબ, ભુખ્યા અને વૃદ્ધોનો સાથી; ફાઈવ સ્ટાર હોટલનો 'શેફ' રસ્તે પસાર થતો હતો. એક વૃદ્ધને પોતાની વીષ્ટામાંથી દાણા ખોળતો જોયો. નારાયણન્ હચમચી ગયો. તરત જ પાંચ ઈડલી ખરીદીને વૃદ્ધની સામે ધરી. ભુખ્યોડાંસ વૃદ્ધ ધ્રુજતા હાથે ઈડલી ખાવા લાગ્યો; આંખોમાંથી કડકડતી ભુખ તૃપ્ત થયાના હર્ષનાં આંસુ વહેવા લાગ્યાં. માતાપીતાના વીરોધ છતાં નોકરી છોડી દીધી. પછી એક નાઈને ત્યાં દાઢી- વાળ કાપવાનું શીખ્યો. માત્ર ભોજન નહીં, નીરાધારો સ્વચ્છ જીવન ગુજારે એવું કામ કર્યું. ચારસો વૃદ્ધોને માત્ર જમાડતો નથી; તેમનું જીવન સંવારે છે. એમનામાં નવી આશા અને હીંમત જગાડે છે. નારાયણન્‌ના જીવન પરથી મલયાલમ ફીલ્મ બની છે, જેને ત્રણ નેશનલ એવોર્ડ મળ્યા છે. હવે એ 'મેન્ટલી ચેલેન્જ્ડ' લોકો માટે કામ શરુ કરશે.

• હરીયાણાનો ચંદગી રામ બાળપણમાં દુબળો-પાતળો હતો. એકવાર એણે બે પાડાને લડતાં જોયા. જે અલમસ્ત પાડો હતો તેને પાતળા પાડાએ હરાવી દીધો ! ચંદગી રામ અખાડામાં જઈને કુસ્તીના દાવ ખેલે એવી એના પીતા માંડુરામની લગીરેય ઈચ્છા નહીં. પરંતુ એના મોટાભાઈનું યુવાન વયે અવસાન થયું એટલે ખુદ પીતા ચંદગી રામ પહેલવાનીમાં નામ રોશન કરે તે માટે પ્રોત્સાહન આપવા લાગ્યા. પહેલીવાર 1968માં તેઓ 'ભારત કેસરી'નો ખીતાબ જીત્યા. પછી તો હીંદ કેસરી, ભારત કેસરી, ભારત ભીમ, મહાભારત કેસરી જેવી બધી સ્પર્ધામાં જીત મેળવીને બીરુદ પ્રાપ્ત કર્યા. અર્જુન એવોર્ડ તથા પદ્મશ્રી જેવા રાષ્ટ્રીય સન્માનો પ્રાપ્ત કર્યા.

હીંમત, સાહસ અને ખમીરથી અશક્યને શક્ય કરનારા વીરલ માનવીઓની આ સત્ય- કથાઓ પ્રેરણાદાયી છે.

***જાહેર વહીવટ :*** *ડંકેશ ઓઝા, પ્રકાશક : આર. આર. શેઠ એન્ડ કં. પ્રા. લી., 'દ્વારકેશ', રૉયલ ઍપાર્ટમેન્ટ પાસે, ખાનપુર, અમદાવાદ-380001. મુલ્ય : રૂ. 110.*




આશરે સવાસો પેજનું આ પુસ્તક, એક નીવૃત્ત સનદી અધીકારી કે જેમણે જાહેર વહીવટ જાણ્યો છે અને નાણ્યો છે; તેની રસપ્રદ વાતોનું અનુભવવીશ્વ પેશ કરે છે. ટાઈટલ પેજની કંડીકાઓ, અવકાશપુરકોથી લઈને એકેએક પાનું ખરે જ રસપ્રદ છે ! શરુઆતમાં જોઈએ કંડીકાઓ :

• *મને કામની કોઈ ચીંતા નથી, ચીંતા જો હોય તો નીષ્ક્રીયતાની છે.*

***- વીન્સ્ટન ચર્ચીલ***

• *ભેગા મળવું એ શરુઆત, સાથે રહેવું એ પ્રગતી, સાથે કામ કરવું એ સફળતા.*

***- હેનરી ફોર્ડ***

• *આજે સુશાસન માટે નીચેની સાત સમસ્યાઓ વીકરાળ રાક્ષસની જેમ મોઢું ફાડીને, હાથ ફેલાવીને, લાલચોળ આંખો સાથે ઉભી છે. આ સમસ્યાઓનો હલ શોધવો તે સુશાસનની પુર્વશરત છે. આ સમસ્યાઓ છે : (1) સીદ્ધી પહેલાં પ્રસીદ્ધી, (2) વીશ્વસનીયતા વીનાનો વહીવટ, (3) આયોજન વીનાનું અમલીકરણ, (4) અંકુશ વીનાનો ખર્ચ, (5) ભય વીનાના ગુનેગારો, (6) જવાબદેહી વીનાનું શાસન અને (7) જાગૃતી અને સક્રીયતા વીનાના નાગરીકો.*

*[તંત્રીનોંધ : ગાંધીજીએ સાત સામાજીક પાપો ગણાવેલાં; આને સાત વહીવટીક્ષેત્રનાં પાપો ગણી શકાય ?]*

***- પ્રવીણ કે. લહેરી***

*પુર્વ મુખ્ય સચીવ, ગુજરાત રાજ્ય*

• *નેતાગીરી એટલે પોતાના ઉદાહરણથી માર્ગ દર્શાવવો.*

***- ભગવદ્ગીતા 3. 21***

• *પદ્ધતી તમને સમય પર જીત મેળવવાનું શીખવાડશે.*

***- જોહન વોલ્ફગેંગ વૉન ગ્યુઈથે***

• *ક્ષમતા અને સત્તા સાથે જવાબદારી તો બંધાયેલી જ છે.*

***- જોશીયા જી. હોલેન્ડ***

• *મારાથી ભુલ થઈ જશે એ વાતે ડર્યા કરવું એ જ સૌથી મોટી ભુલ.*

***- એલબર્ટ હુબાર્ડ***

**દુષ્ટ માણસને જાહેરમાં લાવી દો, તે પ્રામાણીક વ્યક્તીની જેમ વર્તશે.*

***- નેપોલીયન બોનાપાર્ટ***

આ પુસ્તકનું વાચન કરવા માટે કોઈને ઉત્તેજીત કરવા માટે આટલું પુરતું છે... અમસ્તું યે 'નવું વાચન'માં પુસ્તકની સમીક્ષા કરવાનો ઉપક્રમ નથી; એ ક્ષેત્ર વીવેચકોનું છે. અહીં તો પુસ્તકની જ કેટલીક વીગતો પીરસવામાં આવે છે અને 'ફીડ બેક' મળે છે કે કોઈ કોઈ વાચક તેનાથી પ્રેરાઈને પુસ્તક ખરીદે / વાંચે છે... લેખકે કારકીર્દીની શરુઆત સ્ટેનો તરીકે કરી પણ ખુબ જલ્દી સચીવાલયના વીવીધ વીભાગોમાં ગેઝેટેડ ઓફીસર કક્ષાએથી શરુ કરીને ઉચ્ચપદોએ યશસ્વી કામગીરી બજાવી. અંતે 2003માં સંયુક્ત સચીવપદેથી આઠ વર્ષ વહેલી સ્વેચ્છા નીવૃત્તી પસંદ કરી. આજે તો નીવૃત્તી પછી પણ વીવીધ પદે ચાલુ રહી શકાય એ સારુ ઝાંવા નાંખતા અધીકારીઓ ઠેર ઠેર જોવા મળે છે. લેખકે રાજ્યપાલના સલાહકાર, મુખ્યમંત્રી અને ચાર મંત્રીઓના કાર્યાલયમાં પણ ફરજો બજાવી. વીજીલન્સ કમીશનમાં સચીવપદે અને સ્પીપા ખાતે અતી જાણીતા IAS Study Centreના પ્રથમ સંયુક્ત કમીશનર તરીકે તેમજ ગુજરાત સાહીત્ય અકાદમીના મહામાત્રપદે પણ તેઓ રહ્યા છે. આ પુસ્તક લેખકે સહકર્મચારીણી અને સાચા અર્થમાં જીવનસાથી ભારતીબહેનને અર્પણ કર્યું છે. વીદેશપ્રવાસો સહીત દરેક પ્રવાસો અને જાહેર કાર્યક્રમોમાં ઓઝાદંપતી સાથે જ હોય - એવું 'દો જીસ્મ એક જાન' જેવું એમનું દામ્પત્યજીવન છે ! મીઠી અદેખાઈ આવે એવું !

આઈએએસ અધીકારી સુશ્રી સ્વતંત્રકોર સેખોં સાથેનાં બંને અનુભવો રસપ્રદ છે. [લેખકે ઉલ્લેખ કર્યો છે કે રમેશ ર. દવેએ લખેલી નવલકથામાં મહીલા અધીકારીનું પાત્ર આ સેખોં છે; મારી જાણકારી મુજબ દીલીપ રાણપુરા કૃત 'આ કાંઠે તરસ'નું એ પાત્ર હશે.] લેખકની પ્રામાણીકતાએ જ એમના CR બગડવા ન દીધા એવું મારું માનવું છે. આ અંગેના પ્રસંગો પણ સરેરાશ સરકારી અધીકારીઓ વીશેની જનમાનસમાં પડેલી છાપ સુધારે એવાં છે. આપણે ત્યાં પ્રધાનો નહીં, અમલદારશાહી જ વહીવટ કરે છે એનું રહસ્ય મારી સમજ મુજબ 'સચીવાલય' શબ્દમાં છે; મહારાષ્ટ્રમાં એ શબ્દ નથી વપરાતો; ત્યાં એને **મંત્રાલય** કહે છે... 'ઝાઝી વાતે ગાડાં ભરાય !' લેખકનું એક નીરીક્ષણ પુરતું છે :

"તંત્ર અંદરથી પોલું છે. એક તરફ હોવી જોઈએ તેટલી પારદર્શકતા નથી તો બીજી તરફ ગોપનીય રાખવાના ધમપછાડા છતાં ભાગ્યે જ કશું ખરેખર ગોપનીય રાખવા જેવું પણ ગોપનીય રહેતું જ નથી. Confidential કે ખાનગીનો ફ્લેગ ફાઈલ પર લગાવવાની પ્રથા સરકારી કચેરીઓમાં હોય છે. સચીવાલયમાં તે ભરપુર માત્રામાં હતી અને આજે પણ છે. Immediateથી ન ચાલ્યું તો સમયમર્યાદાના ફ્લેગ લાગ્યા અને To dayના પણ લાગ્યા. જે ત્વરાથી કામ હાથ ધરાવું જોઈએ તે માટેની આ બધી સોઈ હતી. પરંતુ તે છતાં પરીણામો વીપરીત પ્રાપ્ત થતાં હતાં. ફ્લેગ જાતભાતના હોય અને ફાઈલો ફરતી જ રહેતી હોય ને તંત્રના પેટનું પાણી હાલતું ન હોય. પછી એકદમ કટોકટીના ધોરણે તેનો ઉકેલ લવાતો હોય જે લાંબાગાળે અપરીપક્વ સાબીત થતો હોય અને તેથી પ્રત્યેક GRને

તેના સુધારાની ભરમાર હોય અરજદાર બાપડાને આંટીઘુંટીની ખબર ન હોય અને એની જાણકારી મર્યાદીત સાબીત થતી હોય ને શસ્ત્રો બુઠાં સાબીત થતાં હોય !"

શંકરસીંહ વાઘેલા મુખ્યમંત્રીપદે લાંબુ ટકયા નહીં, બાકી એમની સરકાર 'ટનાટન' ચાલતી હતી. માત્ર એક જ દીવસમાં ગુજરાતી સાહીત્ય પરીષદને રૂ. 51 લાખની સહાયનો ચેક ત્યારે મળી ગયેલો ! સરકારી તંત્રને ક્યારેક અજગર જેવું તો ક્યારેક અશ્વ જેવું ગણાવાય છે; ઘોડેસવાર કેવો છે - કોણ છે તેના પર આધાર ! પુસ્તકમાં માત્ર 'રસપ્રદ વાતો' જ નથી; અંતરંગ વાતો પણ હોવાથી તે વધુ દીલચશ્પ બન્યું છે !

**સાભાર સ્વીકાર :**

**અંગોર Angor -** કવયીત્રી Jacinta Kerketta, Adivaani, Tulip Apt., 29-A, Ismail Street, 4th floor, Kolkata-700014, Price : R. 200.

**પ્રેમ : જીંદગીનું સરનામું :** દીનેશ દેસાઈ, પ્રાપ્તીસ્થાન : ગુર્જર (સરનામું ઉપર જણાવ્યું છે), મુલ્ય : રૂ. 180.

**પુનરુત્થાન** [આજની પેઢીના ગુમરાહ યુવાન યુવતીઓના માનસને આપતા માર્ગદર્શનની અનોખી કથા] : ડૉ. નવીન વીભાકર, પ્રાપ્તીસ્થાન : ગુર્જર (સરનામું ઉપર જણાવેલ છે), મુલ્ય : રૂ. 200.

**ધ મેયર ઓફ કેસ્ટરબ્રીજ :** લેખક-ટોમસ હાર્ડી, ભાવાનુવાદ : સુરેશ શુક્લ, પ્રાપ્તીસ્થાન : ગુર્જર (સરનામું ઉપર જણાવેલ છે), મુલ્ય રૂ. 80.

**આકાશગંગા - 1 અને 2**, લેખક : અંબાલાલ ચૌહાણ, વીતરક : ગુર્જર (સરનામું : ઉપર જણાવ્યું છે), મુલ્ય : રૂ. 180 અને રૂ. 180.

❑

### સત્ય અને શાંતી

# ન્યુક્લીઅર શસ્ત્રો પર વાતચીત

## સોક્રેટીસ અને પ્રમુખ ક્રીગર

(ડેવીડ ક્રીગરે આ વાતચીતની કલ્પના કરી છે. તેઓ ન્યુક્લીઅર એઈજ પીસ ફાઉન્ડેશનના પ્રમુખ છે. સોક્રેટીસના ચાહક છે અને ન્યુક્લીઅર નીશસ્ત્રીકરણના પ્રખર હીમાયતી છે.)

**સોક્રેટીસ :** ન્યુક્લીઅર શસ્ત્રો શું છે ?

**પ્રશ્ન :** હજુ સુધીમાં મનુષ્યે શોધેલાં શસ્ત્રોમાં સૌથી વધુ વીનાશક શસ્ત્ર છે. ટેક્નોલોજીના વીકાસમાં એ બહુ મોટી સીદ્ધી ગણાય છે.

**સો. :** તમે એનો ઉપયોગ શાને માટે કરો છો ?

**પ્ર. :** અમે એનો ઉપયોગ પોતાના રક્ષણ માટે કરીએ છીએ.

**સો. :** એથી તમારું રક્ષણ કેવી રીતે થાય છે ?

**પ્ર. :** જે કોઈ અમારા પર હુમલો કરે તેની સામે એ વાપરવાની અમે ધમકી આપીએ છીએ.

**સો. :** અને તેનાથી તમારા પર હુમલો કરનાર બીજા લોકો દુર રહે છે ?

**પ્ર. :** મેં હમેશાં એવું વીચાર્યું છે.

**સો. :** તમે એ શી રીતે જાણ્યું કે ન્યુક્લીઅર શસ્ત્રને લીધે જ કોઈક તમારા પર હુમલો કરતાં અટકી ગયું ? કદાચ એમણે કોઈ પણ રીતે તમારા પર હુમલો ન જ કર્યો હોત.

**પ્ર. :** તમારી વાત સાચી હોઈ શકે છે. પરંતુ અમને એમ લાગે છે કે ન્યુક્લીઅર શસ્ત્રોથી અમને વધુ સલામતી મળે છે.

**સો. :** તમે એનાથી વધુ સલામત કેવી રીતે બનો છો ?

**પ્ર. :** જે કોઈ દેશ અમારા પર હુમલો કરે તેનો અમે નાશ કરી શકીએ છીએ.

**સો. :** એવા દેશો છે ખરા કે તમારા પર હુમલો કરવાનું વીચારે ?

**પ્ર. :** હા.

**સો. :** હું ધારું છું કે મીત્ર દેશ તમારા પર હુમલો કરે એવી અપેક્ષા તમે નહીં રાખી હોય અને આમ તમને મીત્રોને ભય પમાડવા માટે ન્યુક્લીઅર શસ્ત્રની જરુર નહીં પડે !

**પ્ર. :** એ સાચી વાત છે.

**સો. :** એટલે માત્ર શત્રુને બીવડાવવા માટે તમને ન્યુક્લીઅર શસ્ત્રની જરુર છે !

**પ્ર. :** હા.

**સો. :** તમે હાલ કયા શત્રુઓને ન્યુક્લીઅર શસ્ત્રોથી બીવડાવો છો ?

**પ્ર. :** ખેર. એ ઉત્તર કોરીઆ છે.

**સો. :** પણ શું ઉત્તર કોરીઆએ એમ નથી કહ્યું કે સમલાતીની ખાત્રી અને વીકાસમાં મદદ મળે તો અમે ન્યુક્લીઅર શસ્ત્રો છોડી દેવા તૈયાર છીએ ?

**પ્ર. :** હા, એણે એમ કહ્યું છે.

**સો. :** બીજા કોઈ શત્રુઓ છે કે ?

**પ્ર. :** હા. ઈરાન છે.

**સો. :** ઈરાન પાસે ન્યુક્લીઅર શસ્ત્રો છે ?

**પ્ર. :** ના, નથી. પરંતુ ભવીષ્યમાં ન્યુક્લીઅર શસ્ત્રો વીકસાવવાની શક્તી એનામાં છે.

**સો. :** તો શું તમારે એમની સાથે ન્યુક્લીઅર શસ્ત્રો વીકસાવતા અટકાવવા માટે, વાટાઘાટ ન કરવી જોઈએ ?

**પ્ર. :** એ વાત સમજાય એવી છે. પરંતુ એમની સાથે વાટાઘાટ કરવી એ કઠીન કામ છે.

**સો. :** આ શસ્ત્રો ખુબ ભયાનક છે. એટલે શું એ પ્રયત્ન કરવા જેવો નથી લાગતો ?

**પ્ર. :** હા. હું ધારું છું.

**સો. :** શું એ સાચું નથી કે કેટલાક દેશો પાસે ન્યુક્લીઅર શસ્ત્રો છે એટલે અન્ય દેશોને પણ તે મેળવવાની ઈચ્છા થાય ?

**પ્ર. :** હા. એ સાચું છે.

**સો. :** શું એ સાચું નથી કે અણુપ્રસારનીષેધના કરારમાં સહી કરવા દુનીયાના બધા દેશો સંમત થયા હતા ? એમણે એમ પણ સ્વીકાર્યું હતું કે તેઓ ન્યુક્લીઅર શસ્ત્રો મેળવશે નહીં અને વીકસાવશે નહીં; તેના બદલામાં ન્યુક્લીઅર શસ્ત્રો ધરાવતા દેશોએ શ્રદ્ધાપુર્વક તે છોડી દેવા વાટાઘાટ કરવાની સંમતી આપી હતી ?

**પ્ર. :** હા. પરંતુ ન્યુક્લીઅર શસ્ત્રો ધરાવતા દેશોએ માત્ર એટલું જ કહ્યું હતું કે ન્યુક્લીઅર શસ્ત્રો ન ધરાવતા દેશોએ આ સંધી-કરારમાં જોડાવું જોઈએ.

**સો. :** એનો અર્થ એ થયો કે ન્યુક્લીઅર શસ્ત્રો ધરાવતા દેશોએ આ સોદામાં પોતાને ભાગે આવતી જવાબદારી પાર પાડવાની ઉત્સુકતા બતાવી નથી ?

**પ્ર. :** ન્યુક્લીઅર શસ્ત્રો છોડી દેવાની અમારી વાત બેજવાબદારીભરી ગણાશે.

**સો. :** પણ તમે એ વાત તો કબુલશો ને કે તમારી પાસેનાં ન્યુક્લીઅર શસ્ત્રો અન્ય દેશોને પોતાનાં ન્યુક્લીઅર શસ્ત્રો વીકસાવવાની પ્રેરણા આપે છે ?

**પ્ર. :** આ વાત બુદ્ધીયુક્ત છે.

**સો. :** બીજા વધુ દેશો ન્યુક્લીઅર શસ્ત્રો વીકસાવશે તો દુનીયા વધુ સલામત બનશે કે ?

**પ્ર. :** ના. તો એ વધુ જોખમકારક બનશે.

**સો. :** તો પછી ન્યુક્લીઅર શસ્ત્રો ધરાવતા દેશોનું એ કર્તવ્ય નથી કે ન્યુક્લીઅર શસ્ત્રો દુર કરવા માટે વાટાઘાટ કરે ?

**પ્ર. :** પરંતુ આતંકવાદીઓ ન્યુક્લીઅર શસ્ત્રો વીકસાવે એમ બને અને તેથી અમારે આતંકવાદ સામે અમારું રક્ષણ કરવું જોઈએ.

**સો. :** શું 9/11ના આતંકવાદી હુમલા સામે ન્યુક્લીઅર શસ્ત્રોએ તમને રક્ષણ આપ્યું ?

**પ્ર. :** ના.

**સો. :** શું તમારા ન્યુક્લીઅર શસ્ત્રો તમને 9/11ના હુમલા સામે રક્ષણ આપી શકત ?

**પ્ર. :** ના.

**સો. :** હજુ તમે ઓસામા બીન લાદેનને શોધી શક્યા નથી. જો આતંકવાદીઓ તમારા પર ન્યુક્લીઅર શસ્ત્રોથી હુમલો કરે તો તમે કોના જોર પર વેર વાળશો ?

**પ્ર. :** મને ખબર નથી.

**સો. :** જો દુનીયામાં ન્યુક્લીઅર શસ્ત્રો ઓછાં હોત તો આતંકવાદીઓને તે મેળવવાની સંભાવના ઓછી હોત એમ બનત ખરું ?

**પ્ર. :** હા.

**સો. :** શું ની:શસ્ત્રીકરણ પાછળનું આ જ કારણ છે ?

**પ્ર. :** હા. પરંતુ બીજા દેશોય ની:શસ્ત્રીકરણ કરવામાં અમારી સાથે જોડાય એ જરુરી છે.

**સો. :** બીજા દેશો તમારી સાથે ન્યુક્લીઅર ની:શસ્ત્રીકરણમાં જોડાય એ શી રીતે બને ?

**પ્ર. :** કોઈકે નેતૃત્વ લઈને વાટાઘાટોનો દોર શરુ કરવો પડશે.

**સો. :** દુનીયાનો સૌથી શક્તીશાળી દેશ આવા નેતૃત્વનો ભાગ ભજવે એ તર્કયુક્ત છે ને ?

**પ્ર. :** હા. હું ધારું છું કે તેમ થશે.

**સો. :** આવા નેતૃત્વમાંથી દુનીયાના સૌથી વધુ શક્તીશાળી દેશને બધો જ લાભ શું નહીં મળે ?

**પ્ર. :** હા. આંતરરાષ્ટ્રીય કાયદાનુસાર તે પોતાનાં કર્તવ્યોને પુરાં કરી શકશે. આમ કરવામાં તે નૈતીક દૃષ્ટીએ ઉચ્ચસ્તર પર બીરાજશે. એને લીધે આતંકવાદીઓના હાથમાં ન્યુક્લીઅર શસ્ત્રો જવાના જોખમને નાટ્યાત્મક રીતે ઘટાડી શકશે.

**સો. :** તો તમે શેની વાટ જોઈ રહ્યા છો ?

**પ્ર. :** મારે ઓફીસમાં તરત પાછા વળવું જોઈએ. હું મારા પક્ષના સભ્યો આગળ આ વીચારો મુકવા ઉત્સુક છું. સોક્રેટીસ આભાર તમારો. તમારી સાથેનું આજનું મીલન કેટલું બધું સુભગ છે !

[નોન-વાયોલન્સ ગ્રંથ 3 અંક : 1 જાન્યુ.-ફેબ્રુ. 2007માંથી, **અનુવાદ : યોગેન્દ્ર પરીખ**] ❑

# ગાંધીવાદ અને મોદીવાદ સામસામે

ફાધર વર્ગીસ પૉલ

ગાંધીવાદની વ્યાખ્યા આપણને સાર્થ ગુજરાતી જોડણીકોશમાં મળે છે. ગાંધીવાદ એટલે 'સત્ય અને અહીંસાના પાયા પર આખી સમાજવ્યવસ્થા અને માનવજીવનની ગાંધીજીએ બતાવેલી દૃષ્ટી કે ફીલસુફી.'

મોદી શબ્દ ગુજરાતી જોડણીકોશમાં છે અને એનો અર્થ થાય છે, 'અનાજ, ઘી, મસાલા વગેરેના વેપારી.' એમાંથી મોદી સરનેમ આવી હશે. પરંતુ 'મોદીવાદ' એવો કોઈ શબ્દ નથી તો એની વ્યાખ્યા જોડણીકોશમાં ક્યાંથી મળે ?

ઈન્ટરનેટમાં મોદીવાદ એટલે Modism શબ્દ મળે છે. પણ એની વ્યાખ્યા નથી. પરંતુ અંગ્રેજીમાં અને ગુજરાતીમાં લખનાર વીદ્વાન વીદ્યુત જોશીનો મોદીવાદ અંગે એક ચીંતનીય લેખ છે. એને આધારે અહીં મોદીવાદની વ્યાખ્યા બાંધવા મથું છું. મોદીવાદ એટલે 'વીકાસ, હીન્દુ હૃદયસમ્રાટ, હીન્દુરાષ્ટ્ર અને ગરીબોદ્ધાર જેવી વાતોથી મેળવેલી સત્તા અને પ્રસીદ્ધીમાં રાચવા સાથે ગમે તે ગુનામાંથી જાતને છાવરવાની કલાવાળા પૉલપોટ, મુસોલીની, સ્ટાલીન અને હીટલર જેવી એકહથ્થા સરમુખત્યારની વીચારધારા કે ફીલસુફી.'

ફક્ત એક જ બાબતમાં ગાંધીજી અને મોદી વચ્ચે સામ્ય છે. બંને ગુજરાતીઓ છે. બીજી કોઈ બાબતમાં બંને વચ્ચે કોઈ સામ્ય નથી. ગાંધીવાદ પાછળ ચોક્કસ ફીલસુફી છે. જ્યારે મોદીવાદ પાછળ ખાસ કોઈ ફીલસુફી કે દૃષ્ટી નથી. કારણ, મોદી માટે એક જ લક્ષ્ય છે, તે છે સત્તા. વીદ્યુત જોશી કહે છે તેમ, 'મોદી માટે એક જ બાબત ધ્યાનમાં લેવાની હોય છે : સત્તા અને વધુ સત્તા.' ('Modi has only one consideration-power, power and more power').

ભલે મોદી ગાંધીવાદને અપનાવવાનો પ્રયત્ન કરતા હોય તો પણ મોદીવાદ કેવી રીતે ગાંધીવાદથી જોજનો દુર છે, તે જ અહીં બતાવી શકાય. ગાંધીજીએ જીવી બતાવ્યું છે કે, માણસનું મહત્ત્વ એની વાતો અને એની જીવનશૈલી વચ્ચેનું અંતર ઓછું કરવામાં છે.

પરંતુ મોદીનું જીવન એવી ઘોષણા કરે છે કે, પોતાની વાતો તથા પોતાના જીવન વચ્ચેનું અંતર સતત વધતું જ રહે છે. વારેઘડીએ મોદી ગરીબો, દલીતો અને આદીવાસીઓ માટે મરી છુટવાની વાતો જોરશોરથી કર્યા કરે છે. પરંતુ એમનું જીવન ઘોષણા કરે છે, 'મને ગરીબો, દલીતો અને આદીવાસીઓ તથા લઘુમતીઓની કોઈ પડી નથી. હું એમને માટે કંઈ કરતો નથી.' એટલે જ મોદીની સત્તા હેઠળ શીક્ષણ, તબીબીસેવા, કુપોષણ, નીરક્ષરતા, બાળમૃત્યુ અને ભુખમરો જેવી મુળભુત બાબતોની અવગણના થાય છે. બીજા શબ્દોમાં કહીએ તો, મોદીત્વ દેશના સર્વાંગી વીકાસની વીરુદ્ધમાં છે. જોકે, 'सब का साथ, सब का विकास'ની વાતો બધેય સંભળાય છે.

મોદી લાખો રુપીયાના સુટ અને વર્ષે દહાડે કરોડો રુપીયાનાં કપડાં પહેરે છે ! મોદીનું વસ્ત્રપરીધાન જાણે અંગ ઢાંકવા પુરતું જ કપડાં વીનાના ગરીબ લોકોની મશ્કરી કરે છે. એની સામે ઈન્ડીયાના કરોડો ગરીબ લોકોને પુરતાં કપડાં ન મળે ત્યાં સુધી ફક્ત કમરે વીંટાળેલા વસ્ત્રથી સંતોષ માનનાર ગાંધીજીની વાત લો.

ખાદીને વીકસાવવામાં ગાંધીજીનો ચોક્કસ હેતુ હતો. ગાંધીજી માટે ખાદી આમ જનતાને સ્વાવલંબી બનાવવાનું સાધન કે માધ્યમ હતું. કપાસની ખેતીથી માંડી પહેરવેશ સુધીનાં કામોમાં અસંખ્ય લોકોનો સમાવેશ થાય છે. કપાસમાંથી પુણી બનાવવી, ચરખાથી કાંતવું, વણવું અને સીવવું - આવાં બધાં કામો દ્વારા એટલે ખાદીના ઉત્પાદન દ્વારા લોકોને સ્વાવલંબી બનાવવાનું ગાંધીજીનું દર્શન હતું. આમાં ગાંધીજીને ખુબ સફળતા મળી. એટલે એમાં એકબાજુ આમ જનતાને રોજીરોટી મળવા લાગી તો બીજી બાજુ ઈન્ડીયાના કપાસથી વીકસાવેલી ઈંગ્લેન્ડની મીલો બંધ થવા લાગી.

સ્વતંત્રતા પહેલાં લોકોને સ્વાવલંબી બનાવવાના ગાંધીજીના દર્શનને સમજ્યા વીના સત્તાના ભુખ્યા લોકો ગાંધીજીનો ચરખો કાંતી રહેલો ફોટો બદલીને ત્યાં પોતાની જાતને બેસાડવાનો હાસ્યાસ્પદ પ્રયત્ન કરે છે ! ફક્ત કમરે વીંટાળેલા ખાદી વસ્ત્રધારી ગાંધી જમીન પર પલાંઠી વાળીને ચરખો કાંતે. પરંતુ મોદી મોંઘાં કપડાંમાં સજ્જ થઈને ફોટો પડાવવા માટે ખાસ તૈયાર કરાયેલા તથાકથીત ચરખાથી કાંતવાનો દેખાડો કરે છે. આનાથી ખાદીનું અપમાન અને અવમુલ્યન જ નહીં પણ ગાંધીજી જેવા બધા ખરા ખાદીધારીઓની અવહેલના થાય છે.

દેખીતી રીતે મોદીનો આચાર ગાંધીજીના વીચારથી જોજનો દુર જ નહીં, પણ બંને વચ્ચે કોઈ લેવાદેવા નથી. મોંઘાં કપડાંમાં સજ્જ વ્યક્તી ચરખાથી કાંતવાનો ફોટો પડાવે ત્યાં આપણને સત્તા અને પ્રસીદ્ધીના ભુખ્યા માણસનું દર્શન થાય છે. ગાંધીજીને પ્રસીદ્ધી અને સત્તાની પરવા નહોતી. એટલે જ મોદીવાદ અને ગાંધીવાદ વચ્ચે કોઈ સામ્ય નથી; ઉલટું, ગાંધીવાદ અને મોદીવાદ સામસામે છે.

ગાંધીજીની એક લગની હતી. તેમણે હંમેશાં પોતાને સાચું લાગ્યું તેનું નીષ્ઠાથી આચરણ કર્યું હતું. પણ એમાં એમનો અહંકાર ન હતો. કારણ, નીષ્ઠાથી કરેલું આચરણ ખુદ ગાંધીજીને પાછળથી ખોટું લાગે તો ગાંધીજી કહી શકતા

કે, 'એ મારી ભુલ હતી.' એટલું જ નહીં પણ પ્રાયશ્ચીત્તરુપે ભુલ બદલ ગાંધીજી ઉપવાસ કરીને પોતાની ભુલ સુધારવાનાં પગલાં પણ લેતા હતા. ગાંધીજીની આત્મકથા 'સત્યના પ્રયોગો'માં આના ઘણા દાખલાઓ અને પુરાવા મળે છે.

ગાંધીવાદના આવા પ્રયોગો સામે નરેન્દ્ર મોદીના આચાર-વીચાર તદ્દન ભીન્ન વાતો રજુ કરે છે. ગુજરાત ખાતે મોદીના મુખ્યપ્રધાન પદ હેઠળ 2002માં ગોધરાકાંડ અને અનુગોધરાકાંડમાં હજારો લોકોની ખુનામરકી થઈ હતી. એમાં એક બાબત પારદર્શક ગ્લાસ જેવી સ્પષ્ટ હતી. અનુગોધરાકાંડમાં અને પછીની ચુંટણીમાં રાજકીય પક્ષે તંત્રને પોતાની તરફેણમાં વાપર્યું છે. પોતાના અધીકાર હેઠળના વીસ્તારોમાં આ કોમી હુલ્લડ અને આતંકી હુમલાને રોકનાર તથા મુસ્લીમોને વંશહત્યાથી બચાવવા મથનાર પોલીસ અધીકારીઓ સામે સખત પગલાં લેવામાં આવ્યા છે ! એમાં પુર્વ IPS અધીકારીઓ કુલદીપ શર્મા અને શ્રીકુમાર જેવા પોલીસ અધીકારીઓને કોર્ટકચેરી દ્વારા મોદી સરકાર સામે લડવું પડ્યું છે; અને તેઓ ન્યાય મેળવી શક્યા છે. એટલે મોદીવાદમાં ગાંધીજી જેવી માફી ને પ્રાયશ્ચીત્તનું નામોનીશાન નથી. ઉલટું, પોતાનો વીરોધ કરનારને ધીક્કારવા અને જમીનદોસ્ત કરવામાં મોદીવાદ આકાશ-પાતાળ એક કરે છે.

આમ જોઈએ તો મોદીવાદ અને ગાંધીવાદ ઘણીબધી બાબતોમાં આમનેસામને છે. ભગવાને કોઈ બે માણસને સરખા સર્જ્યા નથી. એટલે લાખો પ્રયત્ન પછી પણ મોદીજી કદી ગાંધીજી બની ન શકે. કારણ, ગાંધીજીએ પોતાના આચારવીચારથી અને સમગ્ર જીવનશૈલીમાં પારદર્શીતા અને જવાબદેહીતાને ખુબ મહત્ત્વ આપ્યું હતું. જ્યારે મોદીવાદ પારદર્શીતા અને જવાબદેહીતાનો રસ્તો લેશે અને બીજા પાસે લેવડાવશે ત્યારે મોદીવાદ આવકારપાત્ર બની શકશે.

હું ઈચ્છતો પણ નથી કે, મોદીજી ગાંધી બને. પરંતુ ઈન્ડીયાના ચુંટાયેલા પ્રધાનમંત્રી તરીકે હું મોદીજી માટે રોજ પ્રાર્થના કરું છું કે, ગાંધીજીની જેમ મોદીની વીકાસની વાતો અને એમના આચરણ વચ્ચેનું અંતર ઘટતું રહે; અને ઈન્ડીયાની 40 ટકા ગરીબ પ્રજાની આબાદી માટે 'હાર્ડ વર્ક' (સખત મહેનત) કરનાર તરીકે મોદીજી ખરા રાષ્ટ્ર નીર્માણના પ્રણેતા ને નેતા બને.

અંતે મને ગુજરાતના કવીવર ઉમાશંકર જોશીની એક કાવ્યપંક્તી યાદ આવે છે :

**'મોટેરાઓનું નાનપણું જોઈને થાક્યો છું**
**નાનેરાઓની મોટાઈને જોઈને જીવું છું.'**

[સંપર્ક : cissahd@gmail.com]

❑

# પત્ર-સાર

તા. 1-3-2017ના નયા માર્ગમાં લેખ પ્રસીદ્ધ થયા પછી એક ગંભીર અને ચોંકાવનારા સમાચાર વર્તમાનપત્રોમાં પ્રસીદ્ધ થયા છે જેમાં ભારતના મુખ્ય ન્યાયમુર્તી અને સુપ્રીમકોર્ટના વરીષ્ઠ ન્યાયમુર્તી સામેના આક્ષેપો છે. અરુણાચલના પુર્વ મુખ્યમંત્રી કાલીખા પુલની પત્ની સુશ્રી દાંગવીસાઈએ તા. 19મી ઑગસ્ટ 2016ના રોજ શ્રી કાલીખા પુલે આપઘાત કરતાં પહેલાં સાંઠ પાનાની નોંધ 'મારા વીચારો'માં સુપ્રીમ કોર્ટમાં મુખ્ય ન્યાયમુર્તી અને વરીષ્ઠ ન્યાયમુર્તીએ રુશ્વત માગ્યાનો આક્ષેપ કરેલ છે. આ નોંધમાં રાષ્ટ્રપતી સામે પણ રુશ્વત માગ્યાનો આક્ષેપ છે અને તેથી આ આક્ષેપો અંગે સ્પેશ્યલ ઈન્વેસ્ટીગેશન ટીમ મારફતે તપાસ કરવાની ઉપરાષ્ટ્રપતી પાસે માગણી કરવામાં આવી છે. આ ફરીયાદ એટલા માટે મહત્ત્વની ગણવામાં આવે છે કારણ કે શ્રી પુલની પત્ની સાથે નીડર એડવોકેટ પ્રશાંત ભૂષણ અને પત્રકાર યોગેન્દ્ર યાદવ પણ હતા.

આ ઉપરાંત ચાર-પાંચ વરસ પહેલાં સુપ્રીમ કોર્ટની એક કાર્યવાહી દરમ્યાન સુપ્રીમ કોર્ટનાં કેટલાક પુર્વ મુખ્ય ન્યાયમુર્તીઓ અને અન્ય ન્યાયમુર્તીઓ સામેના રુશ્વતના આક્ષેપો અંગે એક બંધ કવરમાં વરીષ્ઠ ધારાશાસ્ત્રી અને દેશના ભુતપુર્વ કાયદાપ્રધાને સુપ્રીમ કોર્ટના પુર્વ મુખ્ય ન્યાયમુર્તીઓ અને અન્ય પુર્વ ન્યાયમુર્તીઓના નામો આપેલ છે જે આજદીન સુધી બંધ કવરમાં જ રહેવા પામેલ છે.

સને 2001માં ભારતના પુર્વ મુખ્ય ન્યાયમુર્તીએ જાહેર રીતે કહેલ કે સુપ્રીમકોર્ટમાં અને હાઈકોર્ટમાં આશરે દસ-વીસ ટકા ન્યાયમુર્તીઓમાં ભ્રષ્ટાચાર પ્રવર્તે છે. સમગ્ર દેશમાં તાલુકા અને જીલ્લા કક્ષાની કોર્ટોમાં ભારોભાર અપ્રામાણીકતાનાં અનેક કીસ્સાઓ બનવા પામ્યા છે. દેશના ન્યાયતંત્ર માટે જનતા અપાર શ્રદ્ધા અને વીશ્વાસ ધરાવે છે ત્યારે આ પ્રકારના વલણને જડમુળથી નાબુદ કરવું જોઈએ.

**- કૃષ્ણકાંત વખારીઆ**

[સીનીયર એડવોકેટ, Email:kgv169@gmail.com]

ગુજરાતના સામયીકો મોટાભાગે શીક્ષીત અને જાહેર જીવનમાં પોતાનું સ્થાન ધરાવતાં લોકો વાંચતા હોય છે. તેમાં હવે એક વાત આગળ તરીને આવે છે કે, આપણે ત્યાં પૈસાપાત્ર અને ગરીબ વચ્ચેનું અંતર ઘણું વધતું જાય છે. વીશ્વબેંકના રીપોર્ટ મુજબ દુનીયામાં અસમાનતાનું સ્તર ગયા 25 વર્ષમાં સૌથી ઉંચા સ્તરે પહોંચી ગયું છે અને એથી

વધારે ચોંકાવનારું એ છે કે, ઓક્સફામના રીપોર્ટ મુજબ ટોચના માત્ર 1 ટકા ધનીકોએ એટલી બધી કમાણી કરી છે કે, 50 ટકા ગરીબોની કુલ કમાણી તેને આંબી શકી નથી. એમાં ગંભીર વાત એ છે કે, અમેરીકામાં આઠ ધનીકો જેમાં બીલ ગેટ્સ, વોરેન બફેટ વગેરે આવે છે તેઓ પાસે અડધા વીશ્વની અને બીજી રીતે કહીએ તો 70 ટકા ભારતીયો કરતાં વધુ સંપત્તી એકઠી થઈ છે. ભારતની રીલાયન્સ કંપનીનો ચોખ્ખો નફો રૂ. 7506 કરોડ નોંધાયેલો છે અને તેની સામે ચીંતાજનક બાબત એ છે કે, વીશ્વના અડધા ગરીબો પહેલાં કરતાં વધુ ગરીબ બન્યા છે.

આ બધી અસમાનતાઓ અંગે વાંચતા ગાંધીજી-વીનોબાજી બહુ યાદ આવે છે. આ અસમાનતાઓ ઓછી કરવા માટે ઘણાં પ્રયત્નો કર્યા, પણ કંઈ થઈ શક્યું નથી તે એક હકીકત છે. તેમાં મહત્ત્વનો ભાગ સરકારની આર્થીક નીતી ભજવે છે એ પણ એક નગ્ન હકીકત છે. આપણા દેશમાં સમાજવાદી સરકાર સાચા અર્થમાં ક્યારેય નથી આવી અને મુડીવાદીઓની મુડી અને સંપત્તી વધે એવી આર્થીક નીતીઓ એક યા બીજા સ્વરુપે ભારતની સરકારોએ કરી છે. અમીર અને ગરીબ વચ્ચેની ખાઈ ઓછી કરવાનું એક સ્વપ્ન વર્ષો પહેલાં જયપ્રકાશ નારાયણ, રામમનોહર લોહીયા, વીનોબા ભાવે, આચાર્ય નરેન્દ્ર દેવ વગેરેનું હતું અને તેઓએ ભગીરથ પ્રયત્નો કર્યા. સરકારની આર્થીક નીતીઓ પણ એવી કરી છતાં એ વીચારોનો અમલ થઈ શક્યો નથી.

સરકારના ઉચ્ચ અધીકારીઓ બધે જ ઠેકાણે પોતાનું વર્ચસ્વ સાબીત કરી રહ્યાં છે અને પ્રજાની સેવા કરવાની ઈચ્છાવાળા સામાજીક સેવકો કંઈ કરી શકતા નથી એ હકીકત છે. વીનોબાજી 13 વર્ષ પગે ચાલીને સમગ્ર ભારતમાં ફર્યા અને હજારો ભુમીહીન ખેડુતોને થોડી ઘણી પણ અપાવી અને જાતમહેનત કરનારા કર્યા. આ બધી બાબતો બહુ મહત્ત્વની હોવા છતાં સરકારી નીતીઓ સરકારના ઉચ્ચ અધીકારીઓ આર્થીક સમાનતા દેશમાં આવે તેમ કરવાને બદલે આર્થીક અસમાનતા જેમની તેમ રહી છે અને રહી શકી છે. તે બધા માટે જવાબદાર હોય તો મહત્ત્વના સરકારી ઉચ્ચ અધીકારીઓ જ છે તેમ માનવું વધારે સાચું છે.

**- સુર્યકાન્ત પરીખ**

[સ્વાતંત્ર્ય સેનાની (મો) 9898003996]

ગુજરાતમાં 2002 પછી બળાત્કાર અને તેમાં પણ સામુહીક બળાત્કાર એ રોગચાળાની જેમ ફેલાઈ ગયો છે. છેલ્લાં ઘણાં વર્ષોથી ગુજરાત ખાતે યૌન શોષણ સંબંધી ગુના રોજબરોજ વધતા રહ્યાં છે. પાટણનો સામુહીક બળાત્કાર, આસારામના યૌન સંબંધી ગુનાઓ, પારુલ યુનીવર્સીટી ખાતે સેક્સકાંડ વગેરે મુખ્ય છે. તેથી નલીયા સામુહીક બળાત્કાર અને સેક્સ રેકેટ માત્ર ગુજરાતમાં હીમશીલાના ટોચકાં સમાન છે. આ તમામ કીસ્સાઓમાં ગંભીર ચીંતાની બાબત એ છે કે, ગુનેગારોને હંમેશા શાસન કરતા પક્ષની ઓથ હતી. લોકવીરોધને પરીણામે તેઓને નસીયત મળી અને જેલ ભેગા કરવામાં આવ્યાં હતા. શાસક પક્ષને મદદ કરતાં અને સંડોવાયેલા બળોએ પ્રત્યેક વખતે પીડીતો વીરુદ્ધ મલીન પ્રચાર ઝુંબેશ ચલાવીને ટેકો આપેલો હતો. અગાઉના ગુનાઓ સ્થાનીક સ્તરના હતા પરંતુ હાલના નલીયા સામુહીક બળાત્કાર કાંડે શાસક પક્ષની પનાહ તળે આચરાતા મસમોટા સેક્સ રેકેટને બેનકાબ કરેલ છે. રાજ્યમાં એક તરફ 'બેટી બચાવો'ના નારા ગુંજે છે ત્યારે વાસ્તવમાં વીવીધ સ્વરુપમાં મહીલાઓનું યૌન શોષણ ચીંતાજનકપણે બેફામ બન્યું છે. હકીકતમાં જોઈએ તો નલીયા કાંડના એક જ અઠવાડીયાના સમયગાળામાં કચ્છના વીવીધ ભાગોમાં યૌન સંબંધી બળાત્કારના અન્ય કીસ્સાઓ પણ બન્યા છે. પ્રથમદર્શીય અહેવાલ નોંધવામાં ઢીલી નીતી અખત્યાર કરાઈ રહી છે. જેને કારણે એમ માનવાને કારણ મળે છે કે, કેટલી હદે રાજ્યમાં વર્તમાન યૌન શોષણને બેરોકટોકપણે છુટ્ટો દોર મળી રહ્યો છે. નલીયા ઘટનાની સૌથી વરવી બાબત એ છે કે આ આખુંય સેક્સ રેકેટ છે તેને કારણે એમ માનવાનું મન થાય છે કે આપણા સૌના માટે ખતરાની ઘંટડી વાગી ચુકી છે. પતી ઘરેથી પરત ફરેલી સ્ત્રી, માતા- પીતાની નબળી આર્થીક સ્થીતી અને તેમાં પગભર રહેવા મથતી સ્ત્રીનું કેવું શોષણ થઈ શકે તેનું આ ભયંકર ઉદાહરણ છે. આધુનીક ટેક્નોલોજી, વીડીયોગ્રાફી અને સોશીયલ મીડીયા પણ મહીલાઓના શોષણમાં કેવી રીતે ઉમેરો કરે છે તે પણ આ કીસ્સામાં જણાઈ આવે છે. એમ કહી શકાય કે, એક નોકરી શોધતી બેરોજગાર યુવતીની કથની એટલે નલીયાકાંડ. નીસબત ધરાવતા નાગરીક મંચે સ્થળ તપાસ કરીને તારણ કાઢ્યું છે કે, સર્વોચ્ચ અદાલતના મુખ્ય ન્યાયાધીશની સીધી નીગરાણી હેઠળ આ સમગ્ર ઘટનાની તપાસ થાય અને વીપક્ષના નેતા તથા નાયબ મુખ્યમંત્રી પાસેથી સીડી મેળવીને સમગ્ર પ્રકરણની તપાસ ત્રણ માસની અંદર લોજીકલ એન્ડ સુધી થાય. નાગરીક સમાજ-મહીલા સંગઠનોએ સાથે મળીને એવી કાયમી સક્રીય વ્યવસ્થા ઉભી કરે કે જેથી આવી ઘટનાઓને દેશવટો આપી શકાય.

**- ગૌતમ ઠાકર**

[અમદાવાદ (મો) 098253 82556]

ભારત ગુલામ હતું ત્યારે ડૉ. બાબાસાહેબની ડીગ્રીઓની કદર કરી અંગ્રેજોએ ગોળમેજી પરીષદમાં ભાગ લેવા માટે એમને આમંત્રણ આપેલું. ગાંધીજી આમરણ ઉપવાસ પર ઉતરેલા. યરવડા જેલમાં હતા અને છઠ્ઠા દીવસે તમામ આગેવાનોના દબાણથી હીન્દુઓમાં દલીતોને સામેલ કરવા ડૉ. બાબાસાહેબે સંમતી આપેલી. યરવડા કરાર મુજબ દલીતોને સમાનતા આપવાની હતી પરંતુ મારા ઘડી ગામમાં હજુ વાળંદો દલીતોના વાળ કાપતા નથી. હજુ પણ ક્યાંક ક્યાંક માથે મેલું ઉપાડવાનું ચાલુ છે. કાનપુરમાં પગરખાં બનાવવાનું મોટું કારખાનું છે તેમાંથી નીકળતો કચરો ગંગામાં પધરાવાય છે તેનાથી અભડાતાં નથી. મને કોઈ સમાજ ભણી દ્વેષ નથી પણ આ આભડછેટ અકળાવે છે.

**– મંગળદાસ કોદરભાઈ વણકર**

[602/2-બી, સેક્ટર-6, ગાંધીનગર]

ડંકેશ ઓઝા સાચું કહે છે : 'શું કરવું તે સમજાતું નથી' (16/2નો અંક). ન સમજાય, બાપલા ન સમજાય... રામ, કૃષ્ણ, બુદ્ધ, મહાવીરથી લઈને દયાનંદ, વીવેકાનંદ મળ્યા તે પણ ભારતને સમજી શક્યા નથી. અહીં ભરી સભામાં જુગાર રમી ધર્મરાજા બની શકાય; ઈશ્વરની શોધ કરતાં તે ન મળે તો ખુદ ઈશ્વર બની શકાય; જીવવું પડે છે પરાણે અહીં - માનવી કેમ બની શકાય ? આટલાં વૈવીધ્યના ભાર તળે દબાઈને કેમ જીવી શકાય ? ઈરોમ શર્મીલાને એકસોથીયે ઓછાં મત મળ્યા; શું ભારતની લોકશાહી હારી છે કે લોકો જીત્યા છે ? ગોવામાં ભાજપાની સરકાર હતી. ચુંટણી થઈ, ભાજપાને 13 અને કોંગ્રેસને 17 સીટ મળી. મતદારોએ તો ભાજપને સત્તા ન સોંપી છતાંયે ગમે તેમ કરીને બહુમતી મેળવી ભાજપે સત્તા કબજે કરી. બંધારણ ગમે એટલું મહાન હોય પણ તેને લાગુ કરનારા પક્ષો સ્વાર્થી હોય ત્યાં આવું જ પરીણામ આવે.

**– કાંતીલાલ છ. ભુત**

[રાજકોટ (મો) 98985 17718]

❑

# ભલે નથી સાજી કરોડ, જગ ભમવાના ઝાઝા કોડ !

**ગાર્ગી વૈદ્ય**

ઓગણીસમી સદીને અંતભાગે બ્રીટનમાં રાણી વીક્ટોરીયાનું રાજ હતું... એક દહાડો એક અજબ સ્ત્રી રાણીને મળવા આવી. પાંચ ફુટ... દોઢ મીટર કરતાંય નીચી, મોટા દાંતવાળી એ સ્ત્રીની વીશેષતા એ હતી કે એણે પોતાની પીઠ પાછળ કમરથી ગરદન સુધી ઢાલ જેવું એક પતરું પહેરી રાખ્યું હતું - જાણે કાચબાની ઢાલ !

રાણીએ તેને આવકારી. એનું સન્માન કર્યું. એને કહ્યું, 'મીસીસ બીશપ ! આપને મળીને મને ખુબ આનંદ થયો છે. આપ અંગ્રેજ પ્રજાના ગૌરવરુપ છો.'

એટલું કહીને રાણી પોતાની આ અજબ મુલાકાતી સામે અહોભાવથી જોઈ રહ્યાં. એમને ખબર હતી કે આ બાઈ અપંગ છે. એની પીઠને ટટાર રાખનાર કરોડ ખખડી ગયેલી છે અને એને ટટાર રાખવા માટે જ એણે પોલાદના પતરાની ઢાલ પહેરી રાખવી પડે છે ! આમ છતાં એવી વીશેષતા એ હતી કે એણે દુનીયાના કેટલાય અગોચર ખુણાઓનો પ્રવાસ કર્યો હતો ! એની અપંગાવસ્થા માત્ર પીઠ પુરતી જ નહોતી, એ અનીદ્રાની દર્દી હતી. લગભગ આખી રાત ઉંઘી શકતી નહીં. એની એકંદર તંદુરસ્તી સાવ નાજુક હતી. વાતવાતમાં શરદી થઈ જાય. તાવ ચડી આવે.

આવી આવી તબીયતે પણ એ અમેરીકા, એશીયા અને જાપાનના અગોચર ખુણાઓમાં ઘુમી વળી હતી. અનેક વખત મોતના મોંમાં જઈ પડી હતી. અનેક વખત જંગલીઓની વચ્ચે સપડાઈ ગઈ હતી. પણ એ કદી હીંમત હારતી નહીં. ઉલટાની, જેમ એની ઉંમર વધતી ગઈ તેમ એની સાહસીકતા વધતી ગઈ.

આ બહાદુર સ્ત્રી એક પાદરીની દીકરી હતી. એનું મુળ નામ ઈઝાબેલા બર્ડ હતું અને એ જ નામે એ વધારે જાણીતી છે.

ઈઝાબેલા નાનપણથી જ નાજુક-તબીયત ધરાવતી હતી, એના પાદરી પીતા દેવળમાં ધાર્મીક વીધીઓ કરાવતા ત્યારે એણે કલાકો સુધી ઉભા રહેવું પડતું. એને કારણે એની કરોડમાં કશીક ગરબડ પેદા થઈ ગઈ હશે એમ લાગે છે. એ કીશોરી વયની હતી ત્યારે કરોડના મુળમાં, કમરની પાછળની બાજુએ ભયંકર દુઃખાવો ઉપડ્યો હતો. ડૉક્ટરે ઑપરેશન કરીને ત્યાંથી 'તાંતણાવાળો ગોળો' શોધી કાઢ્યો ! એ શું હતું એની ડૉક્ટરોને ખબર નહોતી પડી. આજે આપણે કહી શકીએ કે કદાચ એ કૅન્સર નામના રોગની ગાંઠ હશે.

એ ઑપરેશન પછીયે ઈઝાબેલા સાવ સાજી તો કદી ન થઈ. હકીકતમાં, વારંવાર એની કરોડમાં આવી ગાંઠો નીકળતી રહી. વારંવાર એ ઑપરેશન કરાવતી રહી. પણ રોગ કદી મટ્યો જ નહીં. એ પોતાની જાતે પીઠ સીધી

રાખી શકતી નહીં. પોલાદની ઢાલ હમેશાં બાંધી રાખવી પડતી.

આવી અપંગ અવસ્થા હોવા છતાં એની સાહસીકતા નવાઈ પમાડે એવી હતી. એકવાર એ પોતાની માસીને મળવા લંડન ગઈ હતી. શહેરના જાતજાતના ધંધાવાળાઓની જાહેરાતોની પત્રીકાઓનું એક આખું પડીકું એક માણસ એના હાથમાં પકડાવી ગયો. એ જમાનામાં કેટલાક માણસો ધંધાદારીઓનો સંપર્ક સાધીને એમની જાહેરાતોનાં ફરફરીયાં એકઠાં કરીને મુસાફરો કે રાહદારીઓને પહોંચાડવાનું કામ કરતા. જાહેર ખબરના એક એક ફેરીયાના હાથમાં પચાસ-સો પત્રીકાઓનું પડીકું રહેતું. (આપણે ત્યાં પણ કેટલાક અખબારોમાં સેરવીને ફેરીયાઓ ઠેર ઠેર પહોંચાડે છે.)

ઈઝાબેલા આ પડીકું લઈને ઘોડાગાડીમાં પોતાની બાજુએ મુકતી હતી ત્યાં જ એણે ઘોડાગાડીને તળીયે એક બીજું પડીકું જોયું. એ ઉપાડીને જુએ છે તો એમાં એક યોજનાના કાગળ ! અને યોજના જેવી તેવી નહીં - ઈંગ્લેન્ડના પ્રધાનમંડળના એક સભ્યનું ખુન કરવાની યોજના ! ઘોડીગાડીમાં અગાઉ બેસનાર એ પડીકું ભુલી ગયો હશે ! હજુ તો આ પડીકાનું શું કરવું એનો ઈઝાબેલા વીચાર કરતી હતી ત્યાં જ પરદેશી જેવો લાગતો એક માણસ ઘોડાગાડીની પાછળ દોડતો દેખાયો. એણે નજીક આવીને કહ્યું, 'આ ઘોડાગાડીમાં મારું એક પડીકું રહી ગયું છે. આપોને !'

ઈઝાબેલાની સાહસીક બુદ્ધી તરત જ એની મદદે આવી. એણે પેલું જાહેર ખબરોવાળું પડીકું પેલાના હાથમાં આપી દીધું. પછી ગાડીવાળાને કહ્યું, 'ઘોડાની જેટલી તાકાત હોય તે બધી લગાવીને ગાડી દોડાવો ! અને જુઓ, ગાડીને સીધી પાર્લામેન્ટ તરફ લઈ લો !'

ઘોડાગાડી પાર્લામેન્ટ આગળ જઈને ઉભી રહી. ઈઝાબેલા ભાડું ચુકવીને અંદર દોડી. પેલા જે પ્રધાનના ખુનનું કાવતરું થયેલું તેને મળી. કાવતરાખોરોનાં કાગળીયાં એને સોંપ્યાં.

આવી ઈઝાબેલા તેવીસ વરસની થઈ ત્યારે એના દાકતરોએ એને નબળી તબીયતને કારણે હવાફેરની સલાહ આપી. એટલે એણે પીતા પાસે થોડાંક નાણાં માગી લીધાં અને એકલી જ પરદેશની યાત્રાએ નીકળી પડી. આ એની પહેલી વીદેશયાત્રા. એ પછી તો એકલાં એકલાં પ્રવાસ કરવાની એને આદત થઈ ગઈ. આ પહેલા પ્રવાસમાં એ અમેરીકા ગઈ હતી. એ પછી ફરીવાર એક એકલી નીકળી પડી અને વળી અમેરીકા જ પહોંચી. ત્યારે અમેરીકાનો પશ્ચીમ ભાગ લગભગ આખો કોરોધાકોર પડ્યો હતો. ત્યાં કેટલાક રેડ ઈન્ડીયન આદીવાસીઓ, થોડાક શીકારીઓ અને થોડાક ભાગેડુ બહારવટીયાઓ જ રહેતા હતા. સેંકડો કીલોમીટરનાં કુંવારાં વન, પહાડી પ્રદેશો અને રણો વચ્ચે ઈઝાબેલા એકલી ભટકતી હતી.

અમેરીકાના અગોચર પ્રદેશોના આવા રઝળપાટ પછી ઈંગ્લેન્ડ આવીને એણે એક પુસ્તક લખ્યું : 'એ લેડીઝ લાઈફ ઈન રૉકી માઉન્ટન્સ'. પણ એ પુસ્તક પ્રગટ થાય તે પહેલાં તો વળી એને પગે વળગેલો ભમરો ગણગણાટ કરી ઉઠ્યો. એ જાપાન જવા ઉપડી ગઈ.

ઈઝાબેલા જાપાનના નાના નાના ટાપુઓમાં ઘુમવા લાગી. એણે જાપાની લોકોનાં રીતરીવાજ અને જીવનનો અભ્યાસ કરવા માંડ્યો. એણે શોધી કાઢ્યું કે જાપાનના કેટલાક ટાપુઓ પર વસતા લોકો મોટા ટાપુઓના જાપાનીઓ કરતાં જુદી જ જનજાતીના છે !

જાપાનના આવા શોધ-પ્રવાસ પછી ઈઝાબેલા તળ એશીયા પર આવી. અહીં મંચુરીયા, મોંગોલીયા, કોરીઆ વગેરે પછાત અને યુરોપ માટે અજાણ્યા દેશોનો પ્રવાસ કરતી કરતી તીબેટ જઈ પહોંચી. તીબેટ એટલે તો ભેદી દેશ. તીબેટમાં પરદેશીઓ પેસી શકે નહીં. એકવાર પેસે તો ખોવાઈ જાય. આવા પ્રદેશોમાં પણ એ ઘુમી વળી. દરેક ઝીણી વીગત નોંધતી રહી. તીબેટ 'દુનીયાનું છાપરું' પણ કહેવાય છે. એનો કોઈ પ્રદેશ દરીયાની સપાટીથી 12,000 ફુટ (આશરે 3,000 મીટર) કરતાં નીચો નથી. વરસના આઠ મહીના ત્યાં બરફ રહે છે. ત્યાં ફરતાં ઈઝાબેલાએ લખ્યું : 'ઘણી વાર તો મને લાગતું કે હું મરી જ ગઈ છું. પણ મારી નવાઈ વચ્ચે, સવારમાં તો વળી હું જીવતીજાગતી બેઠી થતી !'

આખો તીબેટ વીંધીને એ ભારતમાં આવી. થોડો વખત સીમલામાં રહી. બીજું કોઈ માણસ હોય તો જલદી કલકત્તા જઈને સ્ટીમર પકડે અને ઈંગ્લેન્ડ પહોંચી જાય. પણ ઈઝાબેલા તો સાહસનો જીવ હતી. એણે યુરોપ પહોંચવાનો વીકટમાં વીકટ માર્ગ પકડ્યો. ઉત્તરના પહાડો, અફઘાનીસ્તાનનાં વેરાનો, ઈરાન તથા કુર્દીસ્તાન, તુર્કમેનીયાની લુંટારુ ટોળીઓની વચ્ચે થઈને એ યુરોપ ગઈ !

એટલે જ એને રાણી વીક્ટોરીયાએ સન્માન આપ્યું. એટલે જ ઈંગ્લેન્ડની રોયલ જ્યોગ્રાફીક સોસાયટીએ તેને પોતાની માનદ સભ્ય (ફેલો) બનાવી. આ સન્માન બહુ જ ઉંચું હતું. આ સોસાયટી કદી કોઈ સ્ત્રીને પોતાનું સભ્યપદ આપતી નહીં. ઈઝાબેલા એની પહેલી સ્ત્રી સભ્ય બની ! કરોડ વગરની એક અપંગ સ્ત્રીની કેટલી મોટી સીદ્ધી ! ઈ.સ. 1831થી 1904 દરમીયાન જીવી ગયેલી ઈઝાબેલા બર્ડ-બીશપ અપંગ જનો માટે પ્રેરણાસ્રોત બની છે.

❑

# બધાં ક્ષેત્રોમાં સ્ત્રીનો ગણનાપાત્ર હીસ્સો જરુરી

ઈશ્વર પેટલીકર

પુરુષપ્રધાન સમાજમાં સ્ત્રી અને પુરુષનું જે માનસ ઘડાયેલું છે, તેમાંથી બંનેએ બહાર આવવું પડશે અને નવું કલેવર ધારણ કરવું પડશે. પુરુષ શોષકવર્ગ છે એટલે તે પોતાનું સ્થાપીત હીત ઝટ જતું કરવા તૈયાર ન થાય તો પણ શોષીત સ્ત્રીએ એમાંથી બહાર નીકળવાની જાગૃતી અને સક્રીયતા બતાવવી રહેશે. જો કે પુરુષવર્ગ શોષક હોવા છતાં સ્ત્રી સમાનતાનો નવો વીચાર એ વર્ગના ચીંતક પુરુષોએ રજુ કરેલો છે તે ધ્યાન બહાર જવું ન જોઈએ. સ્ત્રીને જ નહીં, પણ પુરુષને સુધ્ધાં ગુલામ બનાવનાર વર્ગ પણ સ્થાપીત પુરુષોનો હતો તેમ એ ગુલામી નાબુદ કરવાના વીચારની અને આચારની પણ એ જ વર્ગના પુરુષોએ પહેલ કરેલ છે.

ભારતમાં ગુલામી જેવું જ કલંક અસ્પૃશ્યતાનું છે. એને નાબુદ કરવાનો વીચાર પણ એ કલંક પેદા કરનાર સવર્ણ વર્ગના વીચારક પુરુષોથી શરુ થયો હતો. આઝાદી પછી બંધારણ દ્વારા તેને નાબુદ કરવામાં પણ તેમનો અગ્ર ફાળો છે. આથી સ્ત્રીના શોષણને માટે એ જવાબદાર હોવા છતાં તેની મુક્તીમાં તે સાથ નહીં આપે તેમ માનવાને કારણ નથી; પરંતુ જે શોષીત છે, તેણે જ જાગૃતી બતાવી એમાંથી બહાર નીકળવાનો પુરુષાર્થ કરવો પડશે. સમાજના વીકાસનું અને ઉત્ક્રાંતીનું કાર્ય એકપક્ષી પુરુષ કરતો આવ્યો છે. સ્ત્રીને એણે તક ન આપી તે સ્વીકારીએ તેથી હકીકત બદલાતી નથી. પરીણામે કોઈ કાર્યમાં સીદ્ધી મેળવવી, પ્રયત્ન કરવો, તે પુરુષ જ કરી શકે તેવું એ માનતો થયો અને તેને સુસંગત પુરુષાર્થ શબ્દ પ્રયોજાયો છે. સ્ત્રીનો એમાં સમાવેશ થતો હોત તો એ શબ્દ કેવળ નરજાતી સુચક બન્યો ન હોત.

જ્યારે કોઈ વર્ગને કે વ્યક્તીને તક હોતી નથી ત્યારે એની મહત્ત્વાકાંક્ષાનો લોપ થઈ જાય છે. જે વર્ગને સતત ગરીબીમાં રહેવું પડે છે તેની મહત્ત્વાકાંક્ષા, કાર્ય કરવાની ધગશ, ક્ષીણ થઈ જાય છે. તક મળવાથી આગળ વધેલાં હોય છે, તે એ વર્ગ ઉપર એવો આક્ષેપ કરે છે કે તેમનામાં બુદ્ધી નથી, શક્તી નથી, આવડત નથી. સ્ત્રી અંગે પુરુષે છેલ્લી હદનો અભીપ્રાય બાંધી દીધો હતો : એનામાં બુદ્ધી જ નથી. સ્ત્રીની બુદ્ધી પાનીએ !

હીન્દુધર્મની વર્ણવ્યવસ્થાને લીધે અને પુનર્જન્મની શ્રદ્ધાને લીધે, જે શ્રમજીવી વર્ણમાં ગણાયા તે વર્ગે ગરીબાઈને પોતાના પુર્વજન્મનું કારણ માની લીધું. એમનું નસીબ ગરીબ રહેવા લખાયું છે; તે બીજાની ચાકરી અને શ્રમ કરવાનું નસીબ લઈને જન્મ્યા છે. આથી એમને તક ન મળવાથી એ સ્થીતી થઈ તેમ ખ્યાલમાં આવ્યું ન હતું. એક વખત પોતાની ચાલુ સ્થીતી સુધરવાનું નસીબ નથી એમ માનતો થાય એટલે તે તક મેળવવાનો વીચાર ન કરે. પછી મહત્ત્વાકાંક્ષા જન્મે જ ક્યાંથી ? એથી જે તકના સંજોગોવાળા છે તેમને એક પ્રકારની સલામતી મળી ગઈ કે બીજો વર્ગ તેની તકમાં ભાગ પડાવવાનો નથી. પરીણામે હીન્દુ સમાજમાં ઉપલો ગણાતો નાનો સવર્ણ વર્ગ લાભો મેળવતો રહ્યો છે અને મોટો વર્ગ તેનાથી વંચીત રહ્યો છે. હવે તેનામાં જાગૃતી આવી રહી છે; પરંતુ એની ચાલુ સ્થીતી કરતાં થોડીઘણી સુધરે તેમાં સંતોષ માને તેવો અલ્પસંતુષ્ટ છે. હજુ મોટા વર્ગને પોતાની સ્થીતી સુધારવાનો અસંતોષ પણ પેદા થવો બાકી છે.

જે પછાત વર્ગની સ્થીતી છે તેવી મોટે ભાગે સ્ત્રીની સ્થીતી કહી શકાય. પુરુષપ્રધાન સમાજને લીધે તે ગૃહીણી બનવા સર્જાઈ છે તેવું એનું માનસ ઘડાઈ ગયું છે. તે સદીઓથી ગૃહીણીનું એકાંગી કાર્ય કરતી આવી છે અને ગરીબ વર્ગની સ્ત્રીઓ રોજીમાં પુરક થવા શ્રમનું કામ પુરુષના હાથ નીચે કરતી આવી છે. તે બહારના ક્ષેત્રે કામ કરવાની સમાનતા કે આકાંક્ષાનું પરીણામ નથી, પણ ગરીબાઈની લાચારી છે. આથી બહારનું ક્ષેત્ર પોતાનું નથી તેમ સ્ત્રીનું માનસ ઘડાઈ ગયું હોવાથી તેને મહત્ત્વાકાંક્ષા હોય તેવો ખ્યાલ જ નથી. શીક્ષીત સ્ત્રીઓ આજે બહારના ક્ષેત્રે કામ કરતી થઈ છે પણ તેનામાં પુરુષના જેવી મહત્ત્વાકાંક્ષા પ્રગટેલી જોવા મળતી નથી. તે જુની સ્ત્રી કરતાં પોતે શીક્ષીત છે તેટલાથી સંતોષાઈ જાય છે. શીક્ષણ લેવાનો હેતુ મોટેભાગે સારી ગૃહીણી બની શકાય અને લગ્નની તક વધે તે મુખ્યત્વે રહેલો છે.

આજે અભ્યાસ પુરો થયા પછી લગ્ન ન થયું હોય તો છોકરી નોકરી કરતી જોવા મળે છે. માબાપ પણ એ ઘેર નવરી બેસી રહે તેના કરતાં નોકરી કરે તે સારું છે તેમ માનતા થયા છે. સ્ત્રી બહાર કામ કરે તેમાં અઘટીત નથી

તેવું સમાજ સ્વીકારતો થયો છે; પરંતુ મોટાભાગની છોકરીઓ સુખી સાસરું મળે તો લગ્ન પછી નોકરી કરવાની ઈચ્છા ધરાવતી નથી, આર્થીક કારણસર નોકરી કરવી પડે તો કુટુંબની આવકમાં પુરક થવા એ કરવાની તૈયારી બતાવે છે; પરંતુ વખત જતાં કુટુંબની આવક સુધરે તો એ નોકરી છોડી દે છે. એની છોડી દેવાની તૈયારી ન હોય તો પણ પતી કે કુટુંબ તે છોડાવી દે છે. એ અનીચ્છાએ છોડતી હોય તો પણ એને ખાસ દુઃખ થતું નથી અને થોડા વખત પછી એ સુખ માનતી થઈ જાય છે.

કેવળ સામાન્ય નોકરી કરતી સ્ત્રીઓની આ મનોદશા છે તેટલું જ નહીં, પરંતુ ડૉક્ટર થયેલી તેજસ્વી છોકરીઓની પણ તે સ્થીતી જોવા મળે છે. પુરુષ ડૉક્ટરો આખી જીંદગી એ કારકીર્દી ચાલુ રાખે છે તેવું સ્ત્રી ડૉક્ટરોનું જોવા મળતું નથી. આરંભમાં તે યુવક જેટલો ઉત્સાહ અને ધગશ બજાવતી જોવા મળે છે; પરંતુ સમય જાય છે તેમ તે જોમ ઘટતું જાય છે. અમુક ફુલ ટાઈમમાંથી પાર્ટટાઈમ કામ કરતી બંધ થઈ જાય છે તો અમુક સાવ કામ કરતી બંધ થઈ જાય છે. એના મુળમાં કુટુંબને આર્થીક જરુર રહી નથી અને તેને પોતાને પણ બુદ્ધીશક્તી બતાવ્યાનો સંતોષ થઈ ગયો હોય છે. પરીણામે તે ગૃહીણી તરીકે જીવતી બની જાય છે.

જે સ્ત્રીઓ નીવૃત્તીવય સુધી બહારના ક્ષેત્રે કામ કરતી હોય છે, તે પણ તેમાં આગળ વધવા પુરુષ જેટલી મહત્ત્વાકાંક્ષા બતાવતી જોવા મળતી નથી. એમાં તેને મર્યાદા નડે છે, તે સ્વીકારવું રહ્યું. ગૃહીણી તરીકેની જવાબદારી અદા કર્યા ઉપરાંત તેને બહારનું ક્ષેત્ર સંભાળવાનું છે. ઘરની જવાબદારી તેની ગણાય છે તેમાં પશ્ચીમમાં પણ સુધારો થયો નથી. પુરુષ ઘરકામમાં મદદ કરતો હોય તો પણ એનું પુરક સ્થાન છે. મુખ્ય સ્થાન સ્ત્રીનું ગણાય છે. બાળઉછેરની જવાબદારી તેની જ ગણાય છે. બાળકને જન્મ આપવાનું કામ કુદરતે તેને સોંપ્યું છે; પણ એના ઉછેરમાં પુરુષ હીસ્સો આપી ન શકે તેવું નથી. આજે તો પશ્ચીમમાં એકાદ મહીનો ભાગ્યે જ માતા બાળકને પયપાન કરાવતી હોય છે. તે પછી બાળકને દુધ ઉપર ચઢાવી દેવાય છે. આપણે ત્યાં પણ એ સ્થીતી શરુ થઈ છે. આથી માતા એને ઉછેરી શકે તેમ પીતા પણ ઉછેરી શકે.

એ નવી સ્થીતી લક્ષમાં લઈને પશ્ચીમમાં પ્રસુતીની રજા માતાને મળતી હોય તે પીતાને પણ જોઈતી હોય તો મળી શકે તેવી રજાઓ અરસપરસ કરવાની સુવીધા નીયમમાં થઈ છે. પ્રસુતી પછી બાળકની સંભાળ માતા-પીતા વારાફરતી રાખવા માંગતા હોય તો પુરુષને તે રજા મળે તેટલી સ્ત્રીની કપાત થાય. આમ ઘરકામ અને બાળઉછેર બન્ને ક્ષેત્રો સ્ત્રીનાં ગણાયાં છે તે પુરુષનાં પણ એટલાં જ બની શકે તેમ છે; પરંતુ મોટે ભાગે તે સ્ત્રીના જ - પશ્ચીમમાં સુધ્ધાં રહેલાં છે. આથી એ ફરજ અદા કરીને સ્ત્રી બહારનું કામ સંભાળી શકે તો જ લગ્નજીવનનો સુમેળ જાળવી શકે. પરીણામે સ્ત્રી બહારના ક્ષેત્રે ગમે તેટલું કામ કરતી થઈ હોય તો પણ એ માટે ગૌણ કામ છે અને ગૃહીણીનું કાર્ય મુખ્ય છે. આથી તે પુરુષના જેટલી મહત્ત્વાકાંક્ષાથી બહારના ક્ષેત્રે કાર્ય કરતી થઈ નથી. આજની સ્ત્રીને એક રીતે જોઈએ તો બમણી જવાબદારી અદા કરવાની ઉભી થઈ છે. ગૃહીણીનું કામ તેનું ચાલુ રહ્યું છે અને બહારનું કામ તેનું નવું ઉમેરાયું છે. તેથી બહારના ક્ષેત્રે એ હજુ અલ્પ સંતુષ્ટ જોવા મળે છે.

પરંતુ એ સ્થીતીએ બતાવી આપ્યું છે કે કેવળ આર્થીક રીતે સ્વાશ્રયી થવાથી તે પુરુષની સમાન થઈ શકતી નથી. ગઈ પેઢીમાં સ્ત્રી જ્યારે કમાતી ન હતી ત્યારે એવો ખ્યાલ હતો કે આર્થીક રીતે સ્વાશ્રયી નથી એટલે તેને પુરુષથી દબાયેલા રહેવું પડે છે; પરંતુ એ કમાતી થયા પછી પણ સ્થીતીમાં સુધારો થયો નથી. પશ્ચીમમાં સંયુક્ત કુટુંબ ન હોવા છતાં એને પતીથી દબાયેલા રહેવું પડે છે. સ્ત્રીઓ બહારના ક્ષેત્રે કામ કરતી થઈ હોય તો પણ એ કામો જવાબદારીભર્યાં, નીર્ણયાત્મક ઘણાં ઓછાં છે. સ્ત્રીઓનું કાર્યક્ષેત્ર જેમ ઘર ગણાતું હતું તેમ બહારના ક્ષેત્રે પણ અમુક ગણાય છે.

પ્રાથમીક શીક્ષણનું કામ પશ્ચીમમાં સ્ત્રીઓને હવાલે કરવામાં આવ્યું છે. માધ્યમીક શીક્ષણ પણ તેમને હવાલે થશે. આપણે ત્યાં પણ તેનો આરંભ થયો છે. નર્સીંગનું કામ સ્ત્રીનું ગણાય છે. પુરુષ નર્સ હોય તેવો ખ્યાલ કોઈના મનમાં બેસતો નથી. એ જ રીતે ટાઈપીંગનું કામ સ્ત્રીનું ગણાય છે. કારકુનના કાનમાં હજુ પુરુષો છે, પણ સ્ત્રીઓ બહારના ક્ષેત્રે કામ કરતી વધશે તેમ એ પણ તેમને હવાલે થાય તો નવાઈ નહી.

જેમ શ્રમનું કામ બળનું હોવા છતાં તેમાં બુદ્ધીશક્તી બતાવવાની ન હોવાથી તેનું સ્થાન ઉતરતું છે તેમ જે રુટીન કામો છે કે જેમાં વીચાર-શક્તી કે નીર્ણય-શક્તી બતાવવાનાં નથી તે સ્ત્રીને હવાલે કરાતાં જશે. આજે જેમાં જોખમ લેવાનું છે, હીંમત બતાવવાની છે, સાહસ કરવાનું છે, નીર્ણયશક્તી બતાવવાની છે, તેવાં ઉદ્યોગનાં ક્ષેત્રો, વહીવટનાં ક્ષેત્રો, સંરક્ષણનાં ક્ષેત્રો, સંશોધનનાં ક્ષેત્રો વગેરે સમાજનું ચાલક બળ કહી શકાય તેવાં ક્ષેત્રો ઉપર પશ્ચીમમાં પણ

પુરુષોનું એટલું જ વર્ચસ્વ છે, પછી પુર્વમાં હોય તેમાં નવાઈ નથી.

આ સ્થીતી બતાવે છે કે જે કામો ગૌણ ગણાય તેવાં ક્ષેત્રે સ્ત્રીઓ કામ કરતી વધશે તો પણ એમના ગૌણ સ્થાનમાં ખાસ ફેર પડશે નહીં. હા, તેની સાથેના વર્તનમાં જરુર સુધારો થશે. એની સાથે તોછડું અને અપમાનભર્યું વર્તન થાય છે તે સુધરશે. હજુ આપણે ત્યાં કામદારો અને હાથ નીચેના કર્મચારીઓ સાથેના વર્તનમાં ઉપલા અધીકારીઓનું વર્તન પુરતું સુધર્યું નથી. થોડોઘણો સુધારો થયો છે, પરંતુ નોકરીની ગરજ એટલી જ છે, અને બેકારીની સમસ્યા હલ થઈ નથી એટલે તે વર્તન લાચારીથી સહી લેવું પડે છે. પશ્ચીમમાં તે સુધર્યું છે તેમ સ્ત્રીઓ સાથેનું સલુકાઈભર્યું વર્તન પણ જોવા મળે છે. છતાં પુરુષનું વર્ચસ્વ ઘટ્યું નથી. અહીં પણ પુરુષનું વર્તન સ્વમાનભર્યું બદલાશે તો પણ તેની અંદરનો ભાવ ઉંચાપણાનો ચાલુ રહેશે.

એકલદોકલ સ્ત્રીઓએ વીવીધ ક્ષેત્રે પુરુષ જેટલી સીદ્ધી બતાવી છે, પરંતુ પુરુષ તેને અપવાદરુપ માને છે. પુરુષની કક્ષાએ સ્ત્રી આવી શકે નહીં તે માનસ તેનું બદલાયું નથી. અમેરીકામાં હબસીઓએ એવી શક્તી અપવાદ રુપ બતાવી છે પણ તેથી ગોરાઓના માનસમાં તેમના પ્રત્યેના ઉતરતાપણાના ભાવમાં ખાસ ફેર પડેલો જોવા મળતો નથી. ભારતમાં રાજકીય ક્ષેત્રે શ્રીમતી ઈન્દીરા ગાંધીએ જે અનન્ય કહી શકાય તેવું નેતૃત્વ પુરું પાડ્યું છે, તેનો જોટો બ્રીટનની સાતસો વર્ષ જુની લોકશાહીમાં અને અમેરીકાની બસો વર્ષ જુની લોકશાહીમાં મળતો નથી. અમેરીકામાં હજુ કોઈ સ્ત્રી પ્રમુખ થઈ નથી. બ્રીટનમાં શ્રીમતી માર્ગારેટ થેચર પ્રથમ વડાપ્રધાન પદે આવ્યાં છે તે એમના નેતૃત્વની વીશીષ્ટતા કહી શકાય; પરંતુ ઈન્દીરાજીએ એક વખત કારમી હાર પછી ફરીથી તે વધુ બળવાન બનીને સત્તા ઉપર આવ્યાં છે તે નેતૃત્વશક્તીનો દાખલો બીજે મળે તેમ નથી.

ભારતના પુરુષો તે શક્તીનો સ્વીકાર કરવા છતાં એને અપવાદરુપ સ્ત્રીશક્તી તરીકે મુલવે છે. જ્યાં સુધી એવી શક્તી વ્યાપક પ્રમાણમાં ન પ્રગટે ત્યાં સુધી પુરુષમાનસ તેને સહજ ન સ્વીકારે એટલું જ નહીં, પણ સ્ત્રીમાનસ સુધ્ધાં બદલાય નહીં. ઈન્દીરાજીના નેતૃત્વનું ગૌરવ સ્ત્રીઓને વસે તે સ્વાભાવીક છે; પરંતુ એ પણ તેને અપવાદરુપ માને છે. ખુદ ઈન્દીરાજી પણ સ્ત્રીજાતી પ્રત્યે એટલો વીશ્વાસ ધરાવતાં થયાં નથી કે રાજકારણમાં પછાત વર્ગને એ સ્થાન આપવાનું મહત્ત્વ સ્વીકારે છે તેટલું સ્ત્રીવર્ગનું સ્વીકારતાં જોવા મળતાં નથી. પુરુષ જેટલી સ્ત્રી રાજકારણમાં સક્રીયતા બતાવી શકે તેવા એના સંજોગો તેમને લાગતા નથી.

આથી સંસદીય ક્ષેત્રે એમના પક્ષે ઉમેદવારો પસંદ કરવાના હોય છે ત્યારે ઘણી ઓછી સ્ત્રીઓને ટીકીટ મળે છે. અગાઉ કોંગ્રેસમાં સ્ત્રીઓને જેટલી ટીકીટ મળતી તેમાં ઈન્દીરાજીનું નેતૃત્વ હોવા છતાં કોઈ ગણનાપાત્ર સુધારો થયો નથી. બીજાં સાહસનાં ક્ષેત્રોમાં સ્ત્રીનું કામ નહીં તેમ રાજકારણ એ ગંદું ક્ષેત્ર હોવાથી સ્ત્રીનું કામ નહીં તેમ જણાવી સ્ત્રીઓ તેનાથી દુર રહે તેવો મત જોવા મળે છે. જેમણે ભાવી વડા પ્રધાનની ઈમેજ ઉભી કરી છે તે અટલબીહારી બાજપાયીએ સ્ત્રીપાક્ષીક ‘ફેમીના’ના તંત્રી શ્રીમતી વીમલા પાટીલને મુલાકાત આપતાં જણાવ્યું છે કે, રાજકારણ ગંદું ક્ષેત્ર છે એટલે સ્ત્રીઓનું એમાં કામ નહીં. એમનો પક્ષ ભાજપ સ્ત્રીઓને કેમ ઓછું મહત્ત્વ આપે છે તે પ્રશ્નના જવાબમાં એમણે આ મતલબનું જણાવ્યું હતું; પરંતુ રાજકારણ લોકશાહીમાં મહત્ત્વનું ક્ષેત્ર છે. સ્ત્રીઓએ પણ તેમાં પુરતો ભાગ ભજવવો જોઈએ. જ્યાં સુધી સમાજના મહત્ત્વનાં ગણાતાં ક્ષેત્રોમાં સ્ત્રીઓ પુરતા પ્રમાણમાં ભાગ ભજવતી નહીં થાય ત્યાં સુધી સ્ત્રીઓ બહારના ક્ષેત્રે કામ કરતી થશે તો પણ પુરુષની નજરમાં તે સમાન કક્ષાએ વસશે નહીં.

બધા પુરુષો કાંઈ એક સરખી શક્તી ધરાવતા નથી તેમ સ્ત્રીઓ ન ધરાવી શકે તે સમજી શકાય. પરંતુ પુરુષોમાંથી દરેક ક્ષેત્રે કારકીર્દી કાઢવાની મહત્ત્વાકાંક્ષા ધરાવનાર વર્ગ હોય છે. સ્ત્રીઓમાંથી પણ તેવી રીતે મહત્ત્વાકાંક્ષા ધરાવનારી અલ્પ વ્યક્તીઓ છે, તે પુરવાર કરે છે કે તેમનામાં પણ એવી શક્તી રહેલી છે. તકને અભાવે તે આજ સુધી પ્રગટી નથી. તક હોય તો પણ મહત્ત્વાકાંક્ષા ન હોય તો એ પ્રગટી શકે નહીં. પશ્ચીમની સ્ત્રીઓને એ તક વહેલી પ્રાપ્ત થઈ છતાં બહારનાં નાનાં ગણાય તેવાં ક્ષેત્રોમાં કામ કરવાથી તે સંતુષ્ટ રહી છે. એ અલ્પ સંતુષ્ટ માનસમાંથી બહાર નીકળીને તેણે પુરુષનાં વીશીષ્ટ ગણાતાં ક્ષેત્રોમાં અપવાદરુપ ન ગણાય તેવી મોટી સંખ્યાએ મહત્ત્વાકાંક્ષા રાખવી જોઈએ.

[આર. આર. શેઠ પ્રકાશન ‘સ્ત્રીસમાનતાની સમસ્યા’માંથી સાભાર. ઈશ્વર પેટલીકર (જન્મ : 9-5-1916, મૃત્યુ : 2-11-1983)નું આ જન્મશતાબ્દી વર્ષ. ‘લોહીની સગાઈ’, ‘જન્મટીપ’, ‘ઋણાનુબંધ’, ‘ભવસાગર’ વગેરે કૃતીઓ જાણીતી. પેટલીકરનું કહેવું હતું કે, ‘જે સાહીત્યમાં ચીંતન ન હોય તે ચીરંતન બનતું નથી.’ ઉપરોક્ત લેખ આશરે ચાર દાયકા જુનો હોવા છતાં ઉદાહરણરુપ ચીંતનાત્મક હોવાથી રજુ કર્યો છે.] ❑

RNI No. of RNP is 20528/71 Registered under Postal Registration No. GAMC-534/2015-2017 valid upto 31st December-2017 posted on 1st & 16th of Every Month at Amd. PSO. ● નયા માર્ગ ● પ્રકાશન તારીખ : 1-4-2017

# કાવ્યોમાં સાંપ્રત

## યાદ આવો આંબેડકર !

યાદ આવો તમે આંબેડકર !
દેશનું બંધારણ ઘડી અસ્મીતા કરી ઉજાગર;
યાદ આવો તમે આંબેડકર !
આજ મહાત્મા ગાંધી નથી ને નથી તમે,
દશા કેવી અમારી, કોને કહીએ આજે અમે;
તમે તો હતા દીન-દલીતના બેલી ખરેખર,
યાદ આવો તમે આંબેડકર !

અજ્ઞાનનાં તીમીર દુર કરવા વીચારો ઉદાર તમારા,
ઉપેક્ષીતોની પાસે ઉભા રહીને વ્યથા જાણનારા,
સંઘર્ષ કરી ખુમારી થકી જીવી ગયા જીવતર,
યાદ આવો તમે આંબેડકર !

અમારા સૌનાં દીલો મહીં નાદ તમારો ગુંજે છે,
જગત આજ પણ અહોભાવે તમને પુજે છે;
સુવર્ણ અક્ષરે ઈતીહાસે નામ તમારું છે અમર,
યાદ આવો તમે આંબેડકર !

**– દેવજી ત્રી. થાનકી**

[ગાંધીનગર (મો) 96879 23614]

*

## આભાસની આરપાર

સીમ શેઢે,
વગડાની વાટે વાટે,
બીલાડીનાં ટોપની જેમ ફુટી નીકળેલા,
આડંબરી અને આભાસી યોદ્ધાઓ,
પુછે છે, ‘શું છે દેશપ્રેમ’ ?
શું છે, ‘દેશભક્તી’ ?
દેશપ્રેમથી વેગળા વસતા આ મુનીવરો,
આજે ‘દેશપ્રેમ’નો મહામંત્ર ફુંકી રહ્યા છે !
કોઈ તપસ્વીની મુદ્રામાં,
સરોવર તીરે એક પગ પર ઉભા રહેલા બગલા જેમ,
‘દેશભક્તી’નો મહીમા કરે છે !
તખ્તતાજનાં ઈશારે ઈશારે,
અહીંતહીં ત્રીશુળ અને તલવારો વીંઝાય,
શું એ ‘દેશપ્રેમ’ છે ?!
શું સેલારા દેતી સરીતાઓની સહજ ગતીને ધમરોળવી,
શું એ ‘દેશપ્રેમ’ છે ?
શું બાબરી કે
શું દાદરીનાં ભીષણ શોણીતભીના,
ઘટનાક્રમમાં ‘દેશપ્રેમ’ છે ?!
આ ચમનમાં રંગબેરંગી પતંગીયાં,
મુક્ત ગગનવીહારી ભોળાં પંખીડાને
પાંજરે પુરવાં શું એ ‘દેશપ્રેમ’ છે ?!
છાસવારે મધપુડામાં ઉંબાડીયાં કરવાં,
શું એ ‘દેશપ્રેમ’ છે ?!
આજકાલ દેશની હવામાં,
એક નવતર ‘દેશપ્રેમ’ની,
ભગવી પરીભાષા વીકસી રહી છે !!
ભોળા ભીલ્લુઓ,
સાવધાન, સાવધાન.

**– પરબત પરમાર**

[વલ્લભ વીદ્યાનગર (મો) 99781 37576]

*

## આ દેશમાં...

આજસુધી અવનવું થાતું રહ્યું આ દેશમાં,
લોકપણ ગાંડું બની ગાતું રહ્યું આ દેશમાં.

કેટલી માતાઓ, ભગવાનો, વીરો ને મહાદેવો,
એ બધામાં લોક અટવાતું રહ્યું આ દેશમાં.

કેટલા આવીષ્કારો અગ્નીમાંથી થઈ ગયા,
હોમહવનમાં લોક હોમાતું રહ્યું આ દેશમાં.

વાસ્તુ, મુરત, શુકન, ઉપવાસ, બાધા, આખડી,
એ મહીં તો લોક લુંટાતું રહ્યું આ દેશમાં.

વીષકન્યાઓનું સર્જન, આ અધમતા કેટલી,
એવું ઢગલાબંધ સર્જાતું રહ્યું આ દેશમાં.

માનવીને હીન ગણવો, નામ ઈશ્વરનું લઈ,
નીચતાનું કામ પણ થાતું રહ્યું આ દેશમાં.

**– નગીનચંદ્ર ડોડીયા**

[પાટણ (મો) 99245 54878]

❑

‘નયા માર્ગ’ વતી - તંત્રી, મુદ્રક, પ્રકાશક : ઈન્દુકુમાર જાની, નયા માર્ગ કાર્યાલય, ખેત ભવન, ગાંધી આશ્રમની બાજુમાં, અમદાવાદ 380 027.
(ફોન : 27557772) http://nayamarg.wordpress.com ● વાર્ષીક લવાજમ રુ. 150 ● છુટક નકલ રુ. 8 ● ‘નયામાર્ગ’ના નામના ચેકથી મોકલવું.
મુદ્રણ સ્થાન : ચંદ્રીકા પ્રીન્ટરી, મીરઝાપુર રોડ, અમદાવાદ 380 001